સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪


આપણા કૌટુંબિક જીવનની માવજત કરી
આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા
સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-
PUBLICATION : 2ND DATE OF MONTH

# ઘરશાળા

વર્ષ : ૪૦ | સળંગ અંક : ૪૯૦ | અંક : ૧૨ | ફેબ્રુઆરી ૨૦૧૮

## Ahmedabad "World Heritage City"




**Dhavanshi Pundlik Konkatti**
Sheth A. H. Saraswati Vidyalaya

# જે.એન. બાલિકા વિદ્યાલય - શ્રેષ્ઠ શાળાનો પુરસ્કાર



સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત જે.એન. બાલિકા વિદ્યાલય, સારસાપુરની શાળાનો જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અમદાવાદ તરફથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮નો શ્રેષ્ઠ શાળાનો પુરસ્કાર મળ્યો છે.

પ્રથમ નંબર આવવા બદલ સરકાર તરફથી અંકે એક લાખ પૂરાનો ચેક તથા પ્રમાણપત્ર શાળાના ટ્રસ્ટી શ્રી જ્યોતીન્દ્રભાઈ દવે તથા આચાર્યા શ્રી હેતલબહેન શાસ્ત્રીનો જિલ્લા શિક્ષણાધિકારી શ્રી નવનીતભાઈ મહેતાના વરદ્ હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

# શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલયમાં શાળાકીય રમતોત્સવ












# ઘરશાળા

**ફેબ્રુઆરી - ૨૦૧૮**

**વર્ષ : ૪૦ સળંગ અંક : ૪૯૧**



સ્થાપક તંત્રીઓ : **હરભાઈ ત્રિવેદી**
**રઘુભાઈ નાયક**

તંત્રીઓ : **જશીબહેન નાયક**
**જ્યોતીન્દ્રભાઈ દવે**
**સજુભા ઝાલા**

પરામર્શ : **મૃદુલાબહેન ત્રિવેદી**
**અમીતાબહેન પાલખીવાલા**
**અશોકભાઈ સોમપુરા**
**હેતલબહેન શાસ્ત્રી**

લે-આઉટ - ડિઝાઈન : **મનીષ પટેલ**


**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

| લવાજમ : | ભારત | પરદેશ | |
|---|---|---|---|
| વાર્ષિક : | ૧૫૦/- | ૪૦ $ | ૨૫ ¤ |
| આજીવન (૨૦ વર્ષ) | ૨,૦૦૦/- | ૨૦૦ $ | ૧૦૦ ¤ |


**કાર્યાલય :**
**'ઘરશાળા' શૈક્ષણિક માસિક**
**સરસ્વતી વિદ્યામંડળ**
**ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ,**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮.**
**ફોન : ૨૨૯૨૦૫૩૭, ૨૨૯૨૫૫૭૦**
Email : gharashala@saraswatividyamandal.org
website : saraswatividyamandal.org


## અનુક્રમ


| | |
|---|---|
| મારી શૈક્ષણિક વિભાવનાઓ | ડૉ. મોહનભાઈ પંચાલ / ૪ |
| સંપાદકીય | જ્યોતીન્દ્રભાઈ દવે / ૫ |
| સ્મરણયાત્રા | જશીબહેન નાયક / ૬ |
| બાળકની સર્જનાત્મકતાના વિકાસમાં વાલીની ભાગીદારી | ઈશ્વર પરમાર / ૧૨ |
| શિક્ષક સશક્તિકરણ : જાત સાથેના સંવાદને માર્ગે | રવીન્દ્ર અંધારિયા / ૧૫ |
| હેરિટેજ | ઉપેન્દ્ર પટેલ / ૧૭ |
| આઘાત ! | હરિત પંડ્યા / ૧૮ |
| અને વર્ગ તાળીઓના ધ્વનિથી ગુંજી ઉઠ્યો... | ડૉ. ભરત જાદવ / ૧૯ |
| પ્રાકૃતિક સુંદરતાની દિશામાં | નિખિલ બક્ષી / ૨૧ |
| વેસ્ટ મેનેજમેન્ટ : થોડું સરકારી, થોડું સહકારી | કિરણ કાપુરે / ૨૩ |
| હું છું અમદાવાદ | પાલખીવાલા અમિતા મનુભાઈ / ૨૬ |
| વિનિતોને - વિદાયવેળાએ... | હંસાબહેન દેસાઈ / ૩૧ |
| શ્રદ્ધાંજલિ (કાવ્ય) જશવંતસિંહ સોલંકી | સુરેશચંદ્ર ગઢવી / ૩૨ |
| "માર્સીસ" - મંગળ ઉપર વૈજ્ઞાનિકની વિતક કથા | પ્રતિમા દવે / ૩૩ |
| પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન | પાલખીવાલા અમિતા મનુભાઈ / ૩૫ |
| વિદ્યાર્થી આલમ | |
| મારી ઘરશાળા | પંચાલ જહાન્વી / ૪૦ |
| આકાશ | સોલંકી જાનકી / ૪૦ |
| સવાર | શેખ રમશા અબ્દુલ રશીદ / ૪૦ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા / ૪૧ |


## "ઘરશાળા" શૈક્ષણિક માસિક

## લેખક જોગ - વાચકો જોગ

## માહિતી મોકલવા માટે ઈ-મેઈલ

**gharashala@saraswatividyamandal.org**

## વાંચવા માટે

**www.saraswatividyamandal.org/publication**

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

**ડૉ. મોહનભાઈ પંચાલ**

મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી, સહજાનંદ કૉલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## દૂરાનુકૂલન અને તેનાં કારણો


પ્રત્યેક વ્યક્તિ પ્રવૃત્તિમય રહે છે, કેમકે તે થકી તે તેની શારીરિક, માનસિક જરૂરિયાતો સંતોષવાની તીવ્ર ઈચ્છા ધરાવે છે. જોકે બધી જ જરૂરિયાતો સંતોષવાનું હંમેશાં શક્ય બનતું નથી. તેમાં ઘણાં વિઘ્નો આવે છે.

જ્યારે વ્યક્તિની કોઈ જરૂરિયાત લાંબા સમય સુધી સંતોષાતી નથી અથવા તેમાં બાહ્ય અવરોધો ઊભા થાય છે, ત્યારે વ્યક્તિ એક પ્રકારની તીવ્ર મૂંઝવણ અનુભવે છે. અનુકૂલન સાધવામાં તેને નિષ્ફળતા મળે છે, જેને દૂરાનુકૂલન (maladjustment) કહેવામાં આવે છે.

આ પ્રકારના દૂરાનુકૂલનને પરિણામે વિદ્યાર્થીના સામાન્ય વર્તનમાં પરિવર્તન આવે છે, જે તેને તુંડમિજાજી, આક્રમક ભાંગફોડિયો, ચોર, દાદાગીરી કરનારો, ભાગેડુ બનાવી દે છે. તો કેટલાક કિસ્સાઓમાં તે નિષ્ક્રિય બની જાય છે, નખ કરડે છે. અંગૂઠો ચૂસે છે, વાતવાતમાં રડી પડે છે અને મરી જવાના વિચારોમાં ખોવાઈ જાય છે.

દૂરાનુકૂલન થવાનાં વિવિધ કારણો પૈકી થોડાંક નોંધવાપાત્ર છે : ભૌતિક વાતાવરણની પ્રતિકૂળતા; સામાજિક બંધનો અને રીતિરિવાજોનું દબાણ; જૈવિક (biological) અને વારસાગત મનોશારીરિક ખામીઓ; જટિલ માનસિક અને બૌદ્ધિક અક્ષમતાઓ તથા કેટલીક ન સમજી શકાય તેવી પરિસ્થિતિઓ વગેરે ગણાવી શકાય.

માબાપ અને શિક્ષકોએ તેમના સંતાનો કે વિદ્યાર્થીઓને પ્રેમ અને વાત્સલ્યથી ઓળખવા, સમજવા વિશેષ પ્રયાસો કરીને તેમને કઈ અને કેટલી બાબતોમાં અનુકૂલન સાધવામાં મુશ્કેલી પડે છે, તે શોધીને તે દૂર કરવા કે હળવી કરવા મથવું જોઈએ. જો તેમ ન થાય, તો તેઓ દૂરાનુકૂલનની સ્થિતિમાં મુકાઈ જાય છે. પરિણામે તેમનું અધ્યયનકાર્ય ઠીકઠીક પ્રમાણમાં કથળે છે.



# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે

## વાલી અને શાળા સંચાલક - હિતશત્રુ કે હિત રક્ષક ?

*છેલ્લા ત્રણ ચાર મહિનાઓથી ગુજરાતમાં વાલીઓ અને શાળા સંચાલકો આમને સામને આવી ગયા છે. વિવાદ હવે સર્વોચ્ચ અદાલત સુધી પહોંચ્યો છે. શિક્ષણજગતમાં કડવાશ અને સંઘર્ષનું વાતાવરણ સર્જાયું છે.*

*આપણે સૌ જાણીએ છીએ કે શિક્ષણના ચાર મહત્ત્વના અંગો વિદ્યાર્થી-શિક્ષક-શાળા (સંચાલક) અને વાલી. ચાર અંગોમાં વિદ્યાર્થી કેન્દ્ર સ્થાને હોવો જોઈએ કારણ કે સમગ્ર વ્યવસ્થા વિદ્યાર્થી માટે છે. આ ચાર અંગો વચ્ચે એકસૂત્રતા-સમન્વય અને સહકાર શિક્ષણ વ્યવસ્થા માટે ખૂબ જ જરૂરી છે.*

*આજના વિવાદના મૂળમાં શિક્ષણનું વેપારીકરણ છે. વાલી અને શાળા (સંચાલકો) વચ્ચે ગ્રાહક દુકાનદાર જેવા સંબંધો અસ્તિત્વમાં આવ્યા છે. સમગ્ર શિક્ષણમાં ફી જ એક માત્ર અગત્યનું પરિબળ હોય તેવી માનસિકતા વેપારીકરણને આભારી છે. શાળા એ શિક્ષણનો વેપાર કરે છે માટે વળતર અને નફો અગત્યના છે તેવી માનસિકતા વાલીઓ અને સંચાલકોની છે. આ એક માત્ર મુદ્દા ઉપર શિક્ષણજગત કલુષિત થયું છે.*

*વાલીઓની માનસિકતા એવી છે કે ઉચ્ચવર્ગના, શ્રીમંતના બાળકો ભણતા હોય તે શાળા સારી. સારી શાળા માટેની સમજ વાલીઓમાં ઓછી છે. પરિણામે ફી-પરીક્ષા અને માર્ક્સ આ ત્રણ જ પરિબળો વાલી માટે અગત્યના બની રહ્યા છે.*

*સામે પ્રશ્ને વેપારી સંચાલકો બજાર આધારિત શાળાઓ તરફ અભિપ્રેત થયા છે. બાળકોના સર્વાંગી વિકાસ, મૂલ્ય નિષ્ઠ શિક્ષણ, જીવનલક્ષી કેળવણી અને નાગરિક ઘડતર જેવા શિક્ષણના મૂળભૂત હેતુના સ્થાને બાહ્ય દેખાવ વધુ, શૈક્ષણિક સિદ્ધાંતોની અવગણના, ખર્ચ ઓછો અને નફાકારકતાને વધુ પ્રાધાન્ય પરિણામે શિક્ષકોનું શોષણ, વાલીઓનું શોષણ અને વિદ્યાર્થીઓના જીવનલક્ષી કેળવણી તરફ ઉદાસીનતા જેવી પરિસ્થિતિ શિક્ષણમાં વેપારીકરણને કારણે ઉભી થઈ છે.*

*શિક્ષણની બાબતમાં રાજ્ય સરકારની સમજ ઓછી અને રાજકીય લાભ મેળવવાની વૃત્તિ કાયમ રહી છે. પરિણામે સરકારને પ્રશ્ન વધુ ગૂંચવાય અને બંને પક્ષો સરકારને શરણે આવે તે પરિસ્થિતિ વધુ અનુકૂળ રહે તે સ્વાભાવિક છે. ફી નિર્ધારણ કાયદો અને પછી અમલમાં ઉભા થતાં ગૂંચવાડા તેમજ પ્રશ્નો સરકારના ઈરાદાઓને સ્પષ્ટ કરે છે. બે બિલાડીના ઝગડામાં વાંદરાની ભૂમિકા સરકારને ફાયદાકારક જ રહેવાની.*

*ઉપરોક્ત પરિસ્થિતિમાં દરેક શાળાના વાલીમંડળો અને શાળા સંચાલકો સાથે બેસીને પોતાની શાળાનો પ્રશ્ન ઉકેલે તે વધુ ઈચ્છનીય છે. રાજ્યકક્ષાનું વાલીમંડળ એકસૂત્રતાથી પ્રશ્નનો ઉકેલ હલ નહીં કરી શકે. રાજ્ય કક્ષાના વાલીમંડળમાં કેટલાંક એવા તત્ત્વો ભળશે જે વાલી ઓછા અને રાજકારણીઓ વધુ હશે. આવા તત્ત્વોને પ્રશ્નના ઉકેલ કરતાં પ્રશ્ન સળગતો રહે તેમાં જ રસ હોય તે સ્વાભાવિક છે.*

*અમારી સમજ એવી છે કે શાળા કક્ષાએ વાલી મંડળો સાથે બેસીને પ્રશ્ન ઉકેલે. વાલી સમિતિની જોગવાઈ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટમાં છે. કમનસીબે આ વાલી સમિતિ શાળા કક્ષાએ અસરકારક અને સક્રિય નથી. આ અંગે વાલીઓએ જાગૃત થવાની જરૂર છે. વાલી અને શાળાના સંબંધો પરસ્પર વિશ્વાસના સંબંધો છે. આ સંબંધોમાં જેટલી નિખાલસતા, ખુલ્લાપણું અને પારદર્શકતા હશે તેટલી ઘનિષ્ટતા વધશે.*

*આ સમજ અને વિચારને ધ્યાનમાં રાખી મુ.શ્રી. હરભાઈએ શાળાનું નામ અને માસિકનું નામ "ઘરશાળા" રાખ્યું હતું. આ સમજ આપણા સૌમાં વિકસે તેવી પ્રાર્થના.*

## સ્મરણયાત્રા

**જશીબહેન નાયક**

**મૈત્રી સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.**

## એક કદમ આગળ : સંસ્થાનો માઈલસ્ટોન

"આ શાળાને પુનર્જીવન મળે અને ખાસ કરીને આર્થિક રીતે પગભર થાય ત્યાં સુધી આપણે ખાસ કારણ સિવાય સંસ્થાનો કેમ્પસ્ છોડવો નહિ. એટલે કે સરસપુર અને શહેરને જોડતો રેલવેનો કાળુપુર પુલ ક્રોસ જ ન કરવો. જેથી સંસ્થાના વિકાસ માટે કાર્યરત રહેવાય. આપણાં મનને આપણે એવું વચન આપીએ."

રઘુભાઈનો આ વિચાર, આ વાત, મને કાયમ યાદ રહી છે. શાળાનાં દરેક કામકાજમાં એમના વિચારો સાંભળતી અને સમજતી, અને મારી સમજણ પ્રમાણે કામ કર્યા કરતી હતી. વળી એમનાં વિચારો અને યોજનાઓ મારાં ક્યારે બની જતાં એની મને જ ખબર રહેતી નહિ.

અમારાં શરીર જુદાં હતાં; પણ મન અને વિચારોમાં સામ્ય અને ઐક્ય કાયમ રહેતું. ફરક માત્ર એટલો લાગતો કે રઘુભાઈને જે કામો સહજ લાગતા; એ જ કામોમાં શરૂ શરૂમાં મારે થોડો પ્રયત્ન કરવો પડતો. પણ મારા કામમાં (સમજણ ઊભી થયા પછી) સાહજિકતા અને ઝડપ આવી જતાં.

અમારું કામ આવી રીતે આગળ ધપતું. નવા વિચારો અને જુદા જુદા પ્રયત્નોથી આગળ ધપવાનું ચાલું હતું. અમારા કામની પ્રતિષ્ઠા હવે લોકોમાં જામવા લાગી. અમારા કામનો પરિચય લોકોને થવા લાગ્યો.

એક ગૃહિણી તરીકે એક વાતની મુશ્કેલી હું વારંવાર અનુભવતી અને તે હતી આર્થિક તકલીફ. ઘર ચલાવવામાં આર્થિક ભીડ મને મૂંઝવતી. મન મૂંઝાતું હતું, પણ હવે સંસ્થામાં એ બાબતનો સુધારો થયો છે એવું મને લાગ્યું. એવા વિચારે એક વખત રઘુભાઈને મારાથી પૂછાઈ ગયું કે

"હવે સંસ્થાને આર્થિક રીતે થોડી સગવડ થવા લાગી છે તો આપણે પગાર ભલે થોડો, પણ લઈ શકીએ કે નહિ ?" મારા મોં પરના ભાવો જોઈને એ મૂંઝવણ સમજી ગયા. મારી મૂંઝવણ એમના ખ્યાલ બહાર કંઈ ઓછી જ રહે ? રઘુભાઈ ખડખડાટ હસી પડ્યા. જાણે મારા મનનો ભાર ઓછો કરવા મથતા હતા. હસતાં હસતાં મારા માથા પર હાથ મૂકીને મારું મન હળવું કરવા કહે કે....

"બસ થાકી ગયાં ? હજુ તો મંઝિલ દૂર છે, હોં." મને સમજાવવા લાગ્યા. "જ્યારે આપણે આ શાળા લીધી ત્યારે જે પૈસા લોન તરીકે જેમના જેમના લીધા છે એમાંથી બે જણનાં ડૉ. ગાંધી અને ડૉ. છોટુભાઈને પૈસા તો વારાફરતી હપ્તામાં અપાઈ ગયા છે. હવે રૂ. ૧૦,૦૦૦ શેઠ શાંતિલાલ મંગળદાસના આપવાના બાકી છે અને તે પણ આપવા જવાના છે. શેઠ શાંતિલાલને મળવા જવાનો સમય પણ મળી ગયો છે. બસ એ ૧૦,૦૦૦ આપી દેવાય પછી તમારી વાત વિચારીશું."

**એક મુલાકાત - અણધારી ભેટ :**

નક્કી થયેલા સમયે અમે જહાંગીર વકીલ મિલમાં શેઠ શાંતિભાઈને મળવા એમની ઑફિસમાં પહોંચ્યા. મિલના કોઈ જવાબદાર ભાઈ અમને એમની ઑફિસમાં લઈ ગયા. ઑફિસમાં પ્રવેશતાં જ મારા મનમાં વિચાર વીજળીવેગે ઝબકી ગયો. ક્યાં સરસપુરનો ગરીબ અને પછાત લત્તો અને ક્યાં આ સરસ મજાની એર કન્ડિશન્ડ ઑફિસ ? પણ એ વિચાર આવ્યો ના આવ્યો ત્યાં જ અવાજ સંભળાયો, એ હતો શેઠ શાંતિભાઈનો અવાજ.

"આવો આવો રઘુભાઈ ! બેસો. મારું શું કામ પડ્યું ?" નમસ્કાર કરીને એમના ટેબલ સામેની બે ખુરશીમાં અમે બેઠાં."

"અમે અમારા માથા ઉપરથી એક બોજો હળવો કરવા આવ્યાં છીએ." સરસપુરમાં એક શાળા સરસ્વતી વિદ્યાલય જ્યારે શરૂ કરી ત્યારે આપની પાસેથી રૂ. ૧૦,૦૦૦ની લોન લીધી હતી. આપે એ કદી યાદ કરીને લોન પાછી માંગી નથી. પણ હું પૈસા લઈને આવ્યો છું - બસ એ જ કામ હતું." રઘુભાઈએ કહ્યું. એમ કહીને રૂ. ૧૦,૦૦૦નો ચેક એમની સામે મૂક્યો.

શેઠ શાંતિલાલ આમ તો સ્વભાવથી બહુ ગંભીર. ભાગ્યે જ હસતા જોયા હશે. પણ કોણ જાણે કેમ ? આજે એકાએક ખડખડાટ હસી પડ્યા. મુક્તમનથી હસતાં હસતાં કહે કે "રઘુભાઈ ! સાંભળો. એક વાત કહુ." ફરી હસી પડ્યા. "મારે એક ખાસ વાત તમને કહેવાની છે. આજ સુધી જેટલા લોકો મારી પાસેથી નાની કે મોટી લોન માગીને લઈ ગયા છે - તેમાંના કોઈએ કંઈક બહાના કાઢીને પૈસા પાછા આપ્યા નથી. આજે મને ખાતરી છે કે તમારી જગાએ બીજું કોઈ હોત તો પૈસા પાછા આપવા ન આવત. પૈસા પાછા તો ન આપત પણ મનમાં ને મનમાં જ જવાબ શોધી લેત કે "આ દસ હજાર રૂપરડીનો વળી મિલમાલિકને શું હિસાબ ?" પાછા હસ્યા, "બોલો આવું બને કે નહિ ?" અમે બંને તો ચૂપ જ રહ્યાં." તમે સીધા માણસ છો. પૈસા લીધા એટલે પાછા આપવા જ જોઈએ એવા તમારા વિચારો ઉમદા છે. સમજી શકું છું. આ યુગમાં આવા વિચારો ભાગ્યે જ જોવા મળે. પણ.. મારી વિનંતી છે કે 'આ ચેક પાછો લઈ જાઓ, આ પૈસા સંસ્થામાં જ રાખો અને તમને જે રીતે સંસ્થાના વિકાસમાં વાપરવા યોગ્ય લાગે તેમ વાપરો. મને વિશ્વાસ છે કે તમે યોગ્ય કામમાં જ વાપરશો. તમારી વિવેકબુદ્ધિ ઉપર મને સંપૂર્ણ શ્રદ્ધા છે. વિકાસમાં જે જરૂરી લાગે એ પ્રમાણે કરજો. તમે મજૂરોના બાળકો માટે જે કામ કરી રહ્યાં છો — ખરી રીતે તો એ કામ અમારું કહેવાય. મિલમાલિકોએ આ શાળા ચલાવવી જોઈએ સમજ્યા ?"

શેઠ કાંતિલાલની આ વાત સાંભળતા જ એકાએક મારા મનમાં વિચાર આવ્યો. મારાથી બોલાઈ ગયું. "હા, શાંતિભાઈ, મિલમાલિકોએ આવી શાળાઓની જવાબદારી લેવી જોઈએ - એ વાત તમારી ૧૦૦ ટકા સાચી. પણ મને સાથે સાથે એવો પણ વિચાર આવે છે કે મજૂરોના નેતાઓ, માત્ર મજૂરોના પગારનો જ વિચાર કરે છે. પણ મજૂરોના બાળકોનો વિચાર કરતા નથી એ બીજી કમનસીબી છે. કેળવણી આપવી - એ એક કાયમી કામ છે. મજૂરોમાં રસ - લેનારાઓએ આજ સુધી આવી પરમેનન્ટ સંસ્થાનો વિચાર પણ કર્યો નથી. બિચારાં બાળકો ક્યાં રખડે છે ? રીસેસ પડે એટલે પોતાના માતા-પિતાને રોટલો આપવા જાય. છાપાંઓ વેચે - મેલાંઘેલાં કપડાં પહેરીને રખડે - આ દૃશ્ય કોઈને ય કેમ નહીં દેખાતું હોય ?" મારાથી વાતોમાં ભાગ લેવાઈ ગયો.

"જશીબેન તમારા અવાજમાં જે અનુકંપા છે - તમારી વાતમાં જે સત્ય છે એ વાત મારા મનને સ્પર્શી જાય છે. મજૂરોના બાળકોને સૌ ભૂલી ગયા. વર્ષોથી તે બાળકો જે રીતે જીવન જીવે છે — એનો વિચાર - કોણ કરે છે ?" શેઠ શાંતિભાઈના અવાજમાં પણ અકળામણ હતી.

"રઘુભાઈ ! તમારી સંસ્થા આગળ જરૂર વધશે. તેવો વિશ્વાસ મને છે. રખડતાં, રઝળતાં, મેલાં-ઘેલાં બાળકો ડૉક્ટરો, ઈજનેરો થાય, વેપારી થાય એવું કામ તમે કરવાના છો." થોડીવાર તેઓ શાંત થઈ ગયા. કંઈક વિચારમાં પડી ગયા. થોડીવાર પછી કહે કે, **"આ તમારા જેવા કંઈક દંપતીનું કામ અને વિચારો સાંભળ્યા પછી મને લાગે છે કે તમે અપવાદરૂપ છો. સફેદ ઝભ્ભામાં ઘણાં મિશનરીઓને કામ કરતા જોયા છે. એવા મિશનરીઝને અમે સૌ માન-પૂર્વક જોઈએ છીએ. તમે એવો લાંબો સફેદ ઝભ્ભો નથી પહેર્યો એટલો ફરક છે; પણ તમારામાં પણ એવો જ સ્પિરિટ છે. ફરક માત્ર એટલો છે કે તેઓ ધર્માન્તર કરે છે - ત્યારે તમે માત્ર કેળવણીનાં ક્ષેત્રે જ કામ કરીને આ પાછા પડી ગયેલા બાળકોનું ભાવિ સુધારી પ્રકાશને પંથે લઈ જાઓ છો જે કાયમી અને પાયાનું કામ છે." તેમના અવાજમાં કોમળતાના ભાવોનો પાર ન હતો.**

રઘુભાઈ કહે, "ચાલો આપણે હવે શાંતિભાઈનો સમય બહુ લીધો. એમને માથે પણ કામનો બોજો ઘણો છે."

અમે બંને ઊઠ્યાં અને નમસ્કાર કર્યાં. એના પ્રતિભાવરૂપે એમણે કહ્યું, "નમસ્કાર મારી શુભેચ્છા છે - પણ સંસ્થા માટે મારી મદદની જરૂર પડે તો બોલાવજો. હું જરૂર એ લત્તાના બાળકોમાં રસ લઈશ. હા, પણ રઘુભાઈ યાદ છે ? મ્યુનિકમાં તમે પીવડાવેલી તમારા રૂમમાં - એવી કૉફી પીવા તો જરૂર બોલાવી શકો હો." ફરી અરસ-પરસ નમસ્કાર કરીને અમે બહાર નીકળ્યાં. શાંતિભાઈને આજે મ્યુનિકનું મિલન યાદ આવી ગયું. આમ અમારી તે દિવસની મુલાકાત સુખદ નીવડી. ....
(અમારી વાતો)

**વ્યક્તિમાંથી મંડળની શાળાનો ઉદય :**

આજે રવિવાર હતો. અમારા પ્રિય પેલા ઘટાદાર લીમડાના વૃક્ષ નીચે જૂના બાંકડા પર બેસીને રઘુભાઈ કંઈક લખી રહ્યા હતા. ઘરનું નાનું મોટું કામ પતાવી હું બહાર જઈને બીજો બાંકડો ખસેડીને એમની પાસે બેઠી.

"શું લખી રહ્યા છો ?" મેં પૂછ્યું. લખતાં લખતાં ઊંચું જોઈને હસ્યા. પાછા લખવા માંડ્યાં. જરૂર કોઈ પ્રોજેક્ટનું પ્લાનિંગ ચાલે છે." મેં કહ્યું.

સ્મિત સાથે બોલ્યા, "હવે આપણી પાસે - સંસ્થા પાસે થોડી સિલક થઈ છે. થોડા પૈસા હતા તેમાં પેલા ૧૦ હજાર ભેળવીને કંઈક સદ્‌ઉપયોગ કરવાનું વિચારી રહ્યો છું. સંસ્થાને લાભ થાય, તેની પ્રતિષ્ઠા વધે એવું કંઈક કરવા મન આતુર છે."

જાણે સ્વગત બોલી રહ્યા હતા. પાછી એમની વાત આગળ ચાલી, **"કંઈક એવું કરીએ સંસ્થાને કાયમ માટે લાભદાયી નીવડે. સંસ્થા સમાજમાં લાંબા સમય સુધી અસ્તિત્વમાં રહે. જે દેશમાં લોકશાહી છે, લોકશાહી સમાજમાં સંસ્થાનો પાયો એવો કરવો જેથી એની શોભા વધે. બોલો મારી વાત વિચારવા જેવી છે ને ?"**

મેં તો તરત જ હા પાડી. રઘુભાઈના મનમાં જરૂર કંઈક મંથન ચાલી રહ્યું હતું. બે-પાંચ મિનિટ શાંતિમાં વીતી ગઈ. વળી તેમના વિચારોનો પ્રવાહ ધીરે ધીરે બહાર આવવા લાગ્યો.

જુઓ આ શહેરમાં મોટા ભાગની શાળાઓ માલિકીની શાળાઓ છે. ભાગ્યે જ બે-પાંચ કેળવણીની સંસ્થાને સંસ્થાના ટ્રસ્ટ છે. સંસ્થા ટ્રસ્ટ ચલાવે છે. મને તો લાગે છે કે દરેક સંસ્થાને ટ્રસ્ટ હોવું જોઈએ. ટ્રસ્ટ હોય તો એવી સંસ્થામાં મને વિશ્વાસ છે. ઉપરાંત સમાજને પણ તેવી શાળાઓનો પાયો મજબૂત લાગે છે. આપણે પણ આપણી શાળાનું ટ્રસ્ટ બનાવી દઈએ તો ?

સંસ્થાને ટ્રસ્ટ હોય તો સમાજના બીજા સભ્યોને, જેમને કેળવણીમાં રસ હોય, કેળવણીનાં પ્રશ્નો સમજી શકતા હોય એવા નાગરિકોને સંસ્થામાં ભેળવી શકાય. અને આખરે એકને બદલે વધારે લોકોની એ શાળા બને. વ્યક્તિ કરતાં ટ્રસ્ટ ઉચ્ચ સ્થાન પર છે." બે ઘડી તો આ વાત સાંભળી હું આશ્ચર્ય પામી ગઈ. 'આવો ઉમદા વિચાર - મને હજુ સુધી કેમ નહિ આવ્યો હોય ?"

**અધૂરી રહેલી યોજના :**

નવો વિચાર જ્યારે રઘુભાઈને આવતો ત્યારે એ યોજનાને અનુરૂપ થતાં મને થોડી વાર લાગતી. મેં તરત જ પ્રશ્ન પૂછ્યો. "પણ તમને આ વિચાર આ સમયે કેમ આવ્યો ?"

"આ સમયે ? એવું નથી. ૧૯૪૪થી જ આ વિચાર મનમાં નિશ્ચિત હતો. ૧૯૪૪માં શાળા લેવાનું નક્કી થયું હતું ત્યારે સરસપુરની જાણીતી બે વ્યક્તિઓને હું મળવા ગયો હતો. એ મુલાકાત થઈ ત્યારે તમે ભાવનગર હતાં. આ શાળા તો તે વખતે ખાનગી માલિકીની હતી. અને તે ખરીદવી પડે તેવા હતા. તેમ છતાં પણ હું એ પ્રતિષ્ઠિત વ્યક્તિઓને ખાસ મળવા ગયેલો. અને મારા વિચારો, ટ્રસ્ટ બનાવવાની યોજના, ત્યારે પણ તેમની સમક્ષ હતી. પરંતુ એ વખતે મારો પરિચય અહીં કોઈને નહિ એટલે વાત ત્યાં જ અધૂરી રહી."

મુલત્વી રહેલી વાતને હવે આપણે આકાર આપી શકીએ એમ છીએ. એ સમય આવી ગયો. એટલે બીજાના સહકારથી ટ્રસ્ટ બનાવી શકીશું.

**લોકપ્રિય શ્રી વિમળભાઈ શાહનું આગમન :**

આ લત્તાના સૌથી વધારે જાણીતા કાર્યકર શ્રી વિમળભાઈ શાહ છે. સ્વભાવે સરળ અને મૈત્રીભર્યા ભાવો તેમનામાં દેખાઈ આવે છે. વળી આ સરસપુર લત્તામાં તેઓ લોકપ્રિય છે. સરસપુરની બધી જ સેવાપ્રવૃત્તિઓ તેઓ ખૂબ જ મહેનતથી આગળ ધપાવ્યે જાય છે. આજે એમને મળવા જવાનો છું."

સૌથી પહેલી મુલાકાત રઘુભાઈએ શ્રી વિમળભાઈ સાથે ગોઠવી હતી. વિમળભાઈ બનતાં સુધી સાંજે મળતા. એટલે તે જ દિવસે સાંજે રઘુભાઈ વાસણશેરીમાં ગયા.

"આવો, આવો" વિમળભાઈ હવે રઘુભાઈના કામથી અને નામથી પરિચિત બન્યા હતા. ઉમળકાથી આવકાર આપ્યો. તેમના બેઠક રૂમમાં સરસ મજાની ગાદીઓ ઉપર સ્વચ્છ ચાદરો બિછાવેલી હતી. એના

ઉપર ખાદીનાં સફેદ વસ્ત્રોમાં તેઓ બેઠા હતા. સરળ સ્વભાવ અને મોં પર સ્મિત, કોઈને પણ મળતા વખતે 'એટ હોમ' કહી દેતા. ''બેસો બેસો વાતો કરીએ.''

''વિમળભાઈ ! રઘુભાઈએ વાત શરૂ કરી - આજથી બે એક વર્ષ પહેલાં મેં તમને એક વિનંતી કરી હતી. એ જ વિનંતીનું પુનરાવર્તન કરવા આવ્યો છું. શાળા સ્થિર થઈ છે. બાળકોની સંખ્યા વધી છે. દરેક વર્ગ સરસપુરના બાળકોથી ભરાઈ ગયો છે. આ છે શાળાના નામે કરેલી ફિક્સ ડિપૉઝિટનું બેલેન્સ. હવે અમારે ટ્રસ્ટ કરવું છે. તેમાં આપ એક ટ્રસ્ટી તરીકે જોડાઓ અને બીજી બધી, આ લત્તાની સેવાઓની જેમ, કેળવણીની પ્રવૃત્તિમાં પણ તમારો સહયોગ આપો. મજૂરોના નેતાઓ પગાર વધારા અને હક્કો માટે પ્રવૃત્તિ કરે છે - તમે આ લત્તાના મજૂરોના બાળકો માટેની કેળવણી પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરો - કાયમી કામ કરવાનું આમંત્રણ છે.'' આમ થોડી વાતો થઈ હશે - વિમળભાઈ તરત જ બોલી પડ્યા, ''રઘુભાઈ, અમને તમારા કામ માટે માન છે. હું તો જરૂર આવીશ - પણ બીજા જાણીતા સરસપુરના નાગરિક આશાભાઈ જીવણભાઈને પણ આપણે સભ્ય બનાવીએ - એમનો સહયોગ પણ મળશે. સામેની શેરીમાં એક મૂળચંદભાઈ રહે છે એમને પણ આપણે આમંત્રણ આપીશું.''

''વિમળભાઈ !'' હવે તમે **''આપણે''** શબ્દ વાપરો છો એટલે તમે એક ટ્રસ્ટી બનવાની મંજૂરી સહજ રીતે આપી દીધી છે - ખરું ને ?'' તેઓ ખડખડાટ હસી પડ્યા. ''હાસ્તો એ તો હા છે જ. આ સરસપુરના ભાવિ બાળકો માટે કાયમી પ્રવૃત્તિમાં જોડાવાનું કેમ ન ગમે ? તમે વાપરેલ ''આપણે'' શબ્દ સાંભળતા મારું મન પ્રફૂલ્લિત બની જાય છે. અને તમે આ આપણાં મિલન પહેલાં જ શાળાની સંસ્થાને પોતાની બનાવી છે એવો અનુભવ હું કરું છું. તમે આ લત્તામાં આવ્યા ત્યારે પણ અમારા સહકાર માટે વિનંતી કરી હતી. હું એ ભૂલ્યો નથી. પણ... પછી એ વાત ત્યાં અધૂરી જ રહી.'' બીજી વાત એમ છે કે ''હા - પણ ઘણા વિચાર પછી થયું કે સંસ્થા પાસે થોડીક સિલક હોય તો સમાજના લોકોને વિશ્વાસ બેસે.'' રઘુભાઈએ પોતાના વિચારો કહી દીધા. હા એ પણ ઉમદા વિચાર છે. ખોટ હોય એ સંસ્થામાં ઘણા લોકો જોડાતા અચકાય છે. તમારો આ વિચાર ઘણો વ્યવહારુ છે. રઘુભાઈ ! મારો સાથ તમારી સાથે છે. ચિંતા ન કરશો.

રઘુભાઈએ ખૂબ આભાર માન્યો અને ચા-પાણી પીને છૂટા પડ્યા. વિમળભાઈના સ્વભાવની વિશાળતાની છાપ લઈને જ્યારે ઘેર આવ્યા ત્યારે તેમના પ્રેમાળ અને વિશાળ હૃદયની વાતો અમે બંનેએ ક્યાંય સુધી કરી.

મને કહે, ''વિમળભાઈ એકલા નહીં સાથે આશાભાઈ અને મૂળચંદભાઈ એવા બે સજ્જનોને પણ લઈ આવે છે.'' ટ્રસ્ટીમંડળ બનાવવાનું મંગલકાર્ય શરૂ થયું.

વિમળભાઈની સંમતિ એ અમારે મન એક શુભ શરૂઆત હતી. સરસપુરના નાગરિક નિઃસંકોચ અમારી સાથે જોડાય એ અમારે મન ઘણો આવકારદાયક પ્રસંગ બની ગયો હતો. આ એક શુભ શરૂઆત એવી હતી કે અમે સરસપુરના બન્યા. સંસ્થા સરસપુરની બને છે અને સરસપુર અમારું બને છે. સજ્જન નાગરિક મંડળની શોભા જોતજોતામાં બની ગયા હતા. અને ''આપણી સંસ્થા'' વાક્યથી જ વાતો થતી. ''હવે ટ્રસ્ટ બનાવવાનો પ્રોજેક્ટ પૂરો જ કરવાનો છે.'' સૂતાં સૂતાં રઘુભાઈ છેલ્લું વાક્ય બોલ્યા.'' ''પણ આજે ઊંઘ સરસ આવશે નહિ ?'' હસતાં હસતાં મેં પૂછ્યું. બીજે દિવસે સવારમાં ઊઠ્યા અને ચા પીતાં પીતાં રાતની વાતો આગળ ચાલી.

''આપણા ટ્રસ્ટમાં એકાદ કેળવણીકાર આ જ શહેરમાંથી મળી જાય તો બહુ સારું.''

**એક આચાર્ય સ્નેહરશ્મિનો સાથ :**

બસ તે જ દિવસે સાંજે અમે ઝીણાભાઈ દેસાઈને મળવા જવા વિચાર્યું. ઝીણાભાઈ અમદાવાદની એક પ્રતિષ્ઠિત શાળાના મોવડી, કેળવણીકાર અને સાહિત્યકાર. ગુજરાતમાં જાણીતા રઘુભાઈ અને ઝીણાભાઈને પહેલાંનો પરિચય પણ ખરો. એટલે બસ અમે તો એમને પૂછ્યા વિના જ એમને ઘેર પહોંચી ગયાં.

''ઝીણાભાઈ ! મળવા આવીએ ને ?'' ઘરમાં પ્રવેશતાં પ્રવેશતાં જ મેં પૂછ્યું. ઝીણાભાઈ મારા માટે તો હંમેશ વડીલ મિત્ર જેવા જ હતા. દોસ્તી અને

વડીલપણાની ભાવના અમારી વચ્ચે હતી.

"ઓહો, આવો આવો રઘુભાઈ, જશીબહેન ! આજે આ પૂર્વ દિશા પશ્ચિમમાં કેવી રીતે આવી ગઈ ? વિજયા, ચાલ આજે સરસ નાસ્તો બનાવ." ઝીણાભાઈએ પત્ની વિજયાબહેનને ખબર આપ્યા કે અમે આવ્યા છીએ. વિજયાબહેન પણ હોંશે હોંશે ગરમ નાસ્તો-ચા લઈ આવ્યાં. પછી રઘુભાઈએ મૂળ વાત શરૂ કરી. "ઝીણાભાઈ ! ચા-નાસ્તો કરતાં કરતાં એક અગત્યની વાત કરીએ તો ?"

"હા...હા... જરૂર કરો." તેઓએ કહ્યું. સરસ્વતી વિદ્યાલય ટ્રસ્ટ બનાવવાનું નક્કી કરે છે." - એની યોજના રઘુભાઈએ કહી સંભળાવી. "હવે આ ટ્રસ્ટમાં તમે જોડાઓ." એવી વિનંતી કરી.

એમનો પ્રેમાળ સ્વભાવ અને રઘુભાઈની વિનંતી બંને ભેગાં થયાં. ઝીણાભાઈ કહે, "તમે અમદાવાદમાં કેળવણીનું કામ કરવા આવ્યા ત્યારથી ખુશ હતો. એમાં અમદાવાદના પૂર્વ વિભાગના પછાત લત્તામાં કામ શરૂ કર્યું ત્યારે મનમાં ને મનમાં ખૂબ અભિનંદન આપેલા. અને ઈચ્છ્યું હતું કે, 'આ ગરીબોની સેવા કરનાર દંપતી ઉપર ઈશ્વરના આશીર્વાદ વરસજો.'

"ઝીણાભાઈ, તમે કવિ એટલે કવિતા ભલે બનાવો - પણ ટ્રસ્ટમાં આવો પછી આપણે સાથે જ આ આશીર્વાદોને ઝીલી લઈશું." મેં હસતાં હસતાં એમને પ્રશંસાની વાતમાંથી રોક્યા.

આખરે એમણે એક વાક્ય કહ્યું, "હું તમારી સાથે જ છું. ટ્રસ્ટનો સભ્ય જરૂર બનીશ જ. મારું વચન છે. માત્ર મને અંતરમાં એક સંતોષ જરૂર થશે - પણ વધારે યોગ્ય એવા જરૂરિયાતવાળા બાળકો માટે હું કંઈ કરી શકીશ."

વાતો લાંબી ચાલી. પછી તો એમની સાથે જમવા જેવો જ નાસ્તો કરીને રાત્રે સરસ્વતીના અમારા મકાનમાં પહોંચ્યા.

રસ્તામાં જ રઘુભાઈ કહે, "એક પ્રતિષ્ઠિત કેળવણીકાર અને સાહિત્યકારને આપણે મેળવી શક્યા એ સહયોગ સારો થયો."

"એમને તો આ લત્તામાં કામ કરીએ છીએ એ જ એક ચેલેંજ-પડકાર લાગે છે." મેં કહ્યું, આજે નિરાંતે ઊંઘ આવી ગઈ.

**પુરાની દોસ્તી - ડૉ. ગાંધી અને છોટુભાઈ પટેલ પ્રગતિશીલ મિત્રો :**

આમ ત્યાર પછી મિત્ર ડૉ. ગાંધી અને ડૉ. છોટુભાઈ પટેલને પણ વાત કરી. ટ્રસ્ટ બનાવવાની યોજના બતાવી. "તમે પણ સાથે જ છો ને બંને જણા ?" રઘુભાઈએ પૂછ્યું. ડૉ. ગાંધી કહે, "શું તમેય રઘુભાઈ, હું તો ટ્રસ્ટ ફોર્મ થાય એ પહેલાંનો ટ્રસ્ટનો સભ્ય છું. તમારા ઉપરનો ટ્રસ્ટ મને તો કાયમ છે. માટે હું તમારી સાથે જ છું." હળવાશથી એમની સંમતિ પણ મળી ગઈ.

ડૉ. છોટુભાઈની સંમતિ માટે જ્યારે રઘુભાઈએ પૂછ્યું ત્યારે કહે, "યાદ છે ? રઘુભાઈ ! હું નાનો હતો - ત્યારે એક માંદગીમાં તમે મુંભઈમાં હરકિશનદાસ હૉસ્પિટલમાં મારી સાથે જ રહ્યા હતા તે ? તમે મારા ટ્રસ્ટી કે હું તમારો ટ્રસ્ટી ?" હસી પડ્યા. રઘુભાઈએ શેક હેન્ડઝ હસ્તધૂનન કર્યા અને કહે, "પણ છોટુભાઈ અમારે પેપર ઉપર તો તમારી સંમતિ જોઈએ જ ને ?" રઘુભાઈ તમને યાદ તો હશે જ કે જર્મનીમાં ભણીને આપણે જ્યારે પાછા ફર્યા (૧૯૩૯માં) ત્યારે આપણા મનમાં ઘણી યોજનાઓ હતી કે દેશમાં સમાજમાં જ્યાં જરૂરિયાત હોય ત્યાં સ્કૂલ કાઢવી. ત્યાં શિક્ષણ આપતાં આપતાં દેશનું રક્ષણ પણ થઈ શકે. અને તમે જ્યાં સ્કૂલ શરૂ કરો એ જ જગ્યાએ મારે હૉસ્પિટલ શરૂ કરવી, એમ આપણે બંને સાથે રહીને શિક્ષણ અને દેશના લોકોના આરોગ્યનું કામ કરવું. હું તમે જે લત્તામાં બેઠા છો એ લત્તામાં હું તમારી સાથે છું.

"આપણે તો જ્યાં જ્યાં તમે હો ત્યાં મારું નામ પૂછ્યા વિના જ લખી નાખજો." અને બંને દોસ્તોની વાત સાચી હતી - કે ટ્રસ્ટ નહોતું. છતાં એ તેઓ ૧૯૪૪થી રઘુભાઈની સાથે જરૂર પડ્યે રાત્રે પણ આવીને ઊભા રહી જતા. તેમનો સહયોગ પહેલેથી જ હતો જ.

આમ અમને સજ્જન નાગરિકો, મિત્રો અને કેળવણીકારોનો સહયોગ મળી ગયો, તે પણ પૂર્ણ

વિશ્વાસ સાથે. ત્યારે એક પ્રકારની શાંતિ થઈ કે શાળા માટે લોકોમાં એક પ્રકારનો સારો પ્રભાવ પડવા લાગ્યો છે. સારા સંયોગ ઊભા થયા. રઘુભાઈને ઊંડો સંતોષ હતો કે, સંચાલન મંડળ પણ સ્થિરતા પકડે તેવી વ્યક્તિઓનું બનશે. એ વિચારે ઘણો ઊંડો સંતોષ અમને થયો. સાથે સાથે ટ્રસ્ટનું લખાણ તૈયાર કરીને ચૅરિટી કમિશ્નરને મોકલવાની વિધિ પણ કરવાની હતી. આ માત્ર એક પરિવારનું ટ્રસ્ટ નહોતું.

એક દિવસે - હું કંઈ ઘરનું કામ કરી રહી હતી. એકદમ મારી પાસે આવીને રઘુભાઈ કહે, "હું સહેજ બહાર જાઉં છું. ૧ાા-૨ કલાકમાં પાછો આવી જઈશ." એમ બોલતાં બોલતાં જ બહાર નીકળ્યા.

"તમે પાછા ક્યારે આવશો ?" એ પ્રશ્ન પણ તેમણે નહિ સાંભળ્યો. કોઈવાર હું જો બીજા કામમાં હોઉં તો તેઓ પોતે કોઈ કામ કરી આવતા.

બે કલાક થવા આવ્યા હશે, લગભગ સાંજ પણ પડવા આવી ગઈ હતી. શાળાના પ્રવેશદ્વાર દરવાજા તરફ જોઈને હું ઊભી હતી. અને એક ઘોડાગાડી કમ્પાઉન્ડમાં આવીને ઊભી રહી. રઘુભાઈ એમાં હતા. મેં રાહત અનુભવી.

"આમ ક્યાં એકદમ અદશ્ય થઈ ગયા હતા ?" તે ગાડીમાંથી ઊતરે એ પહેલાં જ મારાથી પૂછાઈ ગયું. હસતાં હસતાં કહે, - "આ ટ્રસ્ટના કામને પૂરું ન થાય ત્યાં સુધી જંપ વળે કંઈ ? એ આગળ વધાર્યું." "પણ ક્યાં ગયા હતા ?"

**શ્રી શાંતિલાલ મંગળદાસ :**

બસ આ જ ઘોડાગાડી લઈને ગયો અને એમાં જ પાછો આવ્યો. શાંતિભાઈને મળી આવ્યો. એમના અવાજમાં એક પ્રકારની નિરાંત હતી. "તમને જાણીને આનંદ થશે કે ચેરમેન થવાની તેમણે હા પાડી." "બહુ જલદી હા પાડી દીધી ?" મેં પૂછ્યું.

"પણ તેમણે કહ્યું હતું ને કે તેઓ જ્યારે એમની મદદ માગશું ત્યારે આપશે." મળ્યો ત્યારે તરત જ કહ્યું, "બસ એ લત્તામાં કામ કરવાની તક મને મળી - એથી રાજી છું. મેં તેમને ઘરશાળાનો વિકાસ કરતા જોયા છે - એટલે હવે તો હું પૂરી શ્રદ્ધાથી આવું છું. - જે વિધિ કરવાની હોય તે શરૂ કરી ઘો." હસતાં હસતાં એમણે પૂછી લીધું કે આપણાં વડીલ મિત્ર અને શિક્ષણકાર હરભાઈ તો આપણી સાથે જ છે ને ? વરચ્યુઅલી આપણી સાથે જ છે. હું તેમની સંમતિ મેળવવા કાલે જ ભાવનગર જવાનો છું. રઘુભાઈએ જવાબ આપ્યો.

શાંતિભાઈએ કહ્યું કે, અમુક બાબતમાં આપણાં વિચારો સરખાં જ ચાલે છે. હોં રઘુભાઈ. રઘુભાઈ કહે કે એનો અર્થ એ છે કે તમને કેળવણીક્ષેત્રમાં રસ છે. આવી વાત કરી અમે છૂટા પડ્યા.

**શ્રી હરભાઈ ટ્રસ્ટની શોભા :**

બીજે દિવસે સવારની ૧૦ની ટ્રેનમાં રઘુભાઈ ભાવનગર જવાની તૈયારી કરતા હતા ત્યાં લક્ષ્મણ પટાવાળો દોડતો દોડતો આવ્યો અને કહે, "સાહેબ જશીબહેન ! હરભાઈ સાહેબ આવ્યા છે." અને બંને બહાર ગયાં. - તો હરભાઈ એક મિત્રની કારમાંથી નીચે ઊતરી રહ્યા હતા એક મિત્રની સાથે - હું તો બસ એમને ભેટી જ પડી. મેં કહ્યું નાનાભાઈ (હરભાઈને અમે ઘરમાં નાનાભાઈ કહેતા) હમણાં જ રઘુભાઈ ભાવનગર આવવા નીકળતા હતાં. તમે લાંબું જીવવાના છો હોં."

"પણ કેમ એકાએક ભાવનગર ?" હરભાઈએ પૂછ્યું.

"બસ આ રઘુભાઈનાં મનમાં કોઈ એક લત લાગે એટલે એ કામ પૂરું જ કરવું જોઈએ ને ?" પછી મેં ટ્રસ્ટ કરવાની વાત પહેલેથી છેલ્લે સુધી કરી. સરસપુરના વિમળભાઈ, ઝીણાભાઈ, શાંતિલાલ સાથેની અમારી મુલાકાતોની વિગતવાર માંડીને બધી વાત કરી.

"ઓહો લક્ષ્મણ, જા આઈસક્રીમ લઈ આવ." હરભાઈએ કહ્યું, પણ પહેલાં આ ટ્રસ્ટના પ્રમુખ તમારે થવાનું છે એ વાતની 'હા' પાડો પછી આઈસક્રીમ આવશે જ." રઘુભાઈએ હળવાશથી બોલવાનું ચાલુ રાખ્યું. તમે તો આ શાળામાં મારા પહેલાં આવીને વારંવાર રહ્યા છો. અને શાળા ચાલુ રહે એવા પ્રયત્નો કર્યા જ કર્યા છે. પહેલાં પ્રમુખ તમે "રઘુભાઈએ વાંકા વળીને હરભાઈને નમસ્કાર કર્યા. હરભાઈ રઘુભાઈનાં વાંસા પર હાથ મૂકીને કહે,

(અનુસંધાન પૃષ્ઠ ૩૯ ઉપર)

# બાળકની સર્જનાત્મકતાના વિકાસમાં વાલીની ભાગીદારી

**ઈશ્વર પરમાર**

'મોરપીંછ' સિદ્ધનાથ સામે, દ્વારકા-૩૬૧૩૩૫.
મો.૯૪૨૭૨૮૪૭૪૨

**સમાજ અને પરિવારઃ**

માણસ સામાજિક પ્રાણી છે. એને સમાજ વિના ચાલે નહીં. જોકે સમાજના સીમાડા બાંધવા કઠિન છે કેમકે સમાજ જેટલો આપણને દેખાય છે તેનાથી એ અનેક ગણો છે. દેખાતો દરિયો આંખમાં સમાય તેટલો જ વિશાળ નથી હોતો, ન દેખાતો દરિયો દેખાતા દરિયાથી અનેકગણો વિશાળ છે. દેખાતા દરિયાનું નાનામાં નાનું સ્વરૂપ તેની લહેર છે. વિશાળ સમાજનું નજરે પડતું નાનામાં નાનું સ્વરૂપ પરિવાર છે.

પરિવાર એ સમાજનું નાનામાં નાનું અંગ છે. આમ છતાં, પરિવાર એ સમાજનું પાયાનું એકમ છે. પ્રકૃત્તિની અદ્ભુત યોજનાના ઉદાહરણ સમો પરિવાર એ સમાજનું શ્રેષ્ઠ અંગ છે. આ પરિવારને ટકાવે છે કોણ ? જેમ લહેર દરિયાને દરિયાપણું આપે છે તેમ બા...ળ...ક... પરિવારને પરિવારપણું આપે છે. પગલીના પાડનાર અને ખોળાના ખુંદનાર થકી પરિવાર સદીઓથી જીવંત રહ્યો છે, ટકી રહ્યો છે. પ્રત્યેક પરિવારનું વાસ્તવિક કેન્દ્ર બાળક છે.

પરિવારમાં થતો અંદરોઅંદરનો વ્યવહાર અને તેથી રચાતું પારિવારિક વાતાવરણ બાળકના જીવનઘડતરમાં ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. બાળકને જોઈતું પોષણ, પ્રેમ અને પ્રોત્સાહન પરિવાર આપે છે. બસ આટલું જે પરિવાર કરી શકે તેટલી તેની સાર્થકતા છે. પરિવારનો એક મહત્વનો હેતુ બાળકનો સારી રીતે અને સાચી રીતે ઉછેર કરવાનો છે.

**યોગ્ય બાળઉછેરઃ**

પોતાનાં બાળકોનો ઉછેર ઉત્તમ રીતે થાય તેવું દરેક પરિવારના વડીલો કે વાલીઓ ઈચ્છતા હોય છે. આમ છતાં બાળઉછેર અંગેની યોગ્ય સમજ દરેક વાલીઓ ધરાવતા હોતાં નથી. ખરેખર તો બાળકને ઉછેરવાનું હોતું નથી; તેને ઉછરવા દેવાનું હોય છે. બાળકમાં જે જન્મજાત શક્તિ અને સંભાવના બીજરૂપે રહેલ છે તેને અંકુરિત થવા દેવાની છે, તેના પૂર્ણ વિકાસ માટે અનકૂળતા કરી આપવાની છે. બાળકના યોગ્ય વિકાસ માટે વાલીઓ પૂરતો સમય આપે એ અનિવાર્ય છે. બાળકને વિકસવા માટે પોષણ, પ્રેમ અને પ્રોત્સાહનની જરૂર છે.

**સર્વાંગી વિકાસ :**

બાળકના શારીરિક કે એકાંગી વિકાસથી સંતુષ્ટ રહી શકાય નહીં. તેનો સર્વાંગી વિકાસ થવો ઘટે છે; ખાસ તો તેની બીજભૂત વિશિષ્ટ શક્તિ પૂર્ણતઃ પાંગરવી જોઈએ. બાળકના સર્વાંગી વિકાસમાં શારીરિક વિકાસ, માનસિક વિકાસ, લાગણી કે સાંવેગિક વિકાસ, સામાજિક વિકાસ, ચારિત્ર્ય વિકાસ - એમ વિકાસના વિવિધ પાસાં ગણાવાય છે પણ બાળકની સ..ર્જ..ના..ત્મ..ક..તા..ના વિકાસ અંગે પણ વાલીઓમાં તેમજ શિક્ષકોમાં સજાગતા અને સમજ સમયસર કેળવાય એ ખૂબ જરૂરી છે. સર્જનાત્મકતા થકી વ્યક્તિના મનમાં અ-સાધારણ વિચાર કે ઉકેલ ઉદ્ભવે છે અને તે નવો રાહ ચીંધે છે. આ ક્ષેત્રે સંશોધનો બુદ્ધિ, સંવેદન કે અન્ય માનસિક શક્તિની તુલનામાં ખૂબ ઓછા થયા છે.

**શબ્દ 'સર્જનાત્મકતા'ની ભીતરમાં :**

સાર્થ જોડણીકોશ અનુસાર 'સર્જવું' શબ્દનો અર્થ થાય છે : પેદા કરવું, ઉત્પન્ન કરવું, રચવું. આ ક્રિયાપદના કૂળમાં જોવા મળતા શબ્દોમાં સજવું (શણગારવું), સજાઈ (સજવું), સજાવટ (સજવું, શણગાર-શોભા કરવા તે), સરજનહાર (સર્જનહાર), સરજવું (સર્જવું), સર્જન (સર્જવું તે, કૃતિ), સર્જનશક્તિ (નવું રચવાની - સર્જનાત્મક શક્તિ), સરજનહાર (સર્જનહાર, પેદા કરનાર, ઈશ્વર), સર્જના (સર્જવું તે), સર્જનાત્મક (સર્જન વિશેનું, સર્જન કરે એવું, સર્જક), સર્જવું (પેદા કરવું, રચવું) વગેરેનો સમાવેશ થાય છે.

ક્રિયાપદ ''સર્જવું'' માંથી સર્જાયેલ શબ્દ 'સર્જન' સૂચવે

છે તેમ સર્જન એ ચીલેચાલુ કરતાં નવીન ગોઠવણ છે; કશાકને સજાવવું તે પણ સર્જન છે; કશાકમાં વિશેષ કશું ઉમેરો, જોડો કે સુધારો કરો તે સર્જન કર્યું લેખાય. પૂર્વેનું જે કંઈ હોય તેને પોતાની આગવી નજરે જોઈને જગતને નવલું દર્શન કરાવવું એ સર્જન છે. મનોવિજ્ઞાનની પરિભાષામાં કહી શકાય કે સર્જન એ તર્ક, બુદ્ધિ, કલ્પના, સંકલ્પના, વગેરે જેવા કેટલાક માનસિક વ્યાપારોના સહયોગનું દેખી કે અનુભવી શકાય તેવું પરિણામ છે. સર્જન એ આત્મલક્ષી અનુભવની અભિવ્યક્તિ છે. આમ શબ્દ 'સર્જનાત્મક' કશીક નવી રચના કરવા અંગે કલ્પના કરવાના અને તે કલ્પનાને વાસ્તવમાં અવતારવાનું સૂચવે છે.

સર્જનાત્મકતા સાથે સર્જક અભિન્નપણે સંકળાયેલ છે. સર્જક પોતે એક સચોટ અવલોકનકાર હોય છે. પાંચેય ઈન્દ્રિયોના માધ્યમથી તે સૃષ્ટિને સેવે છે, તે સંવેદના સાથે અવલોકે છે કે અનુભવે છે; ને જે કંઈ છે તે, તેના કરતાં જુદું શું કે કેવું હોઈ શકે છે એની કાલ્પનિક તપાસ કરે છે. બસ, આ જ સર્જનની પ્રક્રિયા છે, સર્જનનો રાહ છે.

પહેલાં એમ મનાતું કે સર્જનાત્મકતા વારસામાં જ મળે છે અને આથી એને વ્યક્તિમાં વિકસાવવાનું શક્ય જ નથી. એવું પણ મનાતું કે સર્જનાત્કમતાની શક્તિ કેટલીક વ્યક્તિઓમાં જ હોય છે. આથી એ વિશેનાં સામાન્ય સિદ્ધાંતો તારવી શકાય નહીં; પરંતુ છેવટે એ બાબતનો સ્વીકાર થયો કે દરેક વ્યક્તિમાં આ શક્તિ હોય છે, પરખ અને પ્રોત્સાહન દ્વારા તેને વિકસાવી શકાય છે. સર્જનાત્મકતા ચિંતનની એક રીત છે, એને માટે વિશેષ બુદ્ધિ અપેક્ષિત નથી. લેખક, ગણિતશાસ્ત્રી, ઈજનેર, સંગીતકાર, ચિત્રકાર વગેરેમાં સર્જનાત્મકતા સવિશેષ હોય છે. વાલીઓ / માવતરો પોતાનાં પાલ્યો / સંતાનોની બીજભૂત શક્તિઓને ઓળખી શકતા નથી કે તે માટે મોડા પડ્યા હોવાનું બને છે.

**બાળક અને સર્જનાત્મકતા :**

પ્રત્યેક બાળકમાં સર્જન કરી શકવાની ક્ષમતા હોય છે; તેના પ્રમાણમાં તેમજ ક્ષેત્રમાં ભિન્નતા હોય તે સહજ છે. તેનું કારણ પ્રત્યેક બાળકને પ્રાપ્ત થયેલ વારસો એકસરખો હોતો નથી; તે જ રીતે તેમનો ઉછેર પણ વિભિન્ન વાતાવરણમાં થયેલો હોય છે. બાળકની વય વધે તેમ તેની સર્જનાત્મકતાનું ક્ષેત્ર બદલાતું રહે તેવું બને. તેના સાતત્ય માટે વાલીની સમયસરની પરખ, પ્રોત્સાહન અને જરૂરી સુવિધા-સામગ્રીની પ્રાપ્તિ અપેક્ષિત છે.

સર્જનાત્મકતા અને બુદ્ધિએ બંને એક નથી. આથી ઊંચો બુદ્ધિઆંક ધરાવતા બાળકમાં સર્જનાત્મકતા ઓછી હોય અને સરેરાશ બુધ્ધિઆંક ધરાવતું બાળક વધુ સર્જનાત્મકતા ધરાવી શકે છે. સર્જનાત્મકતા ધરાવતું બાળક પૂર્ણતઃ અંતર્મુખી કે બહિર્મુખી વ્યક્તિત્વ ધરાવતું હોતું નથી, સર્જનાત્મકતા ધરાવતું બાળક ક્યારેક વિદ્રોહી પણ જણાય. છોકરાઓ છોકરીઓ કરતાં વધુ સર્જનાત્મકતા ધરાવતા હોય છે, આનું કારણ એ છે કે છોકરાઓને ઉછેરમાં વધુ સ્વતંત્રતા અને સવલતો મળતા હોય છે. રૂઢિવાદી પરિવારનાં બાળકોની સર્જનાત્મકતા અવરોધાતી હોય છે. નાનાં પરિવારનાં બાળકોમાં સર્જનશીલતા વધુ હોય છે. ઉચ્ચ સામાજિક-આર્થિક સ્તરનાં પરિવારનાં બાળકોને વિશેષ સાધનો-સુવિધા સુલભ હોવાથી તેઓ વધુ સર્જનશીલ હોય છે.

વિશેષ સર્જનાત્મકતા ધરાવતાં બાળકોનાં કેટલાક લક્ષણોમાં સાહસવૃત્તિ, જિજ્ઞાસા, આત્મવિશ્વાસ, વિનોદવૃત્તિ, વૈચારિક સ્પષ્ટતા, ઉચ્ચ મહત્ત્વકાંક્ષા, સ્વતંત્રતા-પ્રેમ, સૌંદર્યલક્ષિતા વગેરે ગણાવી શકાય. સર્જનશીલતા લગભગ ત્રીસેક વર્ષની ઉંમર સુધીમાં પરાકાષ્ઠાએ પહોંચે છે. બાળપણથી સર્જનશીલતા અંગે અનુકૂળ વાતાવરણ મળે તો તે વહેલેરી પણ સિદ્ધ થઈ શકે.

**બાલ્યાવસ્થામાં સર્જનશીલતાની ઝલકઃ**

ખોટે ખોટે કંઈક થવું કે કરવું; બાળકો સાથે મળીને કશુંક રમવાની યોજના કરે ત્યારે તેઓમાંથી કોઈ ડૉક્ટર બને ને કોઈ દર્દી; તો વળી કોઈ પોલીસ બને ને કોઈ ચોર; સ્કૂલ-સ્કૂલની રમતમાં એક શિક્ષક થાય ને બીજા વિદ્યાર્થી. ક્રિકેટની કાલ્પનિક રમતમાં કોઈ ફિલ્ડિંગ ભરે જ નહીં ને લીધું બેટ મૂકે જ નહીં ! ઘર-ઘરની રમતમાં પપ્પા બને તે બીજાને હૂકમ કરે કે છાપાં વાંચે. એકંદરે, સર્જનશીલ

માનસ ધરાવતું બાળક આ રમતોમાં મુખ્ય પાત્ર લે છે.

રચનાત્મક રમત રમવાનું વલણ કિશોરાવસ્થાના આરંભે શરૂ થાય છે. આ માટે પ્રાપ્ત થતાં રમકડાં કે ઘરમાંની હાથવગી ચીજોનો બાળક ઉપયોગ કરે છે. આ રમતોમાં બે-ચાર બાળકો પ્રવૃત્ત થતાં હોય છે કે એકલાંય રમાય. આમાં બાળક અલગ અલગ કે છૂટા ભાગો જોડીને બંગલો, સ્ટીમર, વિમાન, ટેન્ક વગેરે બનાવે છે. સર્જનશીલ બાળક છૂટા ભાગોને ઝડપથી જોડી દઈ શકે.

કલ્પનાના સાથી : એકાંતમાં બાળક કોઈને હાજર માનીને તેની સાથે વાત-વ્યવહાર કરે છે. આ તેની અંગત વાત છે તેથી તેની વાત તેના પૂરતી જ હોવાની !

હાસ્ય / નકલ : બાળક પોતાને પરિચિત અને ગમતી કે ન ગમતી વ્યક્તિની નકલ કરે છે; તેનું ઠઠ્ઠાચિત્ર (કાર્ટૂન) પણ દોરે છે. આમાં તેને મળતી સફળતા તેની સર્જનશીલતાનો સંકેત આપે છે.

હળવી બડાઈ : ક્યારેક બાળક વાતવાતમાં પોતાની ભાવિ રુચિના અણસાર આપે છે. મોટો થઈને પોતે પાયલોટ, સૈનિક, ડૉક્ટર, સાહેબ, રાજા, પોલીસ, ચોકીદાર, ટિકિટ-ચેકર, ક્રિકેટર કે શું થશે કે કરશે તેના તરંગો વહાવે છે તે સાંભળવા જેવા જ નહીં, સમજવા જેવા હોય છે.

**વાલીની ભાગીદારી :**

બાળકની સર્જનાત્મકતાને વિકસાવવા માટે તેના રસક્ષેત્રને અનુરૂપ સમુચિત વાતાવરણ મળે તે જરૂરી છે. વાલી આ અંગે સજાગ રહે.

બાળકને પોતાની જિજ્ઞાસા વ્યક્ત કરવાની સ્વતંત્રતા હોય; તેને સંતોષ થાય તેવા ઉત્તરો મળે તે જરૂરી છે. બાળક પ્રશ્નો ન પૂછે તે ચિંતાની બાબત છે.

બાળકને જ્ઞાનપ્રાપ્તિ થાય તેવા સાધન વસાવવા જોઈએ કે તેનો લાભ ક્યાંથી શી રીતે મળે તેની જાણકારી આપવી જોઈએ.

બહુ સારાં રમકડાં તેની સર્જનાત્મકતાને અવરોધે તેવું બની શકે; બાળકને અધૂરું કે તૂટેલું સાધન આપવાથી તે તેને સરખું કરવાના કામે લાગી શકે.

બાળક તેની ઈચ્છા મુજબ સમય પસાર કરી શકે તે સારી બાબત છે. તેને પોતાનું કલ્પનાલોક હોય છે જે મોટેરાંમાં સમય જતાં 'લોક' થઈ ગયું હોય છે !

બાળકને તેનું એકાંત માણવા દેવું ઘટે.

બાળકને વધુ પડતું સંરક્ષણ કે નિયંત્રણ તેની સર્જનશીલતાને અવરોધે છે.

ક્યારેક ઘરની કોઈ બાબતે બાળકના સલાહ-સૂચનને આવકારી શકાય. દરેક બાળકમાં એક પુખ્ત વ્યક્તિ વસે છે.

બાળકને તેની વિશિષ્ટ આવડત પ્રદર્શિત કરવાની ફરજ પાડવી તે યોગ્ય નથી.

અન્ય બાળકની આવડત સાથે પોતાનાં બાળકની ઓછી આવડત સરખાવતા રહેવું તે યોગ્ય નથી.

બાળકને લંબાણથી ઉપદેશ આપવાની જરૂર નહીં.

પોતાના વિચાર બાળક પર લાદવા તે જુલમ લેખાય.

બાળક પાસે તેનાં ગજાં બહારની અપેક્ષા ન રખાય.

બાળક માટે પૂરતો સમય ફાળવો.

બાળકને સારાં પુસ્તકો સુલભ કરી આપો અને તેને વાર્તાઓ કહો.

બાળકને એવું લાગવા ન દો કે તેની ઉપેક્ષા થઈ રહી છે.

**વાણી : વાલીઓના વાલીની -**

બાળ શિક્ષણના પ્રણેતા ગિજુભાઈ બધેકાને (૧૮૮૫-૧૯૩૯) આમ તો "બાળકોના વકીલ" જ કહેવાય છે પણ તેમ જુઓ તો તેઓ "વાલીઓના વાલી" પણ ખરા જ : "બાળકોના સર્જનાત્મક વિકાસ" અંગેના આ લેખમાં અલ્પ વિચારણા કર્યા પછી ગિજુભાઈની વાલીઓના વાલી તરીકેની એમની આ વાણીને અંતરમાં ઉતારવા જેવી છે :

"બાળકોને ઉછેરવા માટે મા અને બાપ બંને સરખા જવાબદાર છે.

બાપે બાળકને ઉછેરવાનો બોજો એકલી મા ઉપર મૂકી દઈને ભારે પાપ કર્યું છે.

પોતાનું બાળક પોતાને ન ચાહે એથી વધારે આપત્તિ કઈ ?

પોતાનું બાળક પોતાને ચાહે એથી વધારે ઉચ્ચ લહાવો કયો ?"

# શિક્ષક સશક્તિકરણ : જાત સાથેના સંવાદને માર્ગે

**રવીન્દ્ર અંધારિયા**

૨, અનુશીલ એપાર્ટમેન્ટ, ૧૦-એ, સરસ્વતી નિવાસ સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

'શિક્ષણનું કાર્ય સિંહબાળ પેદા કરવાનું છે, કંઈ ઘેટાંબકરાં પેદા કરવાનું નથી.' – સ્વામી વિવેકાનંદ.

નવભારતનો નક્શો દોરનાર આર્ષદષ્ટા યુવાસંત સ્વામી વિવેકાનંદનું ઉક્ત કથન ક્યારેય અપ્રસ્તુત નહિ થાય, કારણ કે શિક્ષણ આજીવન ચાલતી પ્રક્રિયા છે. જીવન છે ત્યાં શિક્ષણ છે. પરંતુ વિવેકાનંદની અપેક્ષા શિક્ષણ ક્યારે પૂરી કરી શકે ? કે જયારે શિક્ષણકાર્ય કરનાર શિક્ષક સ્વયં સિંહ હોય ! ને સંજોગવશાત્ શિક્ષક સિંહ ન હોય તો તેને સિંહ બનાવવો જોઈએ. એ જવાબદારી છે શિક્ષક-પ્રશિક્ષણની. અમેરિકાના પ્રખર શિક્ષક-પ્રશિક્ષક શ્રી લોયડ ડકે સન્ ૨૦૦૦ ના પોતાના 'એજ્યુકેશન લીડરશીપ : કીપિંગ ટીચિંગ ફ્રેશ' ના ૫૭ માં વોલ્યુમના ૮ માં અંકમાં શિક્ષકના સશક્તિકરણ અંગેનો બહુ અગત્યનો લેખ પ્રગટ કર્યો છે. તેમાં શિક્ષક સશક્તિકરણ અંગેના ૧૨ સિદ્ધાંતો વર્ણવ્યા છે. પરંતુ આ માત્ર શાબ્દિક વ્યાયામ નથી બલકે તેમણે પોતાના સ્નાત્તકોત્તર પ્રશિક્ષાર્થીઓ ઉપર આ સિદ્ધાંતોનો વ્યવહાર કર્યો - પ્રયોગ કર્યો ને પરિણામો ઉત્સાહવર્ધક આવતા તે સિદ્ધાંતોનો ગમતાનો ગુલાલ કર્યો છે. તે આપણા શિક્ષણપ્રેમી વાચકો માટે અત્રે પ્રસ્તુત છે.

**સિદ્ધાંત : ૧**

**શિક્ષણ અને અધ્યયન પરત્વે લગાવ.**

દોસ્તો ! તમારા વિદ્યાર્થી જીવનમાં આવેલા શિક્ષકો પૈકીના પાંચ નામ યાદ કરો. પછી નીચેના પ્રશ્નો જાતને પૂછો :

(અ) એ નામ શા માટે યાદ આવ્યા ?
(બ) તેમના વ્યક્તિત્વનું કયું પાસું તમને સ્પર્શી ગયું છે ?
(ક) તેમની શિક્ષણ રીતિ શી હતી ?
(ડ) તેમના કયા કયા શિક્ષણ વ્યવહારોએ તમને પ્રભાવિત કરેલા ?
(ઇ) હવે તમે તારવી શકશો કે એક સફળ શિક્ષકે શું શું કરવું જોઈએ ?
(ઈ) તમારા વિદ્યાર્થીઓના હૈયામાં તમારે તમારું નામ કાયમ કરવું હોય તો તમારે શું શું કરવાનું રહે છે ?

**સિદ્ધાંત : ૨**

**શિક્ષણ કાર્ય માટેની માનસિક તૈયારી અને સ્વાધ્યાય**

તમારી જાતને પૂછો ?

(ત) વર્ગ શિક્ષણ કરતા પહેલાં મેં શી તૈયારી કરી ?
(થ) વિષયવસ્તુનું કયા સ્તર સુધી વિશ્લેષણ કર્યું ?
(દ) વિષયવસ્તુની પ્રસ્તુતિ માટે શી યોજના વિચારી ?
(ધ) શું એ યોજના સર્વાધિક પ્રભાવશાળી છે ?
(ન) વિષયવસ્તુની બાયપ્રોડક્ટ રૂપે હું કયા કયા મૂલ્યોની ખીલવણી કરીશ ?

**સિદ્ધાંત : ૩**

**વ્યાવસાયિક જીવન અને વ્યાવહારિક જીવનની ઉન્નતિ**

તમારી જાતને પૂછો....

(અ) શું મને મારા જીવન (વ્યાવસાયિક - વ્યાવહારિક) થી સંતોષ છે ?
(બ) તેમાં (વ્યા. જીવન અને વ્યાવ. જીવન) મારી શી શી મર્યાદાઓ છે ?
(ક) આ મર્યાદાઓ દૂર કરવા માટે શું શું કરવું જોઈએ ?
(ડ) ''સર્વજન હિતાય સર્વજન સુખાય'' મારે શું કરવું જોઈએ ?

**સિદ્ધાંત : ૪**

**અસરકારક અધ્યાપનશૈલીની પસંદગી**

અલબત્ત આ એક પ્રકારની શોધ પ્રક્રિયા છે ને અવિરત ચાલતી પ્રક્રિયા છે. જેમ કવિને પોતાના સાર્થક

શબ્દની તલાશ હોય છે, તેમ શિક્ષક માટે પણ અસરકારક અધ્યાપન શૈલીની તલાશ હોવી જરૂરી છે. તેથી તમારી જાતને પૂછો...

(અ) શું મેં પ્રયોજેલી પદ્ધતિ - શૈલી મારા અને સમાજે નિર્ધારિત કરેલા લક્ષ્યાંકો પાર પાડી શકી છે ?

(બ) મેં પ્રયોજેલી શૈલી - પદ્ધતિમાં કઈ કઈ માર્યાદાઓ મને લાગે છે ?

(ક) પ્રસ્તુત પાઠ્યવસ્તુના શિક્ષણ માટે આ સિવાય કઈ કઈ પ્રયુક્તિઓ હોઈ શકે ?

(ડ) તેમનાં વિશિષ્ટ લક્ષણો મારી પ્રયોજેલી શૈલીમાં કઈ રીતે સમન્વિત કરી શકું ?

(ઈ) હું અધ્યેતાઓને મહત્તમ સંતોષ કઈ અધ્યાપનશૈલીથી આપી શકીશ ?

**સિદ્ધાંત : ૫**

**વર્ગખંડ વ્યવસ્થાપન**

અધ્યયન-અધ્યાપનના સુચારુ વ્યવહારો માટે વર્ગખંડ ભાવાવરણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેથી તેને નજર અંદાજ ન કરી શકાય, માટે તમારી જાતને પૂછો...

(અ) અધ્યેતાઓની મારી પાસે શી શી અપેક્ષાઓ છે ?

(બ) એ અપેક્ષાઓ પૂર્ણ કરવા મારે કેવો વ્યવહાર કરવો જોઈએ ?

(ક) વર્ગખંડ વ્યવસ્થાપન માટે આ શાળા સંસ્થામાં મુખ્યત્વે કયો અભિગમ પ્રયોજાય છે ?

(ડ) શું હું ઉક્ત અભિગમ થકી અધ્યેતાઓની અપેક્ષાઓ સંતોષી શકીશ ?

(ઇ) જો...ના... તો મારે શા શા પરિવર્તનો કરવા જોઈએ ?

**સિદ્ધાંત : ૬**

**અધ્યાપન ક્ષમતા અને નવીનીકરણ.**

શિક્ષકની અસરકારકતાને એસિડ ટેસ્ટ છે તેની વર્ગખંડમાં અભિવ્યક્ત થતી અધ્યાપન ક્ષમતા (ટીચિંગ કેપેસિટી) એ સંદર્ભે તમારી જાતને પૂછો...

(૧) શું હું નિર્ધારિત શૈક્ષણિક ઉદ્દેશો પરિપૂર્ણ કરી શકું છું ?

(૨) શું મારા કારણે અધ્યેતાઓની અધ્યયન ક્ષમતામાં વધારો થયો ?

(૩) વર્ગખંડમાં શિક્ષણ કાર્ય દરમિયાન મેં આજે શું નવું કર્યું ?

(૪) મારા અધ્યાપન કાર્યને અસરકારક બનાવવા માટે કયા કયા નવતર પ્રયોગો કરવા જોઈએ ?

**સિદ્ધાંત : ૭**

**ક્રિયાત્મક સંશોધન : અસરકારક શિક્ષણકાર્ય માટે**

આ એક બહુ મહત્ત્વનો સિદ્ધાંત છે. સ્વ વિકાસ માટે આત્મનિરીક્ષણ, આત્મ વિશ્લેષણ અને આત્મ પરિક્ષણ જરૂરી છે એ માટેની પ્રક્રિયા છે ક્રિયાત્મક સંશોધન. શિક્ષણકાર્યને વધુ સફળ કરવા શિક્ષકે ક્રિયાત્મક સંશોધનનો સહારો લેવો જોઈએ. આ માટે તમારી જાતને સવાલ પૂછો....

(૧) શું મને શિક્ષણકાર્યની પ્રકૃતિ પ્રક્રિયા કે નીપજ બાબતે કયા કયા અવરોધો નડે છે ?

(૨) આ અવરોધો હટાવવા હું કયો માર્ગ અપનાવું છું ?

(૩) શું આનાથી વધારે સારો માર્ગ હોઈ શકે ?

(૪) શું હું મારા શિક્ષણકાર્યને અસરકારક બનાવવા ક્રિયાત્મક સંશોધન કરતો રહું છું ?

**સિદ્ધાંત : ૮**

**વિષયવસ્તુનું વિશ્લેષણ ને પાઠ્ય બિંદુઓની પસંદગી**

શિક્ષણ કાર્ય એ માત્ર કસબ નથી કલા પણ છે તેની પ્રતીતિ આ તબક્કે થાય છે. અહીં શિક્ષકે પાઠ્યસામગ્રી પર તથા અધ્યેતા સમૂહ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. ત્યારબાદ તમારી જાતને સવાલ પૂછો.....

(અ) આ પાઠ્યસામગ્રીમાંથી મને કઈ ત્રણ બાબત સૌથી વધુ ગમે છે ?

(બ) આ પાઠ્યસામગ્રીમાંથી હું કઈ બે બાબત શીખી શકું

છું ?

(ક) આ પાઠ્યસામગ્રીમાંથી પુનઃશિક્ષણ દરમિયાન કયા મુદ્દાને હું નવતર (ઈનોવેટિવ) રૂપે ભણાવી શકું છું ?

**સિદ્ધાંત : ૯**

**નૂતન તકનિકીનો ઉપયોગ**

શિક્ષકે નવી નવી અધ્યાપન તકનિકીથી જાણકાર રહેવું જોઈએ તથા વર્ગખંડમાં તેના વિનિયોગની ક્ષમતા કેળવવી જોઈએ આ સંદર્ભે તમારી જાતને સવાલ પૂછો.....

(૧) શું હું શૈક્ષણિક ટેક્નોલૉજી (હાર્ડવેર અને સોફ્ટવેર) અંગે જાણું છું ?

(૨) વર્ગખંડમાં શિક્ષણકાર્યમાં તેનો ઉપયોગ કરું છું ?


(૩) હજુ વધુ અસરકારક ઉપયોગ માટે મારે શું શું કરવું જોઈએ ?

દોસ્તો ! શિક્ષણકાર્યને અસરકારક બનાવવા શિક્ષણકાર્ય કરતા પહેલા, શિક્ષણકાર્ય દરમિયાન અને શિક્ષણકાર્ય પૂર્ણ થયે સ્વ સાથે સંવાદ સાધવા માટેની આ ટીપ્સ છે. એ સિવાયના પ્રશ્નો પણ જોડી શકો છો. પ્રક્રિયા તો ઉપકરણ છે ને લક્ષ્ય છે શિક્ષણકાર્યને અસરકારક બનાવવાનું. ચાલો હું વચ્ચેથી હટી જાવ છું ને તમે જ તમારી જાત સાથે સંવાદ સાધો...

# હેરિટેજ

**ઉપેન્દ્ર પટેલ**

સરસપુર સેવા ટ્રસ્ટ, સરસપુર, અમદાવાદ



વિશ્વનો વરસો વરસનો સચવાયેલો ઈતિહાસ છે
દુનિયાના પ્રવાસ પરિચય પ્રેમ વર્ધન ની પહેચાન હેરિટેજ...
સદીઓના મહામૂલા અનુભવ, આવડત, સૂઝ-બુઝ,
સંસ્કૃતિના શિક્ષણની શીખ-શોખનું સંગ્રહસ્થાન હેરિટેજ...
વુડન, પત્થર, ધાતુ, માટી, રેતી, કાગળ, ઝવેરાત
દુર્લભ-સુલભ સચવાયેલ-સાચવનાર, બનાવનાર ને સલામ... હેરિટેજ...
હર કોઈ હર્ષથી હરખે હરખે વધાવે
હર સાલ હટપેઠી હોંશે હોંશે સોંપે અને હર્ષે પોંખે હેરિટેજ...
મીનારા, મૂર્તિ, વાવ, મંદિર, મસ્જીદ, મકાનો, પીરામીડ,
મમી, ટાવરો, કિલ્લા, દીવાલો, વિવિધતાના વૈભવનો,
અણમોલ વૈભવી, વિસારતો પર વારી જાઉં.
હેરિટેજનું ફૂલેકું લઈ ફરીએ, ફેરવીએ, ફોરેનમાં
માનવીની મહેનતના શાહી શોખ હેરિટેજ ને નવાજીએ
વૈશ્વિક મિલન, મહોબ્બત ના મહોત્સવનો મુકામ
ચાહ, વાહ, આહના ઉમદા ઉદ્ગારોના ઉદ્ગમનું તીર્થ હેરિટેજ...

## આઘાત !

**હરિત પંડ્યા**

૨૧, મેઘાનગર, નડિયાદ-૨. મો.: ૯૪૦૯૨૭૭૬૨૨

એમને હમણાં જ સમાચાર મળ્યા.

એમની શાળાના અગિયારમાં ધોરણમાં ભણતો તન્મય રોડ અકસ્માતમાં મૃત્યુ પામ્યો છે, એ મતલબના.

સમાચાર સાંભળતાં જ એમણે હળવો આઘાત અનુભવ્યો. તન્મય એમનો પ્રિય વિદ્યાર્થી હતો. ભણવામાં હોંશિયાર. વિવેકી પણ એવો જ. અભ્યાસ ઉપરાંત અભ્યાસને પૂરક પ્રવૃત્તિઓમાં પણ એ ઊલટથી ભાગ લેતો.

એ એમની કેબિનમાં પ્રવેશ્યા. સામેની દીવાલ પરના સરસ્વતીના ફોટાને નમન કરીને એ એમની ખુરશી પર બેઠા.

એમના પટાવાળાએ ટેબલ પર મૂકેલ પાણીના ગ્લાસમાંથી એમણે એક ઘૂંટ પાણી પીધું. જરાક સારું લાગ્યું.

ત્યાં, પ્રાર્થનાનો ઘંટ વાગ્યો.

એ ભારે હૈયે પ્રાર્થના હોલમાં પ્રવેશ્યા.

અને પ્રાર્થના શરૂ થઈ.

પ્રાર્થના પૂરી થયા પછી એમણે તન્મયના અકાળ અવસાનના સમાચાર સૌને આપ્યા. પછી એમણે તન્મયના વર્ગશિક્ષકને દિવંગત વિશે બે શબ્દો બોલવા કહ્યું, વર્ગશિક્ષક ખાસ કશું બોલી શક્યા નહીં. એ કામ પણ એમણે કર્યું.

પછી સદ્‌ગતના આત્માને ચીર શાંતિ મળે એ માટે બે મિનિટનું મૌન પાઠવવામાં આવ્યું. મૌન પ્રાર્થના પછી આચાર્યે જાહેર કર્યું,

"આજે શાળામાં શિક્ષણકાર્ય બંધ રહેશે."

"હોં....!" ના હર્ષનાદથી વિદ્યાર્થીઓએ આચાર્યની જાહેરાતને વધાવી લીધી.

એ સાંભળતાં આચાર્યનો આઘાત વધારે ઘેરો બન્યો.

## "ઘરશાળાના ગ્રાહકો - વાંચકોને વિનંતિ"

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ 'ઘરશાળા' રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યિક શાળામાં 'ઘરશાળા' આવે છે ? આપના અધ્યાપન મંદિરમાં 'ઘરશાળા' આવે છે? આપના જાહેર પુસ્તકાલયમાં 'ઘરશાળા' આવે છે ? આપ સૌ 'ઘરશાળા'ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતિ છે.

વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવું તેવી વિનંતિ છે. ગ્રાહક ગમે તે માસથી થઇ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂપિયા : ૧૫૦/- ● આજીવન રૂપિયા : ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

**'ઘરશાળા' માસિક**

**સરસ્વતી વિદ્યામંડળ, ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.**

**gharashala@saraswatividyamandal.org**

**www.saraswatividyamandal.org/publication**

# અને વર્ગ તાળીઓના ધ્વનિથી ગુંજી ઉઠ્યો.....

**ડૉ. ભરત જાદવ**

ઈનચાર્જ પ્રિન્સિપાલ,
એમ. વાય. હાઈસ્કૂલ, દાહોદ.

સામાન્ય રીતે એવું બનતું હોય છે કે શાળામાં કોઈ એક વિદ્યાર્થી કે વિદ્યાર્થીઓના જૂથ કે વર્ગ પ્રત્યે એક વાર જે સામાન્ય ધારણા બંધાય, પ્રથમ તેને પ્રમાણપત્ર આપનાર તેનું નિર્માણ કરે, અને પછી સ્ટાફરૂમમાં અંદરોઅંદર ચર્ચાનો વિષય બને, અને પછી તો સૌની દૃષ્ટિમાં તે ધારણા મજબૂત બની જતી હોય છે. આમાં અપવાદ હોઈ શકે છે. અલબત્ત ક્યારેક આવી સર્વસામાન્ય ધારણાઓના તાબે ન થઈને, તેમાં પરિવર્તન માટેના સ્તુત્ય પ્રયાસો થતા રહેતા હોય છે. સાચા શિક્ષણનો ઉદય અને અર્થ એમ બંનેને તેમાં સાર્થકતા મળતી હોય છે. પણ તેનો આધાર તે વિદ્યાર્થી કે વિદ્યાર્થીઓના જૂથ કે વર્ગ પ્રત્યે શિક્ષકનો દૃષ્ટિકોણ અને સંવેદના કેટલી સકારાત્મક અને સહાનુભૂતિપૂર્ણ છે, તેના પર રહેલો છે. શિક્ષકના પોતાનામાં જ જેટલો વિશેષ આશાવાદ, ઉત્સાહ, સકારાત્મક દૃષ્ટિકોણ અને સંવેદન અને સર્જનશીલતા હોય, તેટલો ઉપરોક્ત બાબત પ્રત્યે તે વધુ જાગૃત અને પ્રયાસરત બનતો હોય છે. આવું કરનારને સફળતા મળતી જ હોય છે.

વિદ્યાર્થીઓની જે તે સમયની માનસિક દશા અને સ્તરને સમજીને તે ભૂમિકા પરથી વાત રજૂ કરવામાં આવે તો તેમને ચોક્કસ ગમતી હોય છે. તેમ કરીને તેમને વિષયની સમજ સારી રીતે આપી શકાય છે. માત્ર ધારણાઓ પર આધારિત કોઈ પણ બાબત ક્યારેય હાનિકારક અને નકારાત્મકતાને વધારી મૂકે છે, જે સરવાળે વિદ્યાર્થીના જીવનને અને પછી તેના પરિવાર અને સમાજ માટે નુકસાનકર્તા બની જાય છે. વિદ્યાર્થીની ચેષ્ટાઓ, આદતો અને વલણો તરફ ખૂબ જ ગંભીરતાથી વિચારીને તેને યોગ્ય દિશા આપવી એ શિક્ષણની પાયાની ભૂમિકા અને જવાબદારી છે.

વય અને વર્તમાન પરિસ્થિતિઓ જોતાં વિદ્યાર્થીઓના પહેરવેશ, વાળની સ્ટાઈલ, પુસ્તક પકડવાની રીત અને એવી બીજી ઘણી બાબતો એવી હોય છે કે તે શિક્ષકના ધ્યાનમાં આવે તો તેને ઉત્તેજિત કરી દેતી હોય છે. પણ આ જ સ્થિતિમાં શિક્ષકના શિક્ષકત્વની કસોટી થતી હોય છે. તેવા સમયે જરૂરી છે કે મગજ પરનો કાબૂ ન ગુમાવીને વિદ્યાર્થીઓને સારી અને સાચી સમજ આપવાની માનસિકતા કેળવે. પછી ભલેને વિષયાંતર કરવું પડે.. કરવું ઘટે... ત્યારે એ ન ભૂલાવું જોઈએ કે તે પણ શિક્ષણ જ છે. આવું થાય ત્યારે તે વર્ગમાં બધાને માત્ર ગમતું જ હોય એટલું જ નહીં, અસરકારક સાબિત થતું હોય છે. અહીં એક પ્રસંગ સૌ માટે પ્રેરણાદાયી થઈ શકે તે માટે નોંધું છું.

એકવાર શિક્ષક તેમના વર્ગમાં તાસ લેવા માટે ગયા. તેમનાં પ્રવેશતાં પહેલાં વર્ગમાં થોડી ઘણી હલચલો થતી હતી, તે એકદમ શાંત થઈ ગઈ. પ્રવેશતાંની સાથે જ તેણે પ્રેમ અને ઉત્સાહથી વર્ગ તરફ નજર કરતાં તેને જોયું તો મોટા ભાગની પાટલીઓ પર તેમના જ વિષયની નોટબુક અને પુસ્તક મૂકેલાં હતાં. શિક્ષકે બ્લેકબોર્ડ પર વિષય લખ્યો. અને વિષયાંગની ચર્ચા કરવા જેવા વર્ગ તરફ ફર્યા કે તેમની નજર પહેલી જ પાટલી પર બેઠેલા બે વિદ્યાર્થીઓના હાથ પર પડી. તે બંનેએ પોતાના એક-એક હાથમાં હાથના લાંબા મોજા ચઢાવી રાખેલાં. સાદી નજરે જોતાં તો તે ફૂલ બાયનું સ્વેટર હોય તેવું લાગ્યું. પણ પાસેથી જોતાં તે ટેટુવાળાં સામાન્ય પ્રકારના

સ્ટાઈલિશ મોજા જ હતાં. પ્રથમ તો "આ વર્ગના છોકરાઓ સાવ ધમાલિયા છે" એવી દઢ થયેલી પેલી ધારણા તેના મગજમાં ફટાક થઈને ઉભી થઈ ગઈ, પણ તત્ક્ષણે તેનો વિવેક જાગ્યો. શિક્ષકે તે બંનેને ઊભા કર્યા અને ખૂબ જ પ્રેમપૂર્વક પૂછ્યું — "ભાઈ, કેમ બંને મિત્રોએ એક-એક જ મોજું પહેર્યું છે. બંનેએ આખી જોડ જ પહેરવી જોઈએ ને. પણ પેલા બંને કશો જ જવાબ ના આપે. એટલામાં એમની સાથેના એક વિદ્યાર્થીએ ખૂબ ડરતાં જઈને દબાતા અવાજે કહ્યું - સર, ઈ ફેશન મારે છે... "તેની વાત સાંભળીને તો શિક્ષકનો પિત્તો ઔર ગયો. પણ હજી વિવેક વધાર્યો. પછી તેની સાથે ફરનારા તમામ વિદ્યાર્થીઓને એક એક કરીને પૂછ્યું... તો... લગભગ બધાએ એ જ વાત કરી. તેમની મુખમુદ્રા પરથી જણાતું હતું કે તેઓ બધા પેલા બે વિદ્યાર્થીઓને સજા કરાવવાના ઈરાદાથી જ આમ કહી રહ્યા હતા. પણ ક્ષણ માટે કંઈક વિચારીને પછી પેલા શિક્ષકે વિષય બાજુ પર મૂકીને બોર્ડ પર બે શબ્દો લખ્યા - ફેશન અને સ્ટાઈલ. અને પછી પેલા ફેશનવાળા વિદ્યાર્થીથી શરૂ કરીને આખા વર્ગને તેનો અર્થ પૂછવાનું શરૂ કર્યું. થોડી હળવાશ સાથે વિદ્યાર્થીઓને આવડે તેવાં ઉદાહરણો સાથે વ્યાખ્યાઓ અને જાણકારી પ્રગટ થવા માંડી. કોઈ હળવી કોમેન્ટ પણ કરે. અને એમ આખા વર્ગનું વાતાવરણ હળવુંફૂલ થઈ ગયું. પછી શિક્ષકે ગંભીર થઈને ફેશન અને સ્ટાઈલના વ્યવસાય વિશે રાજય, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય બજારમાં ચાલી રહેલા બિઝનેસ, તેનાં પાસાંઓ, તેમાં આવશ્યક બાબતો, સમજ, પ્રયાસ અને ક્યાં-ક્યાં આ રીતનું શિક્ષણ મળે છે, તે તમામ બાબતોની રસપ્રદ ચર્ચા શરૂ કરી. સાથે સાથે વિદ્યાર્થીઓને એ પણ સમજાવ્યું કે તે માટે દૃષ્ટિને કેવી રીતે કેળવી શકાય. અને પછી સર્જનાત્મકતા તરફ વળીને ભવિષ્યમાં ફેશન અને સ્ટાઈલને પોતાનો વ્યવસાય બનાવી શકાય તેવા આશાવાદની રીતસરની સમજ આપવા માંડી. વિદ્યાર્થીઓ ખૂબ જ શાંત અને ગંભીરતાથી ચર્ચા સાંભળવા લાગ્યા. એવું લાગતું હતું કે જાણે તેઓ બધા ફેશન અને સ્ટાઈલના કોઈ વર્કશોપમાં બેઠા લાગ્યા. અને અંતે આપણાં રોજબરોજના કામમાં સર્જનાત્મકતા કેવી રીતે વિકસાવી શકાય તેવાં અનેક ઉદાહરણો સાથે વાતાવરણ એવું તો જામ્યું કે તાસ ક્યારે પૂરો થયો તેની તો ખબર ના પડી, પણ નાની રિસેસનો બેલ થતાં આજુબાજુના વર્ગના વિદ્યાર્થીઓ પણ બારીમાંથી જોવા લાગ્યા. અને અંતે, સારું... હવે પછી જયાં અને જયારે પણ તમે કોઈ "ફેશન" શબ્દ સાંભળો ત્યારે તેને સમજવાનો પ્રયાસ કરશો અને કોઈ નવો વિચાર કે આઈડિયા સૂઝે તો મને બતાવશો... એમ કહીને તે વર્ગમાંથી બહાર નીકળતા હતા ત્યારે તેમણે જોયું તો આખો વર્ગ તાળીઓના ગડગડાટથી ગુંજતો હતો...

જો શિક્ષકે તે બે વિદ્યાર્થીઓને ડરાવી ધમકાવીને તેને મોજા કાઢવા સૂચના આપી હોત તો વિદ્યાર્થીઓ કાઢી નાખતા. પણ, પછી તેમના મનમાં આખો તાસ જુદા જ વિચારો આવતા હોત અને શિક્ષક પ્રત્યે પણ તેની નકારાત્મક દૃષ્ટિ અને ધારણા મજબૂત બની જતી.

આમ સમગ્ર રીતે જોતાં "વિદ્યાર્થીઓના માનસિક સ્તર પર જઈને જ શિક્ષક ભણાવે તો તે જ સફળ થતો હોય છે" તે મતલબની કાકા કાલેલકરની વાત સો ટચના સોના જેવી છે. આ માત્ર નાનું ઉદાહરણ છે. આ તો તત્કાળ ઉભી થયેલી સ્થિતિનું અને તેના નિવારણનું ઉદાહરણ છે. વિદ્યાર્થીઓ સાથે સંવાદ થાય, તેમને સાંભળવા, સમજવા અને અપનાવવામાં આવે તો તેમાંથી પ્રેમ અને સાહચર્ય પ્રગટતું હોય છે. તો જ સાચા શિક્ષણનું પ્રાગટ્ય થતું હોય છે. તો જ તેમાં સકારાત્મક બદલાવ આવી શકે છે. આવો, આપણું પ્રત્યેક કદમ આ જ દિશામાં ભરાય તેવો પ્રયાસ આજથી આરંભીએ.

# પ્રાકૃતિક સુંદરતાની દિશામાં

**નિખિલ બક્ષી**

ઔદ્યોગિક પ્રગતિ તરફ આંધળી દોટ મૂકી રહેલ માનવ હવે ધીરે ધીરે પણ સ્પષ્ટ રીતે સમજતો થયો છે કે વન્ય જીવન અને અન્ય જીવનને જુદાં પાડી શકાય તેમ નથી. પરિસરવિદ્યા (ઈકોલૉજી)નાં શાસ્ત્ર દ્વારા હવે આપણે એટલું તો જાણતા થયા છીએ કે સંસારના પ્રત્યેક જીવ એકબીજા સાથે સંબંધિત તો છે જ, પણ મહદ્અંશે એકબીજા પર નિર્ભર પણ છે. વનજીવનનાં ભલામાં માનવનું ભલું છે.

કુદરતનો વિનાશ કેટલી ગતિથી થઈ રહ્યો છે તેનો એક વિશ્વસનીય માપદંડ વન્યજીવન છે. જ્યાં જમીન ધોવાઈ જતી હોય, નદીઓ અને જળાશયો પ્રદૂષિત હોય તથા જંગલ કપાતાં હોય ત્યાં વન્યજીવન લાંબો સમય ટકી ન શકે. દુઃખની બાબત એ છે કે આજે ઘણા વન્યજીવ પૃથ્વીની સપાટી પરથી સંપૂર્ણપણે તથા સદાયને માટે ભૂંસાઈ જવાના ભયમાં છે. આજે અનેક પ્રકારના વન્યજીવન વિનાશના આરે ઊભા છે. કુદરતની ઘટમાળ પ્રમાણે કેટલીક જાતો આપોઆપ જ નષ્ટ થઈ જાય તે સાચું. પણ તેની જગ્યાએ તે કરતાં કુદરતને વધુ અનુકૂળ તેવા જીવ ઉત્પન્ન થતા હોય છે. ડાર્વિનનો ઉત્ક્રાંતિનો સિદ્ધાંત આનું પ્રમાણ છે. પણ માનવ-પ્રગતિ તો આકાશમાંની વીજળી જેટલો ઝડપી અને વિસ્તૃત વિનાશ સર્જી રહી છે. આનું એક સચોટ ઉદાહરણ છે — પેસેન્જર અથવા યાત્રાળુ કબૂતર. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ સુધી આ પ્રકારનાં કબૂતરની સંખ્યા લાખોમાં હતી, માનવ-પ્રગતિની વિપરીત અસર થતાં તેની સંખ્યા ઉત્તરોત્તર ઘટતી ગઈ. છેલ્લું આ પ્રકારનું પારેવું અમેરિકાનાં એક પ્રાણી સંગ્રહાલયમાં ૧૯૧૪માં મૃત્યુ પામ્યું.

મોરિશિયસ ટાપુઓમાં 'ડોડો' નામે પક્ષી હતાં. 'ડોડો' એટલે પોર્ટુગીઝ ભાષામાં 'ભોળું'. પાંખ તેની એટલી નાની કે ઊડ્યા માટે નકામી. બેપગા શિકારીની હડફેટમાં આવી ગયેલ ડોડો હવે પૃથ્વીનાં પડ પર નથી. તે પરથી અંગ્રેજીમાં વાક્યપ્રયોગ આવ્યો — "ડેડ એઝ ડોડો". કોઈપણ વૈજ્ઞાનિક કોઈ પણ પ્રયોગશાળામાં હવે ડોડો પેદા ન કરી શકે. કુદરતનાં અટપટાં જાળાનું એક તાંતણું તૂટ્યું તે તૂટ્યું જ. ભૌતિક સુખની આપણી ભૂખે બીજાં પ્રાણીઓને રહેવા માટે હવે જગ્યા જ ક્યાં રાખી છે ? મકાનો, રસ્તાઓ અને ઉદ્યોગો માટે પ્રતિવર્ષ અંદાજે ૧૫ લાખથી વધુ એકર વનભૂમિનો ભોગ લેવાય છે.

જ્યાં પ્રદૂષણ છે ત્યાં વનજીવન શક્ય નથી. તેમજ માનવજીવન પણ શક્ય નથી. શુદ્ધ જળ અને શુદ્ધ હવા એ બંનેની આગવી આવશ્યકતાઓ છે. જે વિસ્તારમાં પ્રાણીઓ તંદુરસ્ત છે તે વિસ્તાર માનવ માટે પણ સ્વાસ્થ્યનો સૂચક છે.

શારીરિક સ્વાસ્થ્યની સાથે માણસનાં માનસિક સ્વાસ્થ્ય માટે પણ વનજીવન જરૂરી છે. કુદરતના સંસર્ગમાં તથા વનનાં સાંનિધ્યમાં ઘણા માણસો આત્મિક ઉન્નતિ અનુભવે છે. શહેરનો કંટાળેલો, રોગગ્રસ્ત માનવી શાંતિ તથા આનંદ માટે લીલાંછમ વન શોધે છે. સ્વતંત્ર જાનવરોને જોઈ કેટલાક લોકો હરખાય છે કારણ કે તેમાં તેમને અંતરમાં રહેલી સ્વાતંત્ર્યની ઝંખનાનાં દર્શન થાય છે. આવી સમજુ વ્યક્તિઓને શિરે નિસર્ગને સાચવવાની જવાબદારી વધુ છે. તેમણે સહુએ સાથે મળી કંઈ કરવાની જરૂર છે. સમય પાકી ગયો છે. પ્રકૃતિ રાહ જુએ છે.

પૃથ્વીરૂપી આ વહાણમાં સહુ આનંદથી, સુખેથી રહી શકે તે જોવાની જવાબદારી આપણી બધાંની નથી ? આપણી ચોપાસ નજર કરતાં પ્રકૃતિક્ષેત્રે સંશોધન, આયોજન અને તેના અમલ માટે વિશાળ ફલક દષ્ટિગત થશે. આપણા દેશમાં જ નહીં, સમસ્ત સંસારમાં પ્રકૃતિ સંરક્ષણ પરત્વે વધુ કાળજીની જરૂરિયાત જણાય છે. ઔદ્યોગિક પ્રગતિ અને સંસાધનોનો અતિ ઉપયોગ પણ પોતાનો ભોગ લે જ

છે તે સમજવું જોઈએ. આપણી કેટલી 'પ્રગતિ' કુદરતનાં પરિબળો સહન કરી શકશે તે જાણવું પડશે.

પ્રકૃતિના જે પ્રેમીઓ તથા તેમની સંસ્થાઓએ જનશિક્ષણનું બીડું ઝડપ્યું છે તેઓ સાથે મળી નીચે મુજબ ધ્યેય નક્કી કરી શકે :

૧. જળ તથા વાયુનાં પ્રદૂષણક્ષેત્રે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય માનક સ્થાપિત કરવાં, જેથી જળાશયો, નદીઓ, સમુદ્રો અને શહેર તથા ગ્રામ્ય વિસ્તારોનાં વાતાવરણની શુદ્ધતા જળવાઈ રહે.
૨. ઘન કચરાના નિયમન તથા પુનઃઉપયોગ માટે ત્વરિત પગલાં.
૩. હાનિકારક જીવાણુઓના નાશ માટે રાસાયણિક દવાઓ કરતાં જીવાધારિત પ્રક્રિયાઓનો પ્રયોગ.
૪. વનવગડા, કુદરતી વિસ્તારો, પ્રાકૃતિક કેડીઓ તથા નદીઓનાં મૂળ જેવા પ્રદેશોનું જતન.
૫. શક્ય તેટલા વધુ વન્યજીવોને કાયદા તથા તેના અમલ દ્વારા રક્ષણ, આમાં જળચર જીવોનો પણ સમાવેશ થાય.
૬. વન્યજીવન તથા પ્રાકૃતિક સાધનોનો વહીવટ વૈજ્ઞાનિક પદ્ધતિથી થાય, ભાવનાશીલ રીતે નહીં.
૭. આપણાં રહેઠાણનાં સ્થાનોમાં, શહેરોમાં અને ધોરી માર્ગો પર પ્રકૃતિને પણ યોગ્ય સ્થાન મળે તે પ્રકારનું આયોજન.
૮. સામાન્યજનનો આ વિષયમાં રસ કેળવવા શિક્ષણ આધારિત, પણ આકર્ષક કાર્યક્રમોનું આયોજન.

ભવિષ્યની પેઢીઓની સમૃદ્ધિ માટેની જવાબદારી આપણા માથે છે તેનું મૂલ્ય સમજીએ અને પ્રાકૃતિક સંદરતાની દિશામાં પગ માંડીએ.

# "દહેજમાં મળેલું મુંબઈ" શા માટે કહેવાયું ?

**૧૫૩૪** AD માં ગુજરાત સલ્તનતના બહાદુર શાહ અને પોર્ટુગીઝ વચ્ચે "Treaty of Bassein" (બે સેઈન સંધિપત્ર) ઉપર સહી થયા પછી પોર્ટુગીઝે મુંબઈ ઉપર અધિકાર પ્રાપ્ત કર્યો. ત્યારબાદ પોર્ટુગીઝ રોમન કેથલીક ધર્મના પ્રભાવ હેઠળ વિકાસ પામવામાં પ્રસન્નતા અનુભવતું હતું.

(Treaty of Bassein - ૩૧ ડિસેમ્બર ૧૮૦૨ માં બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની અને ભારતના પૂના શહેરના મરાઠા પેશવા બાજીરાવ-૨ વચ્ચે પુનાની લડાઈ પછી થયેલો સંધિપત્ર).

એ સમયે મુંબઈને નાના નાના સંખ્યાબંધ સાત ટાપુઓ હતા અને પોર્ટુગીઝ દરેક ટાપુને જુદા જુદા નામે બોલાવતા હતા. તેમણે શહેરની ફરતે જુદા જુદા રક્ષણાત્મક બાંધકામ બાંધ્યા હતાં.

પણ બ્રિટિશર્સની સામે તેઓ મુંબઈ શહેર પરનો પોતાનો કાબૂ ઝડપથી ગુમાવતા ગયા. ઈ.સ. ૧૫૮૩ માં નવેમ્બર માસમાં જ્યારે સૌ પ્રથમ અંગ્રેજ વેપારી મુંબઈ આવી પહોંચ્યો ત્યારે તેને આ શહેરના કુદરતી બંદરનું અને વેપારની દૃષ્ટિએ આ જગ્યાનું કેટલું મહત્ત્વ છે તે સમજાયું.

ઈ.સ. ૧૬૧૨ માં બ્રિટીશર્સ અને પોર્ટુગીઝ વચ્ચે સુરતમાં મુંબઈ પર કબજો મેળવવા માટે લડાઈ થઈ. જેણે પોર્ટુગીઝનો ભારત પરનો વેપારનો ઈજારો તોડી નાંખ્યો.

સમય જતાં અંગ્રેજ વેપારીને વેપાર પરના નિયંત્રણ દ્વારા નફો થવા લાગ્યો અને પોર્ટુગીઝનો અંકુશ લગભગ નામશેષ થવાની શરૂઆત થઈ ગઈ. પણ ઈ.સ. ૧૬૬૨ માં એક રસપ્રદ ઘટના બની કે જ્યારે તા. ૨૧ મે ૧૬૬૨ માં પોર્ટુગલના રાજા જહોન ચોથાની પુત્રી કેથેરીન ડે બ્રેગેન્ઝા સાથે ઈંગ્લેન્ડના રાજા ચાર્લ્સ-૨ એ લગ્ન કર્યા. ત્યારે દહેજના એક ભાગરૂપે પોર્ટુગલના રાજાએ બ્રિટિશ એમ્પાયરના હાથમાં મુંબઈ સોંપ્યું.

કોઈને પણ લગ્નમાં એક આખું શહેર દહેજમાં મળી જાય તો કોણ ખુશ ના થાય ? પણ ચાર્લ્સ-૨ ને મુંબઈ ઉપર શાસન કરવાનું કાર્ય ઘણું મુશ્કેલ અને વ્યવહારિક રીતે દુઃસહ લાગ્યું. તેને જિંદગીને સરળ રીતે જીવવી હતી. તે કોઈ કષ્ટ ઉઠાવવા નહોતો માંગતો. આથી તેણે ઈસ્ટ ઈન્ડિયા કંપનીને આખું મુંબઈ માત્ર ભાડે પેટે આપી દીધું. ત્યારબાદ મુંબઈ શહેર બ્રિટિશ હકુમત હેઠળ આવ્યું.

# વેસ્ટ મેનેજમેન્ટ : થોડું સરકારી, થોડું સહકારી

**કિરણ કાપુરે**

થોડા સમય પહેલાં જ અમદાવાદમાં પિરાણા ડમ્પિંગ સાઈટનો કચરો જમીન પર ધસી આવવાની ઘટના બની ને લોકો ત્રાહિમામ્ પોકારી ગયા… તંત્ર દોડતું થયું… ને આખરે જેમ તેમ કરીને સમસ્યા એ ઘડીએ તો ઉકલી ગઈ, પણ એટલાથી શું 'ગંગા નાહ્યા' — કચરાનો કાયમી નિકાલ આવ્યો ? એ તો માત્ર એક જગ્યાએથી બીજી જગ્યાએ ગયો. હવે એ બીજી જગ્યાનું શું ? ફરી એ જ ઘટનાક્રમ ?!… મામલો પેચીદો છે. બેમાંથી બે જાય તો શૂન્ય - વાળો નથી. સમજીએ, ક્યાંથી ને કેવી રીતે આવે છે આ ઢગલાબંધ કચરો ને આપણા દેશના માત્ર આંગળીના વેઢે જ ગણી શકાય એટલાં શહેરોમાં એના નિકાલની કેવી છે વ્યવસ્થા…

ગલી-મહોલ્લા-શેરી-સોસાયટી-ઝૂંપડી-વસાહત…, ગરીબ-તવંગર-મધ્યમ વર્ગ…., પુર-ગામ-નગર-મહાનગર… દરેક ઘરમાંથી ને નાનીથી લઈને મસમોટી હોટલો-હૉસ્પિટલોમાંથી…. રોજેરોજ કચરો બહાર આવે છે; પહેલાં આ કચરો જે તે વિસ્તારના નાકે અને પછી તેને એકત્રિત કરીને શહેરની કોઈ નિશ્ચિત કરેલી જગ્યા - ડમ્પિંગ સાઈટમાં ઠાલવવામાં આવે છે. ભારતનાં મોટા ભાગનાં શહેરોમાં આ પેટર્નથી જ કચરાનો નિકાલ કરવામાં આવે છે. અહીં નિકાલ એટલે એકત્રિત થયેલો કચરો એક જગ્યાએથી બીજી જગ્યાએ ઠાલવવો એટલું જ, એનાથી વધુ કંઈ જ નહીં, એમ સમજવાનું રહે છે. કેમ કે ખરા અર્થમાં નિકાલ કહેવાય તેવી સ્થતિ હજુ દેશમાં જૂજ શહેરોની જ છે. વિચારીએ, જ્યારે લાખો-કરોડોની વસ્તી ધરાવતાં આપણાં શહેરમાંથી નીકળતો આ કચરો કોઈ એક સાઈટ પર ડમ્પ થતો હશે, ત્યારે ત્યાં શું સ્થિતિ સર્જાતી હશે ? બે જ મહિના પહેલાં, એટલે કે નવેમ્બર, ૨૦૧૭માં જ્યારે અમદાવાદમાં પ્રદૂષણનો સ્તર હાઈ એલર્ટ પર આવ્યો ત્યારે અમદાવાદની પિરાણા ડમ્પિંગ સાઈટને દૂર કરવાની ફરી માંગણી ઊઠી હતી. એ જ રીતે દિલ્હી પણ કચરાથી પરેશાની ભોગવી રહ્યું છે, જ્યાં પ્રદૂષણ વધ્યું હોવાનું એક કારણ કચરાની ડમ્પિંગ સાઈટ પણ છે ! કચરાના નિકાલ બાબતે દેશનાં મોટા ભાગનાં શહેરોની સ્થિતિ અણઘડ રહી છે, અને એટલે જ નવી દિલ્હી સ્થિત 'ધ એનર્જી ઍન્ડ રિસોર્સિઝ ઈન્સ્ટિટ્યૂટ' નામની સંસ્થાનું કહેવું છે કે ૨૦૪૭ સુધી ભારતીય શહેરોમાંથી નીકળતો કચરો પાંચ ગણો થઈ જશે ! આ કચરાનું વ્યવસ્થાપન થવું અનિવાર્ય છે, જો તેમ નહીં થાય તો માત્ર શિયાળામાં જ નહીં, બારે માસ આપણાં શહેરોમાં પ્રદૂષણ હાઈ એલર્ટ પર રહેશે ! આ મુદ્દે ફરી પાછી, નવી દિલ્હી સ્થિત ને પર્યાવરણવિદ્ સુનિતા નારાયણના ડિરેક્ટર પદે ચાલતી સંસ્થા 'સેન્ટર ફોર સાયન્સ ઍન્ડ એન્વાયર્નમેન્ટ'નું કહેવું છે કે "આપણે આપણાં જ મળમૂત્રમાં ડૂબતાં જઈ રહ્યાં છે, અને ભારત ખૂબ જ ઝડપથી કચરાના સૌથી મોટા ઢગલામાં પરિવર્તિત થઈ રહ્યો છે." સ્થિતિ ખરેખર ગંભીર છે. તેની ગંભીરતા તપાસીએ…..

આપણાં મુખ્ય શહેરોની જ વાત કરીએ ને. એ જોતાં અનેકવાર એવું અનુભવાશે કે મેટ્રો અને સ્માર્ટ સિટી તરફ ભલે આપણે દોટ મૂકી હોય, પરંતુ વાત જ્યારે પાયાની સમજણને અનુસરવાની આવે ત્યારે મોટું મીંડું ઘૂંટાઈ રહ્યું છે. જે વિકસિત દેશોનાં જાણીતાં શહેરો જેવાં આપણાં શહેરોને બનાવવાની ગુલબાંગો આપણે ફૂંકીએ-સાંભળીએ છે તે દિશામાં ખરેખર, એક ડગલું પણ આપણે આગળ વધ્યા છીએ ? શહેરને સ્વચ્છ રાખવા માટે ખડકાયેલી ડમ્પિંગ સાઈટ ખુદ છેલ્લા વર્ષમાં સ્વચ્છતા સામે મોટો પડકાર બનીને આવી ઊભી છે. પૂર્વ દિલ્હીમાં ગાઝીપુરમાં આવેલી ડમ્પિંગ સાઈટ ધસી પડતાં છ લોકો દટાઈ ગયા હતા, જેમાંથી બે જણાં મૃત્યુ પામ્યા હતા. એ જ રીતે ગત

વર્ષે આપણા પાટનગર ગાંધીનગરમાં સેક્ટર-૩૦માં આવેલી ડમ્પિંગ સાઈટમાં આગ લાગતાં લોકોમાં દોડધામ મચી હતી. અમદાવાદની પિરાણા ડમ્પિંગ સાઈટ પર તો આગ લાગવાની ઘટના સામાન્ય બની ચૂકી છે, અને ગત જુલાઈમાં તો આ સાઈટનો એક હિસ્સો ધસીને નીચે આવ્યો હતો, જેના કારણે નજીકના માર્ગ પરથી અવરજવર કરતાં લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. મુંબઈની દેવનાર ડમ્પિંગ સાઈટ પર પણ અવારનવાર આગ લાગતી રહે છે. પરંતુ હજુ સુધી તેનો કોઈ નક્કર ઉકેલ કઢાયો નથી. આ બધી સાઈટ એકાએક તો ખડકાઈ નથી ગઈ. આપણી નજર સામે જ 'રાઈમાંથી પહાડ' થઈ છે !

આ ડમ્પિંગ સાઈટ્સ બહુ મોટી ચિંતાનો વિષય છે. ઘણો બધો સમય શોરબકોર અને વૉકઆઉટમાં જ નીકળી જાય પછી બાકી બચતાં કલાકોમાંય સંસદમાં તેની ચર્ચા કરવી પડે એવી ભયંકરતા આ ડમ્પિંગ સાઈટ્સમાં છે. ગત ફેબ્રુઆરીમાં સંસદમાં કર્ણાટકના સાંસદ શિવકુમાર ઉદાસીએ પર્યાવરણ મંત્રાલયને વેસ્ટ મૅનેજમેન્ટ અંગે કેટલાક પ્રશ્નો કર્યા હતા, જેમાં તેમણે દેશનાં શહેરોમાં વધી રહેલા કચરાના નિકાલનું કેવી રીતે આયોજન થાય છે ? દેશમાં હજુ સુધી કોઈ વેસ્ટ મૅનેજમેન્ટની સિસ્ટમ દેખાતી નથી, અને જો છે તો તે વિશે જણાવવા અને વેસ્ટ મૅનેજમેન્ટ અંગે સરકાર કશો નવો ઉકેલ શોધવા માટે પ્રયાસ કરી રહી છે કે કેમ, અને જો એમ હોય તો તે જણાવો. એમ શક્ય એટલી સૌમ્યતા ધારણ કરીને પૂછેલા પ્રશ્નોના ઉત્તર પર્યાવરણ મંત્રાલયના રાજ્યકક્ષાના મંત્રી અનિલ દવેએ આપ્યા, જેમાં તેમણે જણાવ્યું હતું કે, ૨૦૧૫-૧૬ ના વર્ષ મુજબ દેશમાં રોજનો અંદાજે ૧.૪૩ લાખ ટન કચરો ઉદ્‌ભવે છે અને આ કચરો વસ્તી વધી રહી છે, તેમ વધી રહ્યો છે. બીજા પ્રશ્નના ઉત્તરમાં અનિલ દવેએ દેશની જે તે મ્યુનિસિપાલિટીને કચરાના નિયમન માટે જવાબદેહી ગણાવી, જે અંગે 'ધ મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ્સ, ૨૦૧૬માં વેસ્ટ મૅનેજમેન્ટ રૂલ્સ, ૨૦૧૬માં અલગ-અલગ સ્તરે કચરાના વ્યવસ્થાપન માટે એકથી લઈને પાંચ વર્ષ સુધીનો જે સમય આપવામાં આવ્યો છે, તેને લગતા નિયમોમાં ઘણી મહત્ત્વની બાબતો ઉમેરાઈ છે. તેમાં લેન્ડફિલ સાઈટ (ડમ્પિંગ સાઈટ) ને નદીથી સો મીટર દૂર, તળાવથી બસો મીટર દૂર, હાઈવે અને માનવ વસાહતથી પાંચસો મીટર દૂર અને એરપોર્ટથી **વીસ કિલોમીટર દૂર હોવી જોઈએ તેમ નક્કી કરવામાં આવ્યું છે.** ૨૦૧૬' નો આધાર આપ્યો. તેમ છતાં મ્યુનિસિપાલિટી વેસ્ટ મૅનેજમેન્ટ અંગે કેવું કાર્ય કરે છે, તે તરફ પર્યાવરણ મંત્રાલય નજર રાખે છે, તેમ પણ કહ્યું. ત્રીજા પ્રશ્નના ઉત્તરમાં અનિલ દવેએ કહ્યું કે, સોલિડ વેસ્ટના આયોજન બાબતના નીતિ-નિયમના ઠરાવને ૨૦૧૬માં ફરી સંશોધિત કરવામાં આવ્યો છે; અને તેમાં કચરાને રિસાઈકલ કેવી રીતે કરવો, કેવી રીતે વેસ્ટની રિકવરી કરવી અને તેનો ફરી ઉપયોગ કરવાની વાત પણ ઉમેરવામાં આવી છે.

સંસદમાં વેસ્ટ મૅનેજમેન્ટ અંગે પુછાયેલા પ્રશ્નના સંદર્ભમાં આપવામાં આવેલા ઉત્તરની ખરાઈ જ્યારે ગ્રાઉન્ડ લેવલ પર કરવામાં આવી ત્યારે હાથીના બતાવવાના અને ચાવવાના દાંત અલગ હતા ! ખેર, વેસ્ટ મૅનેજમેન્ટ રૂલ્સ, ૨૦૧૬ માં અલગ-અલગ સ્તરે કચરાના વ્યવસ્થાપન માટે એકથી લઈને પાંચ વર્ષ સુધીનો જે સમય આપવામાં આવ્યો છે, તેને લગતા નિયમોમાં ઘણી મહત્ત્વની બાબતો ઉમેરાઈ છે. તેમાં લેન્ડફિલ સાઈટ (ડમ્પિંગ સાઈટ)ને નદીથી સો મીટર દૂર, તળાવથી બસો મીટર દૂર, હાઈવે અને માનવ વસાહતથી પાંચસો મીટર દૂર અને એરપોર્ટથી વીસ કિલોમીટર દૂર હોવી જોઈએ તેમ નક્કી કરવામાં આવ્યું છે. જોકે, અહીં આપેલા અંતર મુજબ પણ નદી, તળાવને નુકસાન થવાની શક્યતા છે. કારણ કે જ્યારે કચરો ખડકાવવાનો શરૂ થાય છે, ત્યારે તેનો વિસ્તાર સતત વધતો જાય છે, અને મહિનાઓમાં જ તેનો વિસ્તાર કિલોમીટરમાં પ્રસરી જાય છે. કચરાના ઢગ માટે સંશોધિત થયેલા આ નિયમોમાંથી આવાં અનેક ગાબડાં કાઢી શકાય એમ છે.

જેનાથી વેસ્ટ મૅનેજમેન્ટ અંગે તંત્રના ઈરાદા કે સમજણ અંગે શંકા થયા વિના ન રહે.

કચરાના વ્યવસ્થાપનમાં અનેક લોકો રોજગારી સાથે જોડાયેલા છે. રેલ્વે સ્ટેશન અને શહેરોમાં લાખો લોકો કચરો વીણીને રોજગારી મેળવે છે. તેઓ શહેરમાંથી કચરો દૂર કરવા પરોક્ષ રીતે મદદગાર બને છે. આમની ભૂમિકા શહેરને સ્વચ્છ રાખવા માટે અગત્યની બની શકે. તેમના માટે તત્કાલીન પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકરે ૨૦૧૫માં નવી દિલ્હીમાં વેસ્ટ મૅનેજમેન્ટનાં એક કાર્યક્રમમાં એવી જાહેરાત કરી હતી કે, ''આ ક્ષેત્ર અવ્યવસ્થિત અને અસંગઠિત છે. પરંતુ તેઓ ખૂબ સારું કામ કરે છે. તેમને નેશનલ અવૉર્ડ આપીને સન્માનિત કરીશું.'' આ માટે દોઢ લાખના પુરસ્કારના રકમની પણ જાહેરાત કરવામાં આવી, પરંતુ ત્યારપછી જાહેરાત પણ કચરાના ધુમાડાની જેમ હવામાં ભળી ગઈ.

સ્વચ્છતાને લઈને છેલ્લાં ત્રણ વર્ષમાં દેશભરમાં જે જાગૃતિ આવી છે, તેનાં પરિણામ ક્યાંક ક્યાંક દેખાઈ રહ્યાં છે. વિશેષ કરીને જ્યારે તેમાં દેશભરમાંથી સ્વચ્છ શહેરની પસંદગી કરવાની આવી ત્યારે કેટલાંક શહેરોએ તેમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. મધ્ય પ્રદેશનું ઈન્દોર આમાંનું જ એક છે, જેનો આ સ્પર્ધામાં પ્રથમ ક્રમ આવ્યો છે. આજે દેશનું સૌથી સ્વચ્છ શહેર ઈન્દોર છે અને આપ જો ઈન્દોરની મુલાકાત લો તો તેમના દરેક માર્ગ પર સ્વચ્છતા અનુભવાશે. પચીસ લાખની વસ્તી ધરાવતાં ઈન્દોર શહેરમાં ડમ્પિંગ સાઈટનું કેવી રીતે આયોજન કરવું તે માટે અહીંના પદાધિકારીઓએ અમેરિકાના એક શહેરની મદદ લીધી છે. સ્વચ્છ શહેર તરીકે નામ આવ્યું તે અગાઉ ઈન્દોર મધ્ય પ્રદેશનું સૌથી પ્રદૂષિત શહેર હતું; અને ત્યાં પ્લાસ્ટિકનો સૌથી વધુ કચરો જોવા મળતો. ઈન્દોર શહેરમાં રોજનો પસાચ હજાર કિલો કચરો ઉત્પન્ન થતો અને તેમાંથી તેર હજારથી વધુ કિલો માત્ર પ્લાસ્ટિક રહેતું. આ પ્લાસ્ટિક જયારે નાશ કરવા માટે બાળવામાં આવતું ત્યારે તેનાથી અસહ્ય **કચરાના નિકાલનો મુદ્દો ખૂબ જટિલ છે. દરેક શહેર અને તેનું વહીવટીતંત્ર પોતાની સ્થિતિ મુજબ તેના ઉકેલ શોધી શકે. આ સિવાય પણ અનેક મુદ્દા સામેલ કરી શકાય. પરંતુ પાયાની વાત એટલી જ છે કે, એક નાગરિક તરીકે પોતાનું આંગણું, ગલી, મહોલ્લો, સોસાયટી કેવી રીતે સ્વચ્છ અને સુઘડ રાખવાં એ એમના હાથની જ વાત છે. એમાં સરકાર આપણને અટકાવવા નથી આવવાની...** પ્રદૂષણ પણ થતું. પરંતુ મધ્ય પ્રદેશ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે પ્લાસ્ટિક કલેક્શન સેન્ટર શરૂ કર્યું, જેમાં પ્લાસ્ટિકને રિયૂઝ અને રિસાઈકલ માટે ઉપયોગમાં લેવામાં આવ્યું. આ પ્રકારે ઈન્દોરની સમસ્યા તો હલ થઈ, પણ પ્લાસ્ટિકનો પણ યોગ્ય ઉપયોગ થવા માંડ્યો. આ એક કદમથી જ જાણે ઈન્દોરની છબી બદલાઈ, પછી તો સ્વચ્છતા મામલે ઈન્દોરમાં આવા અનેક પ્રયાસ થયા છે અને તેના પરિણામે આજે ઈન્દોર વસવાલાયક સિટી બની ચૂક્યું છે.

સુરત શહેરમાં પણ ડમ્પિંગ સાઈટને લગતાં એક ગુડ ન્યૂઝ છે, ઘન કચરામાંથી વીજળી ઉત્પન્ન કરવાના પ્લાન્ટને કૉર્પોરેશને મંજૂરી આપી છે. આ પ્લાન્ટથી કચરાનો નિકાલ થશે અને વીજળી પણ મળશે ! પણ અફસોસ, આવી આનંદભરી સ્થિતિ ગુજરાતના દરેક મોટા ને ઢગલાબંધ કચરો ઉત્પન્ન કરતાં શહેરમાં નથી.

એકંદરે, કચરાના નિકાલનો મુદ્દો ખૂબ જટિલ છે. દરેક શહેર અને તેનું વહીવટીતંત્ર પોતાની સ્થિતિ મુજબ તેના ઉકેલ શોધી શકે. આ સિવાય પણ અનેક મુદ્દા સામેલ કરી શકાય. પરંતુ પાયાની વાત એટલી જ છે કે, એક નાગરિક તરીકે પોતાનું આંગણું, ગલી, મહોલ્લો, સોસાયટી કેવી રીતે સ્વચ્છ અને સુઘડ રાખવાં એ એમના હાથની જ વાત છે. એમાં સરકાર આપણને અટકાવવા નથી આવવાની. આપણે સ્વચ્છતા જાળવીશું, તો સરકારનોય કાન આમળી શકીશું.

**સર્વોદય પ્રેસ સર્વિસ બુલેટિનમાંથી સાભાર....**

# હું છું અમદાવાદ

**પાલખીવાલા અમિતા મનુભાઈ**

ભૂતપૂર્વ મ. શિક્ષક અસારવા વિદ્યાલય

હું છું અમદાવાદ. સાબરમતી નદીને કાંઠે વસેલું હું સૌથી મોટું શહેર છું. સાબરમતી નદીને કાંઠે આવેલા તીર્થ મંદિરો અને દધિચિ ઋષિના આશ્રમથી હું ધાર્મિક મહત્ત્વ પામ્યું છું. મારા ભૂતકાળના ઈતિહાસમાં અને વર્તમાન લોકજીવનમાં સાબરમતીનું પ્રદાન ઘણું મોટું છે. હા... હા... ! તમે સાંભળી છે એ પ્રચલિત લોકવાયકા સાચી જ છે કે સાબરમતીના પાણીદાર પાણીથી જ હું વિસ્તર્યું છું.

વહેતા પાણીની જેમ સમય વહ્યા કરે છે અને સમયની સાથે સાથે આપણે પણ પાણી જ્યાં જાય છે ત્યાં ત્યાં પોતાની ઓળખ છોડે છે. સમય પણ પોતાના પસાર થયાની નિશાનીઓને મૂકી જાય છે. તમને કદાચ લાગતું હશે કે સમયની નિશાનીઓ કેવી ? રણના રઘવાટ જેવી ને મોજાના ઘૂઘવાટ જેવી અંકિત થયેલી સમયની છાપોને આવો, હવે તમને બતાવું.

સાબરમતીની ઉત્પત્તિ પણ કેવી રીતે થઈ જાણો છો ? દરેક વસ્તુની ઉત્પત્તિ બ્રહ્મા, વિષ્ણુ કે મહેશ્વરથી શરૂ કરવાનો આપણામાં રિવાજ છે. એવી જ રીતે અર્બુદારણ્યમાં તપ કરતા સાભ્રમતી નામનું કારણ ઋષિમુનિઓને પાણીની તાણ પડવાથી કશ્યપ ઋષિ શિવને તપથી પ્રસન્ન કરીને ગંગાને ગુજરાતમાં ખેંચી લાવ્યા. ગંગા-પાર્વતીની બીકથી ભ્રમણ કરતી હતી; એથી એનું નામ સાભ્રમતી પડ્યું. કશ્યપ ઋષિ એને લાવ્યા એટલે કાશ્યપી ગંગા એવું નામ પણ કહેવાય છે. પદ્મપુરાણે સાબરમતી, હાથમતી, વાત્રક આદિ સાત નદીઓ જે ગુજરાતના પૂર્વોત્તર પ્રદેશમાંથી વહે છે તેને કશ્યપે લાવેલી ગંગાના જ ભિન્ન ભિન્ન ફાંટા કહેલા છે.

આજે ભલે હું ટેકનોલૉજી અને ઉદ્યોગોનું હબ બની ગયું છું, પણ વર્ષો પહેલાં કેવા શાસનકર્તાઓ આવ્યા ? મારી સ્થાપના કેવી રીતે થઈ ? સ્થાપત્યો અને કલાની દૃષ્ટિએ સમૃદ્ધ એવા મારી અલગ અલગ ઈમારતોની રચના કોણે અને કેવી રીતે કરી ? તેના અવશેષો આજે પણ તમને મારા તે સમયની સફર કરાવી જશે.

આધુનિક ઈમારતોની વચ્ચે સમયની નિશાનીઓ સમાન આ અવશેષો મારા ઈતિહાસને આજે પણ સાચવીને બેઠાં છે. તમારી રોજબરોજની ભાગદોડમાં મારા ઇતિહાસ અંગે તમે ક્યારેય વિચાર્યું પણ નહીં હોય, પણ મારો ઈતિહાસ અત્યંત વૈભવી અને રસપ્રદ છે.

તો આવો ! બેસો ! ૬૦૪ વર્ષની સાંભળો મારી વાત. પણ હું તમને મારી કઈ વાત કરું ? જયારે કાપડની મિલોથી હું ધમધમતું હતું ત્યારની કે ગાંધીજીના સમયની ! વિવિધ આંદોલનના સમયની વાત કરું કે ઐતિહાસિક, કલાત્મક અને સંસ્કાર વૈભવ વારસાની રીતે હું સમૃદ્ધ સ્થાપત્યો ધરાવતું હતું ત્યારની વાત કરું ! તહેવારોની અનોખી ઉજવણી કરતાં મારા સ્વજનોની કે પછી આજના મારા આ હરણફાળ વિકાસની ? હું વસ્યું ત્યારથી આજ દિન સુધી મારા કેટલાંય રંગરૂપ બદલાઈ ચૂક્યા છે. પુરાતત્ત્વીય રીતે, ઐતિહાસિક રીતે, કલા અને સ્થાપત્યોની રીતે, ઉદ્યોગોની રીતે હું દેશના કોઈપણ શહેરથી પાછળ નથી રહ્યું. હવે તો વિકાસની દૃષ્ટિએ પણ હું ઇતિહાસ સર્જું તો તમે નવાઈ ના પામતા !

છેલ્લું અડધા ઉપરાંતનું મિલેનિયમ જોઈ ચૂકેલું હું વયોવૃદ્ધ અમદાવાદ છું. હું એક આખા કાલખંડનું સાક્ષી છું. ૨૬ ફેબ્રુઆરીના રોજ હું મારી વર્ષગાંઠ ઉજવી રહ્યું છું. પણ ગુજરાત ગેઝેટિયર (સ્થળ વર્ણન સહિતનો સરકારી ભૌગોલિક શબ્દકોશ) અને અમદાવાદ ગેઝેટિયરમાં મારા જન્મદિન અંગે મતભેદો પ્રવર્તે છે. પણ તે સમયના લખાણો, બનાવો અને જ્યોતિષીઓએ ત્રિરાશી મૂકીને કાઢેલો મારો જન્મદિન ગમે તે હોય, પણ ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં મારી સ્થાપના મુસ્લિમ તવારીખ પ્રમાણે

હિ.સ. (હિજરી સન) ૮૧૩ ના ઝિલકાદ મહિનાની (રમઝાન મહિનો) બીજી તારીખ અને ગુરુવાર એટલે કે તા. ૨૬ મી ફેબ્રુઆરી ઈ.સ. ૧૪૧૧ અને હિંદુ અનુશ્રુતિ (રિવાજ) પ્રમાણે સંવત ૧૪૬૮ ની વૈશાખ સુદ સાતમ રવિવાર એટલે કે તા. ૧૭ મી એપ્રિલ ઈ.સ. ૧૪૧૨ એ બે મિતિ (તિથિ-ચંદ્રની ગતિને અનુસરતો દિવસ) સહુથી સંભવિત હોવાનું જણાય છે. જ્યારે ગુજરાત ગેઝેટ્યિરમાં મારો જન્મદિન ૨૬ ફેબ્રુઆરી ૧૪૧૧ અને અમદાવાદ ગેઝેટ્યિરમાં ૪ માર્ચ ૧૪૧૪ નો નોંધાયો છે. પણ આ અંગે પ્રસિદ્ધ ઈતિહાસવિદ્ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ કાઢેલ તારણ મુજબ મારી સ્થાપના જે ગઢના બાંધકામથી કરવામાં આવી તે ગઢનું ખાત મુહૂર્ત ઈ.સ. ૧૪૧૧ ની ૨૬ મી ફેબ્રુઆરીએ, સંભવતઃ એનો વાસ્તુ પ્રવેશ ઈ.સ. ૧૪૧૨ ના એપ્રિલની ૧૭ મી એ અને ગઢનું બાંધકામ ઈ.સ. ૧૪૧૩ ના માર્ચ-એપ્રિલમાં પૂરું થયું હોવાનું માલૂમ પડ્યું છે

*એક રાજા હતો એક કર્ણ નામે ઘેલો*
*અહમદ અધીરો શાહ થયો પહેલો*
*પછી આ શહેરમાં ગાંધી થયેલો*
*શરૂ ત્યારથી નવો ઈતિહાસ થયેલો*
*આ શહેર બહુ આઝાદ છે*
*એનું નામ અમદાવાદ છે*
*સૈયદ સીદીની છે મશહૂર જાળી*
*પ્રેમની પ્યારી કાંકરિયાની પાળી,*
*દરવાજો લાલ અને ભદ્રમાં કાળી*
*દિવસે અજવાળી તો રાત્રે નગરી રૂપાળી*
*વફાના શહેરમાં જફા બધી બાદ છે*
*મારું નામ અમદાવાદ છે.*

જો કે મારી ભૂમિતિની પ્રાચીનતા ૫૦૦૦ વર્ષ પૂર્વે ઋષિ દધિચિના સમયની માનવામાં આવે છે. દધિચિ ઋષિ અને મારી (અમદાવાદની) ત્યાગ ભાવના સંબંધિત એક લોકવાયકા પણ છે. મારી ભૂમિની ત્યાગ અને નિઃસ્વાર્થ સેવાની ભાવનાને સાદેશ કરતી કથા દધિચિ ઋષિના સમયથી મારી સાથે વણાયેલી છે. ભૃગુવંશના બ્રહ્મર્ષિ દધિચિનો આશ્રમ સાબરમતીના તીરે દૂધેશ્વર પાસે હોવાનું મનાય છે. વૃત્રાસુર નામના રાક્ષસનો વધ કરવા માટે દેવરાજ ઈન્દ્રએ વજ્ર બનાવવા માટે દધિચિ ઋષિના અસ્થિની માંગણી કરી. એ મહાન તપસ્વીએ વિના સંકોચે જગત-કલ્યાણ અર્થે તુરત જ દેહત્યાગ કર્યો. તેમના અસ્થિમાંથી વિશ્વકર્માએ બનાવેલા વજ્ર વડે ઈન્દ્રે વૃત્રાસુરનો વધ કર્યો.આમ નિઃસ્વાર્થ ભાવે પોતાના પ્રાણની આહુતિ આપનાર ઋષિની ત્યાગવૃત્તિ મારા ઈતિહાસ સાથે સંકળાયેલી છે.

જો કે સમયાંતરે મારા અનેક નામ બદલાતા રહ્યાં છે. ૧૧ મી સદીના પૂર્વાર્ધમાં આશાભીલની વસાહતને કારણે હું આશાવલ તરીકે ઓળખાયું. ૧૧ મી સદીના ઉત્તરાર્ધથી ૧૩ મી સદી દરમિયાન સોલંકી યુગના રાજા કર્ણદેવના રાજ્યાભિષેક બાદ કર્ણાવતી કહેવાયું. ઈ.સ. ૧૪૧૧ માં મુસ્લિમ બાદશાહ અહમદશાહે મારી સ્થાપના કરી અને મને તેમના નામ પરથી અમદાવાદ નામ આપ્યું. આજે પણ હું આ જ નામથી ઓળખાઉં છું.

'જબ કુત્તે પે સસ્સા આયા તબ બાદશાહને શહર બસાયા'

બસ ત્યારથી જ એક શરૂઆત થઈ.
બાદશાહ અહમદથી રજૂઆત થઈ
આશાવલ્લીથી કર્ણાવતી થઈ.
ગાથા એક આ અમર બની ગઈ.
આશાવલ્લીથી અમદાવાદ થઈ.

હું મારી અહિંસક પરંતુ ખમીરવંતી પ્રજા માટે પણ જાણીતું છું. મારા આ ગુણ માટે એવી દંતકથા છે કે સાબરમતીના કોતરોમાં શિકાર અર્થે નીકળેલા અહમદશાહ બાદશાહે એક અચરજ જોયું. કોતરોમાંથી નીકળેલ એક સસલાએ બાદશાહના શિકારી કૂતરાથી ડરીને નાસી જવાના બદલે તેનો પ્રતિકાર કર્યો. આમ પલાયનવાદી વૃત્તિના બદલે

ત્વરિત પ્રતિકારશક્તિથી અભિભૂત થયેલા બાદશાહે આ નદીના પાણીમાં અને ધરતીમાં રહેલા વીરત્વ અને ખુમારીને પારખીને અહીં શહેર વસાવવાનો નિર્ણય કર્યો.

પણ કહેવાય છે કે બાદશાહે જ્યારે શહેર વસાવવાનું અને તેનો કોટ ચણવા માંડ્યો ત્યારે શહેર વસવાથી હરકત થશે એમ જાણીને સાબરમતીના આરે આવેલી એક મઢીમાં રહેતા માણેકનાથ બાવાજીએ ગોદડી ભરવા માંડી. તેમાં એવી કરામત કરી કે દિવસ દરમ્યાન ગોદડી ભરે ત્યાં સુધી કોટ ચણાય અને સાંજે દોરો ઉકેલી લે એટલે ચણેલો કોટ પડી જાય. બાદશાહે કોટ પડવાનું કારણ જાણી બાવાજી પાસે વિનયયુક્ત કપટથી કોઈ ચમત્કાર બતાવવા વિનંતી કરી. માણેકનાથે કરવટા લોટાના મુખમાંથી પેસી નાળચામાંથી નીકળી જવાનો પ્રયત્ન કરતા બાદશાહે બે હાથે લોટાનું મોઢું અને નાળચું બંધ કરી દેતા બાવાજી હંમેશ માટે કેદ થયા. બાવો હાર્યો અને બાદશાહ જીત્યો. ઉદાર દિલના બાદશાહે તેમની યાદમાં શહેરના પાયાના બુરજનું નામ માણેક બુરજ અને મઢીની જગ્યાનું નામ માણેકચોક પાડ્યું. જે આજે પણ માણેકનાથના નામનો ધ્વજ ફરકતો રાખે છે.

અહમદશાહના સ્વતંત્ર સલ્તનતના સમયમાં મારો 'આસમાની સુલતાની' નો સમય હતો. ગુજરાતના પાટનગર તરીકેનો મારો મોભો પણ હતો. સન ૧૫૭૫ સુધી સ્વતંત્ર સુલતાનોના તાબામાં રહ્યાં બાદ હું મુઘલ સામ્રાજ્યના અંકુશ હેઠળ આવ્યું. પણ મુઘલ હકુમતથી હું ગુજરાતનું પાટનગર મટી ગયું. પણ જો જો હોં ! મારી શાનમાં સહેજે ય ઘટાડો નહોતો થયો. પછી હું મરાઠા રાજ હેઠળ રહ્યું. મરાઠા રાજ્યના ૬૩ વર્ષના શાસનકાળમાં હું થોડું ઉજ્જડ થઈ ગયું ખરું. મારા નગરજનો પણ લૂંટફાટના ડર સાથે જીવતા હતા. પણ સન ૧૭૬૦ થી ૧૮૧૮ સુધી મારા પર એશિયાઈ તથા ગાયકવાડ રાજાઓનું શાસન રહ્યું અને ગાયકવાડ સરકારે અંગ્રેજો સાથે કરાર કર્યો પછી સન ૧૮૧૮માં મારા પર અંગ્રેજ ગકુમતનો ઝંડો ફરક્યો. ત્યારે વીજળી, પાણી, રેલવે, રસ્તા, ગટર વગેરેનો મેં વિકાસ જોયો પણ ખરો. પરંતુ ૧૯૧૫માં મોહનદાસ કમરચંદ ગાંધી 'સત્યાગ્રહ' નામનું અમોઘ શસ્ત્ર લઈને દક્ષિણ આફ્રિકાથી આવ્યા અને ત્યારથી જ હું આઝાદીની લડતનું હેડક્વાર્ટર બની ગયું અને જ્યારે સાબરમતી આશ્રમથી ગાંધીજીએ દાંડીકૂચ શરૂ કરી ત્યારથી તો દુનિયાભરના નક્શા ઉપર હું છવાઈ ગયું. 'મારું જીવન એ જ મારો સંદેશ' ની પ્રેરણા આપનાર વિશ્વની મહાન વિભૂતિ મહાત્મા ગાંધીજીની કર્મભૂમિ હું જ હતી એ શું કંઈ નાની સૂની વાત છે ! ત્યારથી તો મારી અસ્મિતાની શરૂઆત થઈ.

શું કહ્યું ? તમારે મારી અસ્મિતાનો ઇતિહાસ જાણવો છે ? તો તો તમારે મારી યશગાથાઓ અને ગૌરવગાથાઓ જોવી જ રહી. તમારે મારા ભૂતકાળમાં ડોકિયું કરવું જ રહ્યું. મારા સોનેરી ઇતિહાસના પાના ઉથલાવવા જ રહ્યાં. લો તો જાણો ! અસ્મિતા શબ્દોનાં બે અંગો ગણાવી શકાય. 'અસ્મિ' એટલે 'હું છું' અને 'તા' એટલે 'રહેવાપણું'. બીજી રીતે કહીએ તો 'હું છું' અને 'હું જ રહેવા માંગું છું.' એટલે કે અસ્મિતા એટલે 'હું છું એવું ભાન'. આમાં ગૌરવ-લાગણી અને સ્વાભિમાનનું અભિમાન સમાયેલું છે. આપણા વારસામાં, સંસ્કૃતિમાં અને સંસ્કારમાં અસ્મિતા છુપાયેલી છે. સાક્ષર શ્રી કનૈયાલાલ મુનશીએ ખૂબ વિચારીને જ અસ્મિતાનો આ અર્થ મને સમજાવ્યો છે.

મારા પર અનેકોના શાસન બદલાતા રહ્યાં. અનેક ચડતી-પડતી સથે મારી સંસ્કૃતિ પણ વિકાસ પામતી રહી અને એ વિકાસ અને પરિવર્તને જ મારા મિજાજને ઘડ્યો છે, મને નવી ધાર આપી છે અને આથી જ મારી પ્રજાએ ખંતથી વિકાસ ભણી પોતાના ડગ માંડ્યા છે.

મારો વર્ષો જૂનો વારસો પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. મારા વૈભવી વારસાને જોઈને તેના વિષે જાણવાનું મન થઈ જાય છે ને તમને ! પરંપરાથી માંડીને આધુનિકતા સુધી મેં સ્થાપત્ય કલાના ક્ષેત્રના વારસામાં

વિશ્વના ફલક ઉપર એક પુષ્પગુચ્છ કંડાર્યો છે. અહમદશાહના સુવર્ણયુગમાં મારી ધરતી ઉપર માણેક બુરજ, ગણેશ બારી, મુહૂર્ત પોળ, આર્ય-મુઘલ અને હિંદુ સ્થાપત્યોની કલાનો સુભગ સમન્વય ધરાવતી બેનમૂન જુમ્મા મસ્જિદના પાયા નંખાયા અને આ સાથે જ મારા ઉતાર-ચઢાવનો સાક્ષી એવો ભદ્રના કિલ્લાનો પણ પાયો નંખાયો. મુઘલોના શાસન દરમિયાન બંધાયેલી મસ્જિદ-એ-નગીના ગણાતી રાણી સીપ્રીની મસ્જિદ અને અલભ્ય, સુંદર અને નક્શીકામના બેજોડ નમૂનાવાળી સીદી સૈયદની જાળી આજે પણ જોવાલાયક છે. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના પહેલાં પ્રતિનિધિ તરીકે થોમસના આગમન સાથે બાદશાહ શાહજહાંએ ઈ.સ. ૧૯૨૧ માં સૌ પ્રથમ પ્રસિદ્ધ શાહીબાગનો મહેલ અને શાહીબાગ બનાવ્યા. પણ મરાઠા રાજ સમયે શહેરમાં ચાડિયાઓના આતંકે માઝા મૂકી હતી. જાદુઈ ઈજનેરી દુનિયામાં અદ્વિતીય રહેલાં ઝુલતા મિનારા આજે પણ વિશ્વને અચરજ પમાડે છે. ૨૦૦ વર્ષ જૂની તત્કાલીન સમયની કાષ્ઠકલાની સુંદર કોતરણી ધરાવતી મંગલદાસની હવેલી એ તો મુલાકાતીઓનું યાદગાર સંભારણું છે. સમગ્ર ગુજરાતમાં સ્ત્રીઓના પ્રભાવને દર્શાવતી ગૌરવાન્વિત અને ભવ્ય હરકુંવર શેઠાણીની હવેલી જોઈને હું ધન્યતા અનુભવું છું. અંગ્રેજો દ્વારા બે'રનેટનો ખિતાબ પામેલા ચીનુભાઈ બે'રનેટ (ઉમરાવથી નીચેની કક્ષાની પદવીનો અમીર) ઉત્કૃષ્ટ આરસમાંથી બનેલા સિંહાસન ઉપર તખ્તનશીન થયા છે. ૨૦ મી સદીની શરૂઆતમાં બ્રિટિશર્સ દ્વારા સ્થપાયેલ વીજળી ઘર, એ પણ 'Art Deco Style' નો ઉત્તમ નમૂનો છે. તો કૈં વર્ષોની ગ્રીષ્મ સહીને ચૂપકી ને કોલાહલ વચ્ચે ૧૫૦ વર્ષ જૂનો એલિસબ્રીજ આજે પણ ઊભો છે. હું મારા આડાઅવળા રસ્તા અને રહેણાંકના પરિસરરૂપે બનેલી પોળોથી જાણીતું છું.

*'પોળની અંદર પોળ, પોળમાં ગલી,*
*ગલી પાછી જાય, શેરીમાં ઢળી,*
*શેરી પાછી જાય, પોળમાં વળી....'*

વાંકાચૂંકા રસ્તાઓ ધરાવતી મારી પોળોને જોઈને પ્રવાસીઓ આશ્ચર્યમુગ્ધ બની જાય છે. વાંકાચૂંકા, ઊંડા, સાંકડા, ચાર માળના મકાનોવાળા અંતર્ગત આંગણું ધરાવતા, ઉત્તમ કારીગરીવાળા, લાકડાના રાચરચીલાવાળા, સામાજિક રીતે પરસ્પર સંકળાયેલા, હવામાન માટે અસરકારક અને સૌંદર્યની દૃષ્ટિએ સમૃદ્ધ મકાનો મારી પોળોની શોભા છે. મારા ઈતિહાસમાં અને મારા પ્રજાજનોના જીવનમાં ધાર્મિકતાનું તત્ત્વ પણ પ્રબળ છે. કોટવિસ્તારમાં દરેક નાની પોળોમાં ૧૬૦૦ જેટલાં સુંદર કોતરણીવાળા, કાષ્ટકલાના ઉત્તમ નમૂના ધરાવતા અને કલાત્મક મંદિર, દેરાસર, મસ્જિદ કે દરગાહ આજે પણ મારી સુંદરતામાં વધારો કરે છે. સુંદર કોતરણી ધરાવતું મારું ભવ્ય પ્રવેશદ્વાર ત્રણ દરવાજા, મારા ભવ્ય સાંસ્કૃતિક વારસાનો પરિચય આપે છે.

જૈન સમાજ મને 'રાજનગર' થી ઓળખે છે. નાશ પામેલ ભવ્ય ચિંતામણિ દેરાસર પછી અહીં ભવ્ય જૈન સ્થાપત્યો નિર્મિત થયાં છે. જેમાં હઠીસિંહના દહેરાં સર્વોત્તમ છે. સહજાનંદ સ્વામીએ મારી મધ્યે જ કાળુપુર વિસ્તારમાં સ્વામિનારાયણ મંદિરની સ્થાપના કરી હતી. જેની કાષ્ટકલા વિશ્વભરમાં ખ્યાતિ પામી છે.

હું તો પતંગઘેલું શહેર છું. ઉત્તરાયણમાં 'પેચ લડાવવા'નો મારો મિજાજ જ કંઈ ઓર છે. 'જય રણછોડ, માખણચોર' ના જયઘોષ સાથે જગન્નાથના મંદિરથી ભક્તિ, નૃત્ય અને સંગીતની રમઝટ સાથે સૈકાથી ચાલી આવતી, મારા શહેરના માર્ગો પરથી પસાર થતી રથયાત્રા આજે પણ મને વાયબ્રન્ટ બનાવે છે. નવરાત્રિ વૈશ્વિક બની રહી છે. જ્યારે જૈનો પણ પર્યુષણ-સંવત્સરી ધામધૂમથી ઉજવે છે. દિવાળી, મહોરમ, હોળી અને અન્ય તહેવારો પણ મારા શહેરના લોકો ઉત્સાહપૂર્વક ઉજવે છે. મારી અસ્મિતા મહાજન પ્રથામાં છુપાયેલી છે અને મને સાંસ્કૃતિક વ્યક્તિત્વ અપાવવાં શ્રેષ્ઠીઓનો ફાળો અમુલ્ય છે.

હા, હું છું અમદાવાદ. હું પરંપરા અને આધુનિકતાનો સમન્વય છું. સ્વતંત્ર ભારતમાં ૧૯૪૯માં આકાશવાણીની સ્થાપના થઈ. ૧૯૭૨માં ભારત સરકારે મારી ભૂમિ પર જ ઈસરોની સ્થાપના કરીને અવકાશ પ્રોગ્રામની શરૂઆત કરી. ભારતીય અંતરિક્ષ કાર્યક્રમના જનક ડૉ. વિક્રમ સારાભાઈને મેં દેશના વિકાસ અને માનવકલ્યાણમાં પોતાની જિંદગી ન્યૌચ્છાવર કરતા જોયા છે. તો પ્રાણી સંગ્રહાલયના પ્રણેતા શ્રી રૂબિન ડેવિડનો પર્યાવરણ પ્રેમ પણ પ્રખ્યાત છે. લૂઈ કહાને બાંધેલ આઈ.આઈ.એમ.ના બિલ્ડિંગમાંથી ફરકેલો મૅનેજમેન્ટનો પરચમ વિશ્વભરમાં પથરાઈ ચૂક્યો છે. એન.આઈ.ડી., અટીરા, ઈસરો અને પી.આર.એલ પણ મારા નામને વિશ્વભરમાં ચર્ચામાં રાખે છે. નિરમા યુનિવર્સિટી જેવી ઘણી સંસ્થાઓ મારી યશોકલગી સમાન છે.

મારા ઈતિહાસના પાને ખાડિયા મ્યુનિસિપલ શાળા નંઃ૨ શહેરની સૌ પ્રથમ શાળા તરીકે અંકિત છે. (૮ જાન્યુઆરી ૧૮૨૭) ૨૦૦ વર્ષ તરફ આગળ વધી રહેલી આ શાળા આજે પણ શિક્ષણનો અડીખમ પાયો અને હેરિટેજ વારસો બનીને ઊભી છે. એટલું જ નહીં પણ ૧૦૦ વર્ષથી જૂની ૧૫ થી વધુ શાળાઓ હજુ શિક્ષણનું હેરિટેજ સરનામું બની રહી છે.

અંગ્રેજ શાસન વખતે મારા શહેરમાં સ્થપાયેલ 'ટાઉન વૉલ ફંડ કમિટી' એ જ આખા હિંદને શહેર સુધરાઈનો દાખલો પૂરો પાડ્યો હતો. (ટાઉન વૉલ ફંડ એટલે નગરસેવાનો ભાર પ્રજાજનોએ પોતે પોતાને શિરે ઉપાડી લેવો)

'બારડોલી સત્યાગ્રહ' થી 'સરદાર' બનનાર સરદાર વલ્લભભાઈ પટેલે મારા શહેરની મ્યુનિસિપાલિટીમાં પ્રમુખ તરીકે સેવાઓ આપીને તો મારી ખૂબસૂરતી જ બદલી નાંખી. અંગ્રેજ શાસસને કાઢવા ગાંધીજી સાથે ખભા મિલાવ્યા, અંગ્રેજ શાસન જતાં આઝાદ ભારતના ગૃહમંત્રી પદે બિરાજી, એમની વ્યવહારુ કુનેહ બુદ્ધિ અને બહાદુરી ભારતનાં ૫૬૨ જેટલાં નાનાં-મોટાં દેશી રાજ્યોનું વિલીનીકરણ કરીને ભારત સંઘમાં જોડી દીધાં. ભારતની એકતાના આ મહાન શિલ્પીની કર્મભૂમિ પણ તો હું જ હતી. કેમ તમે ભૂલી ગયા? લાલદરવાજા ખાતેના તેમના રહેઠાણને રાષ્ટ્રીય સ્મારક તરીકે જાહેર કરવામાં આવ્યું છે એ જ તો મારી ગરિમા બતાવે છે.

ઈ.સ. ૧૮૬૧માં શેઠ રણછોડલાલ છોટાલાલે પ્રથમ મિલ સ્થાપીને મારામાં મિલ ઉદ્યોગના દરવાજા ખોલ્યાં. જેણે આગળ જતાં મિલ ઉદ્યોગોના માન્ચેસ્ટર તરીકે મને નામના અપાવી. મારી પ્રગતિ, આબાદી અને આર્થિક સ્થિતિનો સુધારો, આ મિલ ઉદ્યોગને જ આભારી છે.

મારા ત્રણ સાહિત્યકારો ઉમાશંકર જોષી, પન્નાલાલ પટેલ અને રાજેન્દ્ર શાહે ભારતીય સાહિત્યનો સર્વોચ્ચ પુરસ્કાર 'જ્ઞાનપીઠ' મેળવીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. વિજ્ઞાનના જ્ઞાનના પ્રસાર માટે 'સાયન્સ સિટી' પણ અહીં જ નિર્માણ પામી છે. પદ, પ્રતિષ્ઠા અને ફેશનના પ્રતીક સમું "Auto World Vintage Car Museum" મને રજવાડી શાહીની અનુભૂતિ કરાવે છે.

ચિત્રકલાના ક્ષેત્રે રવિશંકર રાવળના પગરણ અહીં જ થયાં. દક્ષિણમાંથી આવીને મૃણાલીની સારાભાઈએ અહીં જ નૃત્ય શિક્ષણનાં દ્વાર ખોલ્યાં. કુમુદિની લાખિયા 'કદમ્બ' દ્વારા આ યજ્ઞમાં જોડાયાં તો અવિનાશ વ્યાસને પણ એક સ્વરકાર અને સંગીતકાર તરીકે મોટી પ્રતિષ્ઠા મેં જ અપાવી. વિજ્ઞાન ક્ષેત્રમાં ડૉ. વિક્રમ સારાભાઈ અને રમતગમત ક્ષેત્રમાં જશુ પટેલ અને ગીત શેઠીએ મારી ઘણી શાન વધારી છે. ગાંધીજીની ફોટોગ્રાફી કરનાર જગન મહેતા એ મારી ભેટ છે. તો પ્રાણલાલ પટેલની આંખોમાં મારી જ પ્રિન્ટ જોવા મળે છે. ગરીબોના બેલી અને અલગારી ફકીર નેતા ઈન્દુલાલ યાજ્ઞિકે ચલાવેલી મહાગુજરાતની ચળવળથી ૧૯૬૦માં ગુજરાત મુંબઈ રાજ્યમાંથી અલગ થયું અને નવું પાટનગર ન બંધાય ત્યાં સુધી હું ગુજરાત રાજ્યનું કામચલાઉ પાટનગર બની ગયું. પણ ૧૯૭૦ થી ગુજરાત રાજ્યનું સચિવાલય ગાંધીનગર ખાતે ખસેડ્યું ત્યારથી પાછું

હું પાટનગર તરીકે મટી ગયું. રાજકીય રીતે ભલે હું ગુજરાતનું પાટનગર મટી ગયું પણ આર્થિક દૃષ્ટિએ જોતા હું આજે પણ ગુજરાતનું ઔદ્યોગિક પાટનગર છું. એટલું જ નહીં પણ ૨૦૦૬ માં તો મને મેગા સિટીનો દરજ્જો મળ્યો. એટલું જ નહીં પણ માત્ર વેપાર અને વાણિજ્ય માટે વિશ્વમાં પ્રચલિત એવું હું આજે મારી ઓળખ ભારતના પ્રથમ 'વર્લ્ડ હેરિટેજ સિટી' તરીકે થઈ છે જેણે મારી યશોકલગીમાં એક પીંછું ઉમેર્યું.

પ્રારંભકાળથી જ હું એક સમૃદ્ધ અને આબાદ શહેર રહ્યું છું. કેમ તમે જાણો છો ? તો સાંભળો. મારી સમૃદ્ધિ અને જાહોજલાલીના રહસ્ય માટે કહેવાય છે કે કિલ્લાના દરવાને મધરાતે એક દૈદિપ્યમાન સ્ત્રીને દીઠાં. પૂછતાં સ્ત્રીએ ઓળખ આપી કે હું લક્ષ્મી છું અને શહેર છોડીને જવા માંગું છું. દરવાને વિચાર્યું કે લક્ષ્મીજી વગર શહેરની સમૃદ્ધિ નાશ પામશે એટલે યુક્તિ કરીને તેણે લક્ષ્મીજી પાસે વચન માંગ્યું કે તે રાજાની પરવાનગી લઈ પરત આવે ત્યાં સુધી તેઓ શહેર બહાર જાય નહીં. ત્યાર બાદ શહેરની આબાદી ખાતર દરવાને પોતાનું શિશ વાઢી નાંખ્યું અને વચનબદ્ધ લક્ષ્મીજી શહેરમાં જ રોકાઈ ગયા.

હું અમદાવાદ છું, હું છું અમદાવાદ
અગણિત વિશેષતાઓનું હું એક શહેર છું.
ચાની કિટલી, પાનના ગલ્લા,
ગામગપાટા, શેરબજારના હલ્લા.
સ્ટ્રીટ શોપિંગનો જલસો, શાંતિ અને ક્રાંતિ,
કાંકરિયા કાર્નિવલ, મલ્ટિપ્લેક્સ અને મસ્તી.
તેજીનું તોફાન હોય કે મંદીની સુનામી,
પણ સખાવતોની સતત વહેતી સરવાણી.

વિવિધ ઉત્સવો અને મહોત્સવો સાથે જોડાતો સ્વાદોત્સવ,
પણ એ બધામાં,
મારી શાન છે સપ્તક સંગીત સમારોહ.

ઉદ્યોગની અવધિઓ, લોકકળાની રાહો, ગામઠી ભાતો ને બાંધણી બાંધતી સ્ત્રીઓ. ચેરિટીવૉક, હેરિટેજ વૉક, સાયક્લોથોન ને મેરેથોન, છાપકામ, કિનખાબ ને કસબ છે રોગાનનો. ઉદ્યમી અને ઉદ્યોગી પ્રજા મારી આગવી ઓળખ છે, તાજિય અને તાબૂત બનાવતા કલાકારો અહીં છે. ગણપતિની મૂર્તિઓ ને પુરુષાર્થના પ્રવાહો, બે અડધી ચાની છે બિઝનેસ સ્ટ્રેટેજીઓ. શ્રી ને સરસ્વતીનું સંસ્કૃતિ કેન્દ્ર હું જ છું હું જિંદાદિલીનું શહેર છું.

હા.... હા.....

હું અમદાવાદ છું.

જોબ ચોર્નાકનું 'કોલકત્તા' અને દહેજમાં આપેલું મુંબઈ બ્રિટિશ રાજની મહેરબાનીને કારણે ભલે મસમોટાં થઈ ગયા હોય, પણ તવારીખની દૃષ્ટિએ હું 'બિગ બ્રધર' છું.

હું અમદાવાદ છું. હું છું અમદાવાદ.

તો મારા પ્રિય નગરજનો ! ૩૧ ડિસેમ્બરની રાત્રે નવા વર્ષને આવકારવા સી.જી.રોડ અને એસ.જી. હાઈવે છલકાવી દેતા તમે હવે મારો જન્મદિવસ પણ ઉજવશો ને !

મારા પ્રતીક સમો ભલે જર્જરિત અને વૃદ્ધ થયેલો મારો ભદ્રનો કિલ્લો આજે પણ રાહ જુએ છે, તમે 'હેપ્પી બર્થ ડે અમદાવાદ' કહો એની.

## વિનિતોને - વિદાયવેળાએ...

તમારા ચૈતન્યે કણકણ અહીં સ્પંદિત બની
તમારી વાચાએ ગમનિગમનાં રાહ ઊઘડે
તમારા આવ્યેથી વિકલ મનની શૂન્ય વિથિકા
નવોન્મેષે છલકે વનવન ભરી ઊર્મિ ઝરણાં
પસારી પાંખોને વિચરણ કરી નીલ ગગને
વસુધાની હૂંફે નિતનિત રચો સ્વપ્ન નમણાં
તમારાં એ સ્વપ્નો વિશદ જગની વેણું સરીખાં
મહાભર્ગે પ્રેરે હૂંફથી ઊઠતા નાદ ગરવા
અવંતિની વિદ્યા હૃદય ધરીને મુંજ સરીખું
ઝીલી જાણો આંહી જીવનવીર કો અર્જુન બની.

**હંસાબહેન દેસાઈ**

# શ્રદ્ધાંજલિ (કાવ્ય)
# જશવંતસિંહ સોલંકી

**સુરેશચંદ્ર ગઢવી**

ધરોહર સરસ્વતી તણી, જશવંત જશવંત સિંહ
સિંહ સરસ્વતી તણોં ગયો, ગયો જે. એન. નો જાન.
અસારવાનો આચાર્ય ગયો અદનો જૂનો જોગીંદર
કર્મઠ નિષ્ઠાવાન ને સુરો ગયો, ક્ષપ્રે સોલંકી ધર્મ ધર
પ્રેમી, નિઃસ્પૃહી વળી સત્યવક્તા, સ્પષ્ટવક્તા વળી ખાસ
ઉમ્ર એંશી પરે ગયો, હરિ ગયો હરિપાસ
હાજરી હંમેશા સદા રહી, હર પ્રસંગ સરસ્વતી સંગ
આળસ ક્યારેય આવી નહીં, વચન પાળ્યું અભંગ
ક્ષાત્ર વટના હામિ ભલા ન દરબારીનો ડોળ
ઋજુતા રગ રગમાં ભરી, સંસ્થા માટે ઓળ-ઘોળ
જશીબેનના સાચા જાયા, વળી રઘુભાઈના સૂત.
સિદ્ધાંત સભર જીવન જીવ્યા, એવા બાપુ ધન્ય સપૂત
કૉલેજ 'સરસપુર' નામથી સ્થાપી, રઘુભાઈ ધામ
વ્યાખ્યાતા ને વધાવી લીધા 'પોસ્ટ' ગ્રહી ભરી હામ
વિઠ્ઠલભાઈનાં સાથી સદા, ને કાનજી પટ્ટણી સંગ
શકુન્તલાજીનાં સાચા રાહબર, વહેતા રહ્યા સદા અભંગ
સિનિયર સિટીઝનનાં વડા ખરા, મણિબેન હૉસ્પિટલ સંગ
ઉપેન્દ્ર પટેલનાં આત્મિય ઘણાં, હાજર રહ્યા અભંગ
ગુરૂ દવે જ્યોતીન્દ્ર તણા, વળી ઝાલા સજુભા સાથ
સંભાળ્યા સારસ્વતો તમે, થામી લીધો હાથ
હેતાળવા ને સાહજિક રહ્યા, ન બદલ્યો દૂજો રંગ
હિતકારી સદા સારસ્ત રહ્યા, ન છોડ્યો કદી ઉમંગ.
પુત્ર પનોતા દ્વાય રહ્યા, દિલીપ અજીતસિંહ સંગ,
જબ્બર જશવંતસિંહજી, સોલંકી રહ્યા અભંગ
જ્ઞાન-જ્ઞાતા-દાતા વિશેષ, શિક્ષણ વિદ્ સુપ્રમાણ.
બાળકોનાં હામી તમે, રહ્યા-વહ્યા હંમેશ અપ્રમાણ
થાક નહીં 'તને' કદી, નહીં 'મન' પર કો ભાર
વર્ષ ચાલીશ પૂરા ચળ્યા, ફરજ ન થાક લગાર
ચિંતન-ચિંતા શિક્ષણ કરી, મનોવિદ્ પૂરા પુર્ણ
ઘેડા-ઘેડી તૈયાર કર્યા, કાચા ઉણાં અપૂર્ણ
ઈતિહાસ આખો સરસ્વતી તણો, જાણતલ સિધાવ્યો સ્વર્ગ
દાદા રઘુનો હાથ ગયો, છોડી શિક્ષક વર્ગ
વિદ્યાર્થીઓનો વ્હાલો ગયો, ગુરૂ ઉડાડી તમ્
દિક્ષાર્થીઓનો દાદો ગયો, કર ધરી ઉડાડી ગમ્
હેમુભાઈનો હામિ ગયો, રહ્યો સથવારો હંમેશ
હિંમતદાદાની હિંમત ગઈ, સ્વર્ગ ગયો અનિમેષ
સોલંકી 'સત' ગુણધારી ગયો, પ્રગટાવી ગુણ જ્યોત
"સુરેશ" નો સથવારો ગયો, પ્રકાશ પુંજ ખદ્યોત
આપો શાંતિ તવ આત્મપ્રભુ, શિવ-શક્તિ ભળી કાય
શરણ સદા તવ પ્રભુ ચરણ, જન્મ મરણ નવ થાય.

તન-શરીર ● તમ-અંધકાર ● ઘેડા-છોકરા
● ઘેડી-છોકરીઓ ● સત્-સો ● ખદ્યોત-આગિયો

## જોબ ચોર્નાકનું 'કોલકત્તા' - (Job Charnock)

ઈ.સ. ૧૬૩૦માં લંડનમાં જન્મેલ જોબ ચોર્નાક ભારતમાં કોલકત્તામાં સાંસ્થાનિક વહીવટકર્તા તરીકે જાણીતા હતા. તેઓ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના રાજતંત્રની વહીવટી શાખામાં પોતાની ફરજ બજાવતા હતાં. પરંપરાગત રીતે તેમની ગણના કોલકત્તા શહેરના સ્થાપક તરીકે થાય છે. કોલકત્તાના સ્થાપક તરીકે સત્તાવાર રીતે પ્રગટ થયેલા તમામ દસ્તાવેજોમાં જોબ ચોર્નાકના નામનો સ્પષ્ટ ઉલ્લેખ છે. આથી જ ૧૬-મે-૨૦૦૩ માં કોલકત્તા હાઈકોર્ટે સત્તાધીશ રીતે કોલકત્તાના સ્થાપક તરીકે તેમના નામનો ઠરાવ પસાર કર્યો.

# "માર્સીસ" - મંગળ ઉપર વૈજ્ઞાનિકની વિતક કથા

**પ્રતિમા દવે**

૧૪, બ્રહ્મક્ષત્રિયનગર વિ-૨,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

થોડાં સમય પહેલાં સ્ટેનફર્ડ યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં બોલતાં ત્યાંના ડીને કહ્યું હતું કે યુવાનો ભણે આગળ વધે તે બરાબર છે. તેમનામાં એક ગ્રીડની ભાવના હોવી જોઈએ. ગ્રીડ એટલે લોભવૃત્તિ નહીં પરંતુ સંજોગો સામે હારીથાકીને નિરાશ ન થતાં તેનો સામનો કરવાની, મરણીયા થવાની ઝઝૂમવાની વૃત્તિ અને તાકાત.

આ વાત અમે અમેરિકામાં એક મૂવિ જોયું ત્યારે યથાર્થ લાગી. મૂવિનું નામ "માર્સીસ" છે. તેની વાર્તા આપણાં વિદ્યાર્થી વિદ્યાર્થી યુવાનોને યુવાનોને પ્રેરણા આપે તેવી છે.

વાર્તા પ્રમાણે નાસા તેનું યાત્રીઓ સહિતનું એક યાન મંગળ ગ્રહ પર મોકલે છે. સંશોધન અર્થે મોકલવામાં આવેલા આ યાનમાં વિવિધ શાખાના વૈજ્ઞાનિકો હોય છે. તેઓએ મંગળ ગ્રહ પર ઉતરીને વિવિધ પ્રકારના સંશોધન કરવાના હોય છે.

યાન મંગળ પર ઉતરે છે. મંગળ પર યાત્રીઓ તેમને રહેવા માટે ખાસ પ્રકારનો ટેન્ટ બનાવે છે અને ત્યાં રહીને તેઓ તેમનું સંશોધન કાર્ય કરવા લાગે છે.

તે દરમ્યાન મંગળ પર તોફાન આવે છે. યાત્રીઓને પૃથ્વી પરનાં નાસા કેન્દ્રથી સૂચના આપવામાં આવે છે કે જલ્દીથી મંગળ ગ્રહ પરથી જતાં રહો, કારણ કે ખૂબ મોટું તોફાન આવી રહ્યું છે. યાત્રીઓ દોડીને યાનમાં ચડી જાય છે. પરંતુ એક વૈજ્ઞાનિક ત્યાં રહી જાય છે. તેનાં માસ્કમાં કાણું પડ્યું છે. તે બીજા યાત્રીઓએ જોયું, ને વિચાર્યું કે તે હવે ઓક્સીજન વગર ૨-૩ મિનિટ જ જીવી શકશે. તેથી તે યાન ચાલુ કરીને પેલા યાત્રીને છોડીને જતાં રહે છે.

આ બાજુ મંગળ પર તોફાન શાંત થાય છે. પેલો વૈજ્ઞાનિક બચી ગયો છે. ભાનમાં આવે છે. ત્યારે જુએ છે કે તે એકલો છે. બધું જ તૂટીફૂટી ગયું છે. રહેવા માટે તો ટેન્ટ પણ ઘણી જગ્યાએથી ફાટી ગયો હોય છે. તેની પાસે સેલર ટેપ હોય છે તેનાથી તે તેનો માસ્ક સાંધે છે. ટેન્ટ સાંધે છે અને અંદર જઈને રહેવા લાગે છે. તે બિલકુલ નિરાશ થતો નથી, ગભરાતો પણ નથી. પરંતુ વિચારે છે કે હવે શું કરવું ? કેમ પાછા જવાનું ? કેમ જીવતા રહેવાનું !

તે વનસ્પતિશાસ્ત્રી હતો. મંગળને સંબોધીને કહે છે હે મંગળ ! તું મારાથી ગભરાઈશ. કારણ કે તારે એક વનસ્પતિશાસ્ત્રી સાથે પનારો પડ્યો છે ! અંદર જતાં તે ખાવાની સામગ્રીમાં બટેટા જોવે છે. તેને વાવવાનો વિચાર કરે છે. ખાતર માટે એ લોકોના મળ હતાં તેનો ઉપયોગ કરે છે. પાણી માટે તેની પાસે હાઈડ્રોજન અને ઓક્સિજન હતાં. બંનેને ભેગા કરવા આગ લગાડે છે અને પાણી ઉત્પન્ન થાય છે. પછી બટેટાં વાવ્યાં બટેટાં સરસ ઉગી નીકળ્યા !

આ દરમ્યાન તે બેસી ન રહ્યો ! તેને ખબર હતી કે આ પહેલાં એક માનવરહિત યાન મંગળ પર મોકલેલ હતું તે ક્યાંક હોવું જોઈએ. તેની શોધ આરંભી, તેને તે યાન મંગળની જમીનમાં દટાયેલું મળી આવે છે. ખોદકામ કરીને જૂના યાનને બહાર કાઢ્યું. જુના યાનની ખોરવાઈ ગયેલી સિસ્ટમ ચાલુ કરી.

આ બાજુ નાસામાં એક વૈજ્ઞાનિક બહેન કમ્પ્યૂટર ચાલુ કરીને કાંઈક જોતાં હતાં. અચાનક તેમને મંગળ પર કાંઈક હલનચલન દેખાયું. મૂળમાં બીજો એક વૈજ્ઞાનિક ભારતીય છે. વૈજ્ઞાનિક બહેને ભારતીય વૈજ્ઞાનિકને વાત કરી. અને કહ્યું કે આપણું મગળ પરનું માનવસહિત યાન તો નીકળી ચૂક્યું છે અને એક વૈજ્ઞાનિક ત્યાં રહી ગયો છે. તે જીવતો

હોવાની સંભાવના નથી, તો પછી મંગળ પર કાંઈક હિલચાલ કેમ લાગે છે? ભારતીય વૈજ્ઞાનિકે કહ્યું તે આપણે કાલ ફરી જોઈશું.

આપણાં વનસ્પતિશાસ્ત્રીભાઈ જૂના યાનમાં બધું ગોઠવતાં રહેતાં હતાં તેમ કરતાં વાયરલેસ રેડિયો વગેરે ચાલુ થઈ ગયો ! એટલે બીજા દિવસે પૃથ્વી પરની નાસાની ઓફિસમાં મંગળ પર ફરી ફેરફાર જણાયો. તેઓએ સંપર્ક કરવાનો પ્રયત્ને કર્યો ને મેસેજ મોકલાવ્યો તો મંગળ પરથી જવાબ આવ્યો. હવે નાસા ઓફિસમાં ખબર પડી કે વૈજ્ઞાનિક જીવે છે. પરંતુ તેને પાછો લાવવો શી રીતે ? એટલે નાસાની હાયર ઑથોરિટીએ નક્કી કર્યું કે વૈજ્ઞાનિક જીવે છે તે વાત બહાર જાહેર કરવી નહીં. પરંતુ ભારતીય વૈજ્ઞાનિકનું મન માનતું નથી. તે શું શું થઈ શકે તેની ચર્ચાઓ કરે છે.

આ બાજુ મંગળ પરના વૈજ્ઞાનિકને ફરી તોફાન નડે છે. તેના બટેટાના પાકનો નાશ થઈ જાય છે. હવે ખાવાનું શું કરવું ? થોડું બચ્યું હતું. તેનો હિસાબ કરે છે કે મારૂં યાન જે ભ્રમણકક્ષામાં છે તેને પાછું ફરતાં કેટલો સમય લાગે ? (તે પ્રમાણે જીવવા જેટલા ખોરાકના ભાગ કરી નાખે છે.) આ બાજુ નાસાથી યાનમાં પાછા ફરી રહેલાં વૈજ્ઞાનિકોને સંદેશો અપાય છે કે તમારો સાથી જીવે છે તેથી તેઓ પણ મંગળ પરના તેમના સાથી સાથે સંપર્ક કરે. તેઓએ જાણ્યું કે મંગળ પરના સાથી પાસે હવે ખાવાનું ઓછું છે. તેથી નાસા સાથે વાત કરે છે. નાસાના વૈજ્ઞાનિકો ચીનથી એક યાન મંગળ તરફ જવાનું હોય છે તેની મદદ લે છે.

અને અંતે મંગળ તરફ નાસાનું યાન જાય છે. પરંતુ મંગળ ઉપર ઉતરાયણ શક્ય નથી. તેથી મંગળ ઉપરના જૂના યાન ને અમુક રીતે બળતણ આપી ચાલુ કરીને મંગળ પર રહેલો વૈજ્ઞાનિક ઉપર હવામાં આવે છે. ત્યાંથી તેને તેના યાનમાં ખેંચી લેવામાં આવે છે. મૂવિના છેલ્લા દશ્યો હિન્દી સિનેમાની જેમ ખૂબ જ દિલધડક લાગે છે. ખૂબ જ થ્રીલ લાગે છે. યાનમાંથી દોરડા વડે એક યુવતી હવામાં આવીને મંગળ પરના વૈજ્ઞાનિકને લઈ જાય છે. તે ખૂબ જ અસરકારક સમય મેળવી ને કરવામાં આવે છે.

પરંતુ આ સમગ્ર વાતનો સાર એ જ છે આપણો વનસ્પતિશાસ્ત્રી જો હારી-થાકીને નિરાશ થઈને બેસી ગયો હોત કે હવે કશું થઈ ન શકે. હવે તો મૃત્યુ નિશ્ચિત છે. તો જરૂર મૃત્યુ પામ્યો હોત. પરંતુ તેણે દૃઢ નિશ્ચય રાખ્યો. સંજોગો સામે કેમ લડી લેવું તે વિચાર્યું. રસ્તાઓ વિચાર્યા અને જીવન જીતી ગયો. ફિલ્મમાં વૈજ્ઞાનિકની હિંમત, આશાવાદ અને સંઘર્ષની કથા ખૂબ જ અસરકારક રીતે રજૂ કરવામાં આવી છે.

---

## Deco Style - ડેકો સ્ટાઈલ

ઈ.સ. ૧૯૨૫માં પેરીસમાં આ કલાની શરૂઆત થયા પછી વિશ્વભરમાં તે ખૂબ જ ઝડપથી પ્રચલિત બની ગઈ. આ એવી કાર્યશૈલી છે જેમાં ઉડીને આંખે વળગે તેવી આકૃત્તિઓ, સ્પષ્ટ રેખાઓ, વાયબ્રન્ટ રંગો અને સરસ અનુકરણીય નમૂનાઓ, ભૌમિતિક આકાર અને તીવ્ર રંગોની ગોઠવણી - આ તમામ ધ્યાનાકર્ષક વસ્તુઓ ‘ડેકો સ્ટાઈલ’ માં જોવા મળે છે.



# પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન

**પાલખીવાલા અમિતા મનુભાઈ** ભૂતપૂર્વ મ.શિ. અસારવા વિદ્યાલય

**રાઈફલમેન સંજયકુમાર, પરમવીર ચક્ર**
**પરમવીર ચક્ર, ૧૩ જમ્મુ એન્ડ કાશ્મીર રાઈફલ્સ**
**જન્મ : ૩ માર્ચ ૧૯૭૬**
**(કારગિલ યુદ્ધ ૧૯૯૯ - ફ્લેપ ટોપ ક્ષેત્ર)**

૧૯૯૯નો જુલાઈ મહિનો ચાલી રહ્યો હતો. પાકિસ્તાની સૈન્યના શિકારી વરુઓના ત્રાસથી આખું કારગિલ ધણધણી રહ્યું હતું. પાકિસ્તાની સેના છળકપટથી આપણા જ વિસ્તારો પર કબજો જમાવીને છુપાઈ ગઈ હતી. ભારતીય લશ્કરના કેટલાય જાંબાઝ જવાનો પોતાના પ્રાણોની પણ પરવાહ કર્યા વગર આ ગદ્દારોને ભારતભૂમિ પરથી ખદેડવા માટે માથે કફન બાંધીને નીકળી પડ્યા હતા. રાઈફલમેન સંજયકુમાર નામના એક જવાને પણ આ વિશેષ અભિયાન માટે સ્વેચ્છાએ પ્રથમ માર્ગદર્શકનું કાર્ય કરવાની ઈચ્છા બતાવી અને ૪ જુલાઈ ૧૯૯૯ ના દિવસે તેમને પોતાની બટાલિયનને લઈને આગેકૂચ કરવાનો આદેશ મળ્યો.

વાત જાણે એમ હતી કે પાકિસ્તાન યુદ્ધ કરીને કારગિલ મેળવવા ઈચ્છતું હતું અને કાશ્મીરને લદ્દાખથી જુદું કરવાની તેની નેમ હતી, જેમાં તે શ્રીનગર - લેહ રાષ્ટ્રીય રાજમાર્ગને અવરોધીને સફળ થઈ શકે તેમ હતું. વળી પાકિસ્તાન કારગિલને પણ શ્રીનગરથી વિખુટું પાડી દેવા ઈચ્છતું હતું. એટલું જ નહીં પણ ભારતનું જોડાણ સિયાચિનથી પણ રોકી દેવાનો તેનો ઈરાદો હતો અને હંમેશની જેમ યુદ્ધ એ જ એક આખરી ઉપાય તેને માટે હતો. પાકી યોજના સાથે પાકિસ્તાન પોતાની કાર્યવાહીને એવા સમયે અંતિમ રૂપ આપવા ઈચ્છતું હતું કે જ્યારે ભારત પાકિસ્તાન સાથે શાંતિ મંત્રણા કરી રહ્યું હતું. આ માટે ભારતના તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈ લાહોર સુધી બસ સેવા શરૂ કરી ચૂક્યા હતા. આ બધામાં હકારાત્મક વલણ અપનાવવાનો ડોળ રચીને પાકિસ્તાને બીજીબાજુ નિયંત્રણ રેખા પાસે ભારત પર આક્રમણ કરવાના હેતુથી પોતાની સેનાની જમાવટ કરવાની શરૂઆત કરી દીધી હતી. સૈનિકોને ઊંચી પહાડિયો પર યુદ્ધ માટે વિશેષ તાલીમ આપવામાં આવી રહી હતી. આ તમામ કાર્યવાહી ઑક્ટોબર ૧૯૯૮થી જનરલ મુશર્રફ સત્તા સંભાળી રહ્યા હતાં ત્યારથી થઈ ગઈ હતી.

જમ્મુમાં માનાવરથી ગુરેજ સુધીની નિયંત્રણ રેખા ઉપર ભારતીય સેનાની મોજૂદગી અને પેટ્રોલિંગની પૂરેપૂરી ચોકસાઈ રાખવામાં આવી હતી. પરંતુ મુશ્કોહ ઘાટી, દ્રાસ, કાકસર તથા બટાલિક વિસ્તારો કે જ્યાં કારગિલ યુદ્ધ થયું હતું ત્યાં ૧૦થી ૪૫ કિ.મી. સુધી ખુલ્લા રસ્તા હતા. જ્યાં કોઈ તકેદારી રાખવામાં આવી ન હતી કારણ કે વાસ્તવમાં આ એટલો બધો દુર્ગમ તથા મુશ્કેલીઓથી ભરેલો વિસ્તાર છે કે ભારત તથા પાકિસ્તાન બંને દેશોની સેનાઓને અહીં માત્ર ગર્મીની ઋતુમાં અહીં ભયંકર હિમવર્ષા અને બર્ફીલા તોફાનોની પરિસ્થિતિ સર્જાય છે.

આ યોજનામાં પાકિસ્તાને એવી ચાલ ચાલી હતી કે સીધી રીતે એ ના તો ભારતીય સીમામાં ઘૂસણખોરી કહી શકાય કે

૨જી જુલાઈ ૧૯૭૨માં થયેલ સિમલા કરાર અનુસાર દોરી ગયેલી સીમારેખાનું ઉલ્લંઘન કહી શકાય. એણે તો માત્ર કારગિલની ઊંચી પહાડિયો પર પોતાના સૈન્યને તૈનાત જ કર્યું હતું. આ પરિસ્થિતિથી અજાણ ભારતીય સેના અને ભારત સરકાર ત્યારે આશ્ચર્યચકિત રહી ગઈ કે જ્યારે ૬ મે ૧૯૯૯ના રોજ કેટલાંક સ્થાનિક ભરવાડોએ પાકિસ્તાની સૈન્યની જમાવટ જોઈને ખળભળાટ મચાવ્યો. ભારતીય સૈન્યને પરિસ્થિતિનો અંદાજ લગાવવામાં થોડો સમય લાગ્યો. આ સમય દરમિયાન પેટ્રોલિંગ માટે ગયેલા જવાનો પાછા ન ફર્યા પણ ૧૦ જૂન ૧૯૯૯ ના રોજ પાકિસ્તાને પેટ્રોલિંગ દળના ખોવાયેલા જવાનો તથા પાંચ સૈનિકોના શબ વેરવિખેર હાલતમાં ભારતને સોંપ્યા. ખરેખર તો યુદ્ધ છેડવાની દિશામાં ભારત માટે પાકિસ્તાનીઓનું આ એક આહ્‌વાન હતું. બીજી બાજુ પાકિસ્તાની સૈન્ય બિલકુલ નિશ્ચિત હતું કે યુદ્ધ માટેની એમની રણનીતિ અને યોજના અજેય છે. પાકિસ્તાનની ઘૂસણખોરી સ્પષ્ટ હતી; પણ રાજનૈતિક સ્તર પર તે આ વાત સ્વીકારવા માટે બિલકુલ તૈયાર નહોતું. ઉપરથી એણે તો માત્ર પોતાનું જ રટણ ચાલુ રાખ્યું કે નિયંત્રણ રેખા પાસે જમા થયેલા એ બધા લોકો તો કાશ્મીરી છે જે કાશ્મીરને ભારતથી આઝાદ કરવા માંગે છે.

ભારત સરકારે આ આખી કાર્યવાહીનો ખૂબ જ ધીરજથી અને ઘણાં સમય પછી સ્વીકાર કર્યો અને જ્યારે સમય આવી જ ગયો ત્યારે ભારતીય સેના શત્રુઓ પર તૂટી પડી અને એમને ધોળે દિવસે તારા દેખાડી દીધા.

કારગિલની બર્ફીલી પહાડીઓ પાછળ સૂરજ છુપાઈ ગયો હતો. અંધારું ઠંડીની આંગળી પકડીને ધીમે-ધીમે ધરતી પર પગરવ માંડી રહ્યું હતું. એક લશ્કરી શાળામાં ૧૩ જમ્મુ એન્ડ કાશ્મીર રાઈફલ્સના કેટલાંક જવાનો એમના સેના અધિકારીની સામે સાવધાનની મુદ્રામાં હતા અને અધિકારી એમને સત્તાવાહી અવાજે કહી રહ્યા હતા, ''જવાનો, પાકિસ્તાની દુશ્મનોએ આપણા કારગિલ ક્ષેત્રના અનેક વિસ્તારો પર કબજો જમાવી દીધો છે અને ગણ્યા-ગાંઠ્યા બાકીના વિસ્તારો પર ઘૂસણખોરી કરવાની પેરવી કરવા ઉપરાંત મુશ્કોહ ઘાટીના પોઈન્ટ ૪૮૭૫ પર પણ પોતાના બંકરો બનાવી દીધાં છે. મુશ્કોહ ઘાટના એ બંકરોને તોડી પાડીને આપણે પોઈન્ટ ૪૮૭૫ પર કબજો જમાવવાનો છે.''

આટલું કહીને અધિકારીએ સંજયકુમારની બટાલિયન ૧૩ જમ્મુ એન્ડ કાશ્મીર રાઈફલ્સને કારગિલ ક્ષેત્રના પોઈન્ટ ૪૮૭૫ પર ઘૂસી આવેલા પાકિસ્તાની સૈનિકોને ખદેડવાનો આદેશ આપ્યો અને તેની મુખ્ય જવાબદારી સંપૂર્ણપણે રાઈફલમેન સંજયકુમારને સોંપવામાં આવી. જેના પ્રત્યુત્તરમાં સાવધાનની મુદ્રામાં ઊભેલા વીર નાયકોએ જયહિન્દના નારા સાથે વધુ સાવધ થતાં પોઈન્ટ ૪૮૭૫ લઈને જ પાછા આવવાનું આહ્‌વાન કર્યું. વ્યૂહાત્મક દૃષ્ટિએ અત્યંત મહત્ત્વના આ સ્થળ પરથી દુશ્મનોને ખદેડવા એ ભારત માટે ખરેખર એક પડકાર હતો. પરંતુ હિમાચલ પ્રદેશના વિલાસપુર જેવા નાના ગામમાં જન્મેલ સંજયકુમારનું સૈન્યમાં ભરતી થવાનું, બહાદુરીના કિસ્સા સંભળાવી ગામના યુવકોને ઉત્સાહિત કરવાનું જે સપનું હતું એ સ્વપ્નને પાંખો ફૂટતી જણાઈ અને પોતાના શૌર્યથી તિરંગાને.

૪ જુલાઈ, ૧૯૯૯ની સવાર ! પોતાની બટાલિયનનું નેતૃત્વ ઈચ્છનાર સંજયકુમાર પોતાના સૈનિકો સાથે હાથમાં દારૂગોળો, મસ્તકમાં ઝનૂન અને હૈયામાં દેશદાઝ લઈને નીકળી પડ્યા. પરંતુ ફ્લેપટોપ અને રીજ ક્ષેત્રમાંથી દુશ્મનોને ખદેડીને કબજો મેળવ્યા વિના પોઈન્ટ ૪૮૭૫ પર કબજો મેળવવાનું માત્ર મુશ્કેલ જ નહીં પરંતુ અશક્ય પણ હતું. આ મુશ્કેલીઓ પાર કર્યા પછી જ સંજયકુમાર અને એમની બટાલિયન ફ્લેપટોપ ખાતે પહોંચી શકે. પરંતુ ચારેબાજુ દુશ્મનોના બંકરો ! તુર્તજ સંજયકુમારે એમની બટાલિયનને આક્રમણ કરવાનો આદેશ આપ્યો. આદેશ મળતા જ જવાનોએ દુશ્મનો પર ગોળીઓનો વરસાદ કરવાનું ચાલુ કરી દીધું.

પરંતુ જવાબમાં દુશ્મનોએ એના કરતાં ય ઘાતક ગોળીબાર કર્યો. ઊંચા પહાડ પર વ્યૂહાત્મક રીતે ગોઠવાયેલા દુશ્મનો અને તળિયે ભારતીય જવાનો. આવી વિષમ પરિસ્થિતિમાં દુશ્મનને

મારવો અઘરો થઈ પડ્યો ને એમ ને એમ કરતાં બબ્બે દિવસ પસાર થઈ ગયા. ભારતીય સેના બે ડગલા પણ આગળ વધી શકી નહીં. અને સેનાનો ઘણો બધો દારૂગોળો પણ ખતમ થઈ ગયો. દુશ્મનોના વારની સામે ભારતીય સેનાની કારી ફાવી નહીં. રાઈફલમેન સંજયકુમાર બરાબર ધૂંધવાયા હતા અને થોડીવાર વિચાર કર્યા પછી સંજયકુમારે એમની બટાલિયનના સૈનિકોને એકઠાં કરી કહ્યું, "જવાનો, દુશ્મન ઊંચાઈ પર છે અને આપણે નીચે. આ રીતે અઠવાડિયા સુધી ગોળીબાર કરતાં રહીશું તો પણ આપણે જીતી નહીં શકીએ. રાહ જોવી આપણને પરવડે તેમ નથી. આથી આનો રસ્તો એ જ છે કે આપણે આરપારની લડાઈ લડી લેવી. આપણે દુશ્મન સાથે સામી છાતીએ લડવું પડશે. એમના ક્ષેત્રમાં જઈને એમને મારવા પડશે. તો થઈ જાઓ તૈયાર !"

"આરપારની લડાઈ અને સામી છાતીની લડાઈ" શબ્દો બોલવામાં જેટલા સરળ છે એટલા કરવામાં નથી. સામી છાતીની લડાઈ એટલે જીવની પરવા કર્યા વિના દુશ્મનની સામે જઈ ઊભા રહેવું અને એમને ખતમ કરવા. બળ અને નસીબ બંનેનો સાથ હોય તો જ જીતી શકાય એમ જાણવા છતાં પણ બટાલિયનના એકેએક જવાને બુલંદનારા સાથે કહ્યું, અમે તૈયાર છીએ, સર !"

આ આરપારની લડાઈમાં રાઈફલમેન સંજયકુમારના પ્રથમ પગલાંની સાથે બટાલિયનના કેટલાંક જવાનો પણ હતાં. સપોર્ટ ફાયરની મદદથી સંજયકુમાર અને એમના સાથીઓ આગળ વધતા જતાં હતાં. પરંતુ હવે પડાહીઓનું દીવાલ જેવું સીધું ચડાણ ચડવું મુશ્કેલ હતું. એમાં પણ સપોર્ટ ફાયર એમના જ માટે નુકસાનકારક સાબિત થઈ શકે તેમ હતં. ૧૮,૦૦૦ થી ૨૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ રાઈફલમેન સંજયકુમાર અને એમની ટુકડી સપોર્ટ ફાયર વગર જ આગળ વધી. ઉપર દુશ્મનો, દીવાલ જેવું સીધું ચડાણ, ભયંકર પરિસ્થિતિ, દુશ્મનની નજરે ચડી જવાની ભીતિ. કેમ કે જો એકપણ જવાન દુશ્મનની નજરે ચડી જાય તો એ વિંધાઈ જાય અને એનું શરીર સીધું વીસહજાર ફૂટ નીચે ફંગોળાઈ જાય. પરિસ્થિતિનું જોખમ જોઈને સંજયકુમારે જવાનોને ઊભા થઈને ચાલવાના બદલે આખો રસ્તો ઘસડાઈને ચાલવાનો આદેશ આપ્યો. આદેશ મળતાં જ આખી ટુકડી કોણી અને ઢીંચણભેર પડીને ઘસડાતી ઘસડાતી આગળ વધી જેને કારણે કોણી અને ઢીંચણેથી તેમના કપડાં ફાટી ગયા, કોણી અને ઢીંચણ છોલાઈ ગયા અંદરથી રક્તની ધારા વહેવા લાગી પણ એકેએક જવાન એની પરવા કર્યા વિના આગળ વધી રહ્યો હતો.

ઘણી બધી સાવચેતી છતાં નીચેની પોઝિશન પર રહેલાં ભારતીય જવાનો દુશ્મનોની ગોળીઓનો શિકાર બની, શહીદીની ચાદર ઓઢીને વીસ-વીસ હજાર ફૂટ નીચે ખાબકી રહ્યાં હતાં. હિંમત હાર્યા વિના સંજયકુમાર અને બાકીના જવાનો આગળ વધતાં રહ્યાં અને જવાનોને તેઓ હિંમત પૂરી પાડતાં રહ્યાં અને કહેતાં રહ્યાં, "ગમે તે થાય આજે તો ફ્લેપટોપ પર ભારતનો ત્રિરંગો ફરકવો જ જોઈએ. જવાનો એક વાત યાદ રાખજો કે આપણે છેલ્લા શ્વાસ સુધી લડવાનું છે. ગમે તે થાય આજે ફ્લેપટોપ નથી જવા દેવું. આજે વિજયની વરમાળા પહેરવાની જ છે. પછી ભલે એ વરમાળામાં રહેલા લાલ ગુલાબમાં આપણી શહીદીનો લાલ રંગ છંટાયેલો હોય !"

સાહસી જવાનો પણ એક સૂરે બોલી ઊઠ્યા, "સર, અમે ફ્લેપ ટોપ લીધા વગર નહીં મરીએ."

કપરી પરિસ્થિતિ અને દુશ્મનોની ગોળીઓના વરસાદ વચ્ચે સંજયકુમાર અને એમના મુઠીભર જવાનો દુશ્મનોના બંકર સુધી પહોંચી ગયા. સ્વયં સંચાલિત રાઈફલની ગોળીઓની રમઝટ વચ્ચે દુશ્મનોના બંકર પર હલ્લો બોલાવતાં સંજયકુમારને પણ છાતી અને હાથમાં ગોળીઓ વાગી હતી અને એની ઈજામાંથી લોહી તેજીથી વહેવા લાગ્યું હતું પણ તેની પરવાહ કર્યા વિના સંજયકુમારે બાકી રહેલા જવાનોને હાકલ કરી, "જવાનો ! જો જો આપણા સાથીઓની શહીદી એળે ના જાય. આજે ફ્લેપ ટોપની ટોચ પર એકેય દુશ્મન બચવો ના જોઈએ. યા હોમ કરીને કૂદી પડો; જય ભારત !"

'જય ભારત'ની હાકલ સાથે જ સંજયકુમાર સિંહની જેમ દુશ્મનો પર તૂટી પડ્યા. સંજયકુમારની બહાદુરીએ જ ભારતીય જવાનોને આગળ વધવાનો આધાર આપ્યો અને તેઓ પણ એટલા જ ઝનૂનથી દુશ્મનો પર ત્રાટક્યા. દુશ્મનોને ભારતીય જવાનોનાં હુમલાનો કોઈ અંદાજ જ નહોતો. સંજયકુમારે પણ દુશ્મનને કોઈપણ પ્રકારના પ્રતિકારનો મોકો આપ્યા વગર જ વીંધી નાખ્યા. કોઈને બેટનથી વીંધ્યા, કોઈને ગોળીઓથી વીંધ્યા તો કોઈને હાથ ઝાલી હવામાં ફંગોળ્યા.

દુશ્મનોમાં નાસભાગ મચી ગઈ. થોડા દુશ્મનો સંજયકુમારની ટુકડીના હાથે માર્યા ગયા. થોડા એમના ખુદના હાથે અને બાકીના ભાગી છૂટ્યા. સિંહ જેવા ભારતીય સૈનિકોથી ગભરાયેલા દુશ્મનો પોતાના શસ્ત્રો લેવાની પણ હિંમત દાખવી શક્યા નહીં. એક પાકિસ્તાની સૈનિક તો એની યુનિવર્સલ મશીનગન (યુ એમ જી) છોડીને ભાગી ગયો હતો. જે જોઈને સંજયકુમારે પળનો પણ વિલંબ કર્યા વિના કે કોઈપણ જાતની પરવાહ કર્યા વિના તરત જ એ મશીનગન હાથમાં લીધી અને ભાગી રહેલા દુશ્મનનું ઢીમ ઢાળી દીધું. અને દુશ્મનના બીજા બંકર તરફ કોણી અને ઢીંચણભેર ઘસડાતાં આગળ વધતાં રહ્યાં. બીજા બંકરમાં ઉપસ્થિત દુશ્મનના ત્રણ સૈનિકોને આશ્ચર્યચકિત કરીને તેમને એ જ સ્થાન પર મારી કાઢ્યા. એમના આ સાહસપૂર્ણ અને ભાવનાત્મક રૂપથી પ્રેરાઈને બીજા સૈનિકો પણ દુશ્મનો ઉપર પૂરી તાકાતથી તૂટી પડ્યા અને ફ્લેપટોપ પર કબજો જમાવી દીધો. સંજયકુમારની ગોળીઓનો વરસાદ અને ટુકડીના જવાનોના ગોળાઓ વચ્ચે થોડી જ વારમાં દુશ્મનોનાં બધાં જ બંકરો ખાલી થઈ ગયા. વાતાવરણ શાંત બની ગયું. સંજયકુમારે જ્યારે છેલ્લા બંકર પર કબજો જમાવ્યો ત્યારે તો તેમની કહેવાતી બટાલિયનમાં (ટુકડીમાં) માત્ર બે જ જવાનો બચ્યા હતા. બાકીના બધા જ ભારતીય જવાનો મા ભારતીના ચરણે એમનું બલિદાન આપીને વીરગતિને પામ્યા હતા. ચારે તરફ દુશ્મનોની લાશો પડી હતી. દુશ્મનો સાથેની હાથાપાઈની લડાઈ, ઑટોમેટિક ફાયરનો સામનો, બાથંબાથી આ બધામાં સંજયકુમાર પણ ગંભીર રીતે ઘાયલ થઈ ગયા હતા. પણ સંજયકુમાર જેનું નામ !

"લૌટ જાઓ ઘરકે સામને સે હમારે
હમ તો વો હૈ જો દવ પર ચલને કી તમન્ના રખતે હૈં !'

રાઈફલમેન સંજયકુમારે અને બાકી બચેલા બંને જવાનોએ પહેલાં શહીદ જવાનોને સલામી આપી. ૧૯૯૯ માં મે મહિનાથી જુલાઈ મહિના સુધી ચાલેલી કારગિલની આ ત્રીજી લડાઈમાં ભારતીય સેનાના આ વીર જવાનોએ પાકિસ્તાનને હાર આપીને કાશ્મીરને હડપવાના તેના મનસૂબા પર પાણી ફેરવી દીધું હતું.

'મુલ્ક હૈ જજબાત,
મુલ્ક હૈ મજહબ,
મુલ્ક અપની આત્મા....
કોઈ નહીં કર પાએ હમારી એકતા કા ખાત્મા....
હૈ દુશ્મન કી શિક્સ્ત સે અબ હમ લિખ દેંગે
સરહદ પે ફતેહ - 'મિશન ફતેહ'

અને મિશન ફતેહ ને આખરી અંજામ આપવા ભારતમાતાના જયજયકાર સાથે ફ્લેપટોપની ટોચ પર ભારતનો ત્રિરંગો લહેરાવ્યો.

ઈતિહાસ કહે છે કે વીરપુરુષ જીત્યા પછી પુરસ્કાર નથી ઈચ્છતો, માત્ર યશ ઈચ્છે છે. અને ભારતના વીરપુરુષોને પરમવીર ચક્રના રૂપે એ યશ એનાયત કરાય છે. દેશ માટે જાનની બાજી લગાવીને લડનાર કે લડતાં-લડતાં બહાદુરીપૂર્વક મરી ફીટનાર રણબંકાઓને પરમવીર ચક્રથી સન્માનિત કરવામાં આવે છે. સામાન્ય માણસ માટે કદાચ આ ચક્ર કપડાંની રંગીન રિબીનમાં વીંટાળેલો ધાતુનો ટુકડો હોઈ શકે પણ એક સૈનિક માટે આ રંગીન કપડાંની પટ્ટીએ એણે આંખોમાં સજાવેલા સપનાનું મેઘધનુષ હોય છે અને ધાતુનો ટુકડો એ એના માટે પારસમણિથીએ વિશેષ હોય છે. જે એને સોના કરતાં ય વિશેષ બનાવી દે છે.

રાઈફલમેન સંજયકુમારે જે વિકટ પરિસ્થિતિઓનો સામનો કરીને ફ્લેપટોપ પર કબજો કર્યો હતો એ ખરેખર

કાબિલેદાદ હતો. એ એક એવી લડાઈ જીતીને આવ્યા હતા જ્યાં જીત અઘરી હતી અને મૃત્યુ આસાન છતાં મૃત્યુનો જરા પણ ડર રાખ્યા વિના એ લડ્યા હતા અને જીત્યા પણ હતા.

સંજયકુમારની દિલેરીએ અન્ય જવાનોમાં નવી ચેતના ફૂંકી હતી. સંજયકુમારને આ અદમ્ય સાહસ અને વીરતાને પોંખતાં ૧૯૯૯માં ભારતના તત્કાલિન રાષ્ટ્રપતિ કે. આર. નારાયણને જ્યારે પરમવીરચક્રથી તેમને અલંકૃત (સન્માનિત) કર્યા ત્યારે આખાયે ભારતવર્ષની છાતી ગજગજ ફૂલી રહી હતી કારણ કે સેનામાં ભરતી થયાના માત્ર ત્રણ જ વર્ષમાં સંજયકુમારે પરમવીરચક્ર મેળવવાની આ સિદ્ધિ હાંસલ કરી હતી.

ભારતીય સેનાના ઈતિહાસમાં આ જ સ્થળ પર એક નવી વાતની નોંધ લેવાઈ કે આ મોરચા પર ચાર સેનાનીઓને પરમવીર ચક્ર પ્રદાન કરવામાં આવ્યું. રાઈફલમેન સંજયકુમાર, સુબેદાર યોગેન્દ્રસિંહ યાદવ, કેપ્ટન મનોજકુમાર પાંડે – (મરણોપરાંત) અને કેપ્ટન વિક્રમ બત્રા (મરણોપરાંત).

'મરકે ભી કુછ ઈન્સા યહાં જિંદા રહતે હૈ દોસ્તો,
વતન પે જો મરમિટ સકે ઉન્હેં શહીદ કહતે હૈં દોસ્તો !'

૫ જુલાઈએ પોઈન્ટ ૪૮૭૫ અને બધી ઘાટીઓને હાંસલ કરવા માટે કેપ્ટન વિક્રમ બત્રા સહિતની જુદી જુદી ટુકડીઓ આગળ વધી હતી. પરંતુ રાઈફલમેન સંજયકુમારે મેળવેલી જીતના પાયા ઉપર જ તમામ ટુકડીઓએ ટાઈગર હીલના શિખર સહિત ડૉગ હિલ, સ્ટૈગ્યા નાર્થ પર કબજો જમાવી દીધો. લદ્દાખ સ્કાઉટના નાયબ સુબેદાર તાશી છેપાલનું સાહિત્ય નેતૃત્વ પણ આમાં ઉદાહરણીય બની રહ્યું.

''એક વાદા રહા ચાહે કુછ ભી હો જાયે,
અકેલાં નહીં છોડેગે તુમ્હૈ, લૌટ કે આયેંગે તુમ્હારે પાસ.''

રાઈફલમેન સંજયકુમારે પોતાની પત્નીને આપેલું વચન પૂરું કર્યું; પણ ભારતમાતાના ચરણોમાં પોતાના પ્રાણોની આહુતિ આપવાના દૃઢ નિશ્ચય સાથે તેઓ પાછા ફર્યા.

ભારતમાતાના આ વીર સપૂતને કરોડો દેશવાસીઓના સલામ !

**સ્મરણયાત્રા**

''લ્યો, ત્યારે આશીર્વાદમાં હું પ્રમુખ બનીશ એ સંમતિ.'' સાથે સાથે સંચાલન મંડળમાં એક ખૂબ અગત્યનું સ્થાન મંત્રીનું હોય છે તમે આજથી આ આખા કાર્યનું સંચાલન કરતા હોવાથી તમે મંત્રી અને હું પ્રમુખ. મંત્રીનું સ્થાન તો ઘણીવાર પ્રમુખ કરતાં ય ઊંચું હોય છે હોં. તમારી જવાબદારી ખૂબ મોટી છે. અમે ત્રણે ય શાંત હતા. ત્રણેયની આંખોમાં હર્ષનાં આંસુ હતાં. લક્ષ્મણ અમારી પાસે જ ઊભો હતો. મેં જોયું તો તે પણ આંસું લૂછતો હતો.'' બેન આઈસક્રીમ લેવા જાઉં છું.'' એમ કહીને ઝડપથી ચાલ્યો ગયો. બીજે દિવસે સવારે નાનાભાઈ એ જ મિત્રની કારમાં પાછા ભાવનગર જવા ઊપડી ગયા.

**લોકશાહીનો અભિગમ :**

સાંજે રઘુભાઈ કહે, કાળુપુર રેલવે સ્ટેશનનો પુલ. જે ''સરસપુર અને શહેરને જોડે છે તે ઓળંગવાનો આજે સારો દિવસ છે. ડૉ. ગાંધીને ત્યાં જઈને બેસીશું.''

બાલા હનુમાન પાસે તેઓ રહેતા. અમે ઘરેથી બહાર નીકળ્યા ને ઘોડાગાડી મળી. ''બસ ચાલો ઘોડાગાડીમાં જ આજે જઈએ.'' અમે બંને પાછલી સીટમાં બેઠા. પ્રશાંતને પોતાના ખોળામાં રઘુભાઈએ લીધો. ઘોડાગાડી સરસપુરમાં થઈને સારંગપુર પુલ ઉપર ચાલી જતી હતી. રઘુભાઈ પ્રશાંતના વાંસામાં હાથથી તાલ દેતા દેતા ગાતા હતા :

કદમ કદમ બઢાએ જા
યે જિંદગી હૈ કોમ કી
તો કોમ પે મિટાયે જા.''

મેં પણ એમના સૂરમાં સૂર મેળવ્યો.

ઘણા મિત્રોની સંમતિથી એક વ્યક્તિમાંથી બધી વ્યક્તિઓ સરસ્વતીને પોતાની માનવા લાગ્યા. આ હતી ''સરસ્વતી વિદ્યામંડળ''ની સ્થાપના. હવે એ બની ગયો લોકશાહીનો અભિગમની અવિવિસરની શરૂઆત. એ હતો લોકશાહી અભિગમ. હવે માત્ર કાયદાનું સ્વરૂપ આપવાનું રહ્યું. (આ ૪૭-૪૮ કે ૪૯નો સમય હશે એવું સ્મરણમાં આવે છે.) અમારે મન આ એક લોકશાહી સ્થાપવાનો પ્રારંભ હતો.

# વિદ્યાર્થી આલમ

## મારી ઘરશાળા

**પંચાલ જહાન્વી ભરતભાઈ**
ધો.૯-ક, જે.એન. બાલિકા વિદ્યાલય

મારા તો ઘરમાં જ છે શાળા રે...
એ તો છે મારી ઘરશાળા રે...
એમાં તો આવી નવી નવી વાર્તાઓ
એ તો આવે નવા નવા ફોટાઓ
એ તો આવે બારેમાસ રે...
એ તો છે મારી ઘરશાળા રે...
એમાં તો આવે નવા નવા ચિત્રો રે...
આવે એમાં વિદ્યાર્થી-આલમ રે...
એમાં આવે લેખ અમારા આચાર્યનો
ને આવે સારા કાવ્યો રે...
એમાં તો આવે અમારા જશીબાના ફોટા રે...
એ તો છે મારી ઘરશાળા રે...
પ્રદૂષણ સમસ્યા, સ્મરણયાત્રા, શિક્ષણસમાચાર
એ તો છે સરસમજાના લેખ રે...
કેવી મજાની રંગબેરંગી
મારા ઘરમાં જ છે શાળા રે...
એ તો છે મારી ઘરશાળા રે...

## આકાશ

**સોલંકી જાનકી ધીરુભાઈ**
ધો.૧૧-ક, જે.એન. બાલિકા વિદ્યાલય

આકાશ રાતે ઓઢે કાળી ચાદર,
દાડે ઓઢે ધોળી ચાદર,
તારા ભેરું સૂરજ - ચાંદો,
મનમોહી જાય એવા અવનવાં પેરે કપડાં.
કોઈ વાર કાળા, કોઈ વાર લાલ
તો કોઈ વાર નવરંગી.
વેરની ના કોઈ સીમા તારી
આવી પડે ને કાળાં વાદળ
જોડે ને છોડે વીજળીના તાર
શું ? આ છે, તારી ધાર,
ભૂલનું થાય ભાન,
મેઘ વરસાવે ભારો-ભાર
ને પવન છોડે મલ-મલકતો.

## સવાર

**શેખ રમશા અબ્દુલ રશીદ**
ધો. ૭, વર્ગ-ક, સરસ્વતી કુમાર શાળા નંબર-૧.

આજની સવાર મારી સૌથી જુદી હો,
વાતાવરણને જુઓ રે જુઓ રે,
કેવો રળિયામણો લાગે છે રે.
આજની સવાર મારી સૌથી જુદી હો.
કેવા સુંદર પક્ષી રે
એમની ચાંચ પાતળી રે
એમનો અવાજ મીઠો રે
મીઠા ગાન ગાય રે
આજની સવાર મારી સૌથી જુદી હો
નદીઓના પાણી છલકાય રે
ઠંડો ઠંડો પવન આવે રે
મારો ઉત્સાહ વધતો જાય રે
કેવી સવાર કહું (?) મનને મોજીલી
આજની સવાર મારી સૌથી જુદી હો.
એક બાજુ આવે મોરના ટહુકા
એક બાજુ કોયલની કૂહૂકૂહૂ સંભળાય
એક બાજુ ચંદ્રની કળા દેખાય
એક બાજુ સૂર્ય અડધો દેખાય.
આજની સવાર મારી સૌથી જુદી હો.

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**

સરસપુર, અમદાવાદ.

**નોંધ : "ઘરશાળા" માસિક્માં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

**● ધો. ૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષાઓ ૧૨મી માર્ચથી લેવામાં આવશે :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ-૨૦૧૮ માસમાં લેવાનારી બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ મંજૂર કરવામાં આવ્યો છે. જે મુજબ ધો.૧૦ અને ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહ સામાન્ય પ્રવાહની બોર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓ ૧૨મી માર્ચથી શરૂ થનાર છે. જયારે વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષા ૧૭મી માર્ચથી શરૂ થશે.

ધો.૧૦ ની પરીક્ષા ૨૩મી માર્ચ સુધી ચાલશે. જેમાં વિદ્યાર્થીઓને બે પેપર વચ્ચે રજાઓ મળતાં રાહત થશે. જયારે ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૨૮મી માર્ચના રોજ પૂર્ણ થશે. ધો.૧૨ સામાન્ય પ્રવાહના તમામ પેપરો સળંગ છે. બે પેપર વચ્ચે રવિવાર સિવાય રજા આવતી નથી. આ ઉપરાંત ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૨૨મી માર્ચના રોજ પૂરી થશે. જેમાં પણ મોટાભાગના પેપરો વચ્ચે એક-એક રજા આવતા વિદ્યાર્થીઓને રાહત રહેશે.

ધો.૧૦ની પરીક્ષાનો સમય સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૨૦ રહેશે. તેમાં તમામ વિષયોની પરીક્ષા બે ભાગમાં લેવાશે. પાર્ટ "એ" માં બહુવિકલ્પ પ્રકારે ૫૦ પ્રશ્નો ઓ.એમ.આર.માં રહેશે. બીજા ભાગમાં પાર્ટ બી-માં બોર્ડના પરિરૂપ મુજબ વર્ણનાત્મક પ્રશ્નો રહેશે.

**● ધો.૧૦-૧૨ ના દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે બોર્ડ પરીક્ષા ફી-માંથી મુક્તિ આપવામાં આવશે :** કેન્દ્ર સરકારે ધો.૧૦ અને ધો.૧૨ના દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે અનેક નવી યોજનાઓ શરૂ કરવા સાથે નોકરી અને પ્રવેશમાં રાહતો આપવાના છે ત્યારે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દિવ્યાંગ વિદ્યાર્થીઓને બોર્ડ પરીક્ષા ફીમાંથી મુક્તિ આપવાનો ઠરાવ કર્યો છે.

**● ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રેક્ટિકલ પરીક્ષા શાળાઓ જ લેશે :** ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા શાળાઓ જ લેશે તેવો નિર્ણય કર્યો છે. ૧૯ મી થી ૨૮ મી ફેબ્રુઆરી દરમિયાન આ પરીક્ષાઓ લેવાની રહેશે અને તેના માર્ક્સ ઓનલાઈન મોકલવાના રહેશે.

આ જ પ્રમાણે ધો.૧૦ના વૈકલ્પિક વિષયોની પરીક્ષા શાળાઓએ જ લેવાની રહેશે અને જે ફેબ્રુઆરી-૨૦૧૮ માસ દરમિયાન પૂર્ણ કરી દેવાની રહેશે.

**● ગુજરાત ટેકનોલૉજિકલ યુનિવર્સિટીના બંધારણ રેગ્યુલેશનને મળેલી મંજૂરી :** ગુજરાત ટેકનોલૉજિકલ યુનિવર્સિટી એટલે કે જીટીયુના બંધારણ રેગ્યુલેશનને આખરે સૈદ્ધાંતિક મંજૂરી મળી ગઈ છે. આ મંજૂરી બાદ હવે ટૂંક સમયમાં વિધિવત રીતે જીટીયુના રેગ્યુલેસન્સ અમલમાં મુકાશે. જેથી વિદ્યાર્થીઓ, અધ્યાપકો તેમજ કૉલેજ સહિત જીટીયુ સાથે સંકળાયેલ ટેકનિકલ એજ્યુકેશન ફેરનીટિને લાભ થશે. આ રેગ્યુલેશન્સમાં જીટીયુના ભરતી, પ્રવેશ, પરીક્ષા પરિણામ તેમજ તમામ વહીવટ બાબતોના નિયમો મૂકવામાં આવ્યા છે.

**● અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલનાં બાળકોને હવે આઈ.આઈ.ટી.ના તજજ્ઞો ભણાવશે :** અમદાવાદ

મ્યુનિસિપલ કૉર્પોરેશન સંચાલિત શાળાઓમાં આઈ.આઈ.ટી. ગાંધીનગરના તજજ્ઞો દ્વારા મ્યુનિસિપલ શિક્ષકો અને વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાનના પાઠ ભણાવવામાં આવશે. માર્ચ-૨૦૧૮ સુધીમાં મ્યુનિસિપલની ૧૫૦ શાળાઓમાં તજજ્ઞ ફેકલ્ટી મંગળવાર અને ગુરૂવારે શાળાની મુલાકાત લઈ બાળકોને રૂબરૂમાં માર્ગદર્શન આપશે. સમગ્ર રાજ્યમાં આ પહેલો વહેલો પ્રયોગ છે.

આ સાથે મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને આઈ.આઈ.ટી.ના તજજ્ઞો દ્વારા શિક્ષણનું માર્ગદર્શન આપવામાં આવશે. કુલ ૩૭૫૦ વિદ્યાર્થીઓને આઈ.આઈ.ટી. ગાંધીનગર ખાતે દર બુધવારે લઈ જઈને તેઓને સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન કેમ્પસ એક્સપોઝર તાલીમ પણ આપવામાં આવશે.

● **ગુજરાત યુનિવર્સિટીમાં સ્પોર્ટ મ્યુઝિયમ નિર્માણ પામશે:** ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યુનિવર્સિટીના કેમ્પસમાં "સરદાર પટેલ સ્પોર્ટર્સ્ સિટી"નું નિર્માણ થઈ રહ્યું છે. જેમાં ઑલિમ્પિક કક્ષાની સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. જેથી કરીને ઈન્ટરનેશનલ કક્ષાની ઑલિમ્પિક ઘર આંગણે રમી શકાય . એટલું જ નહીં આ તૈયાર થઈ રહેલ સ્પોર્ટ સિટીમાં સ્પોર્ટસ્ હોસ્ટેલ, સ્પોર્ટ મ્યુઝિયમ અને સ્પોર્ટ કાફે પણ નિર્માણ પામશે.

● **એન્જિનિયરિંગમાં ગર્લ્સની સંખ્યા વધારવા ઉડાન પ્રોજેક્ટ શરૂ થયો :** માનવ સંશાધન વિકાસ મંત્રાલય હેઠળ ચાલી રહેલા ઉડાન વર્ગોનો ડીપીએસ બોપલ ખાતે પ્રારંભ થયો છે. ઉડાન એક એવો પ્રોજેક્ટ છે કે જેની શરૂઆત સીબીએસઈ દ્વારા માનવ સંસાધન અને વિકાસ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. જેથી કરીને એન્જિનિયરિંગ સંસ્થાઓમાં વિદ્યાર્થિનીઓની (ગર્લ્સની) સંખ્યા વધારી શકાય અને શાળાકીય શિક્ષણ તેમજ એન્જિનિયરિંગ પ્રવેશ પરીક્ષા વચ્ચેનું અંતર ઘટાડી શકાય તેવો છે. દિલ્હી પબ્લિક સ્કૂલ ઉડાન પ્રોજેક્ટ માટેનું નિર્દિષ્ટ કેન્દ્ર છે.

આ યોજનામાં શાળાના સ્તરે વિજ્ઞાન અને ગણિતના શિક્ષણ, અભ્યાસક્રમની ડિઝાઈન અને એસેસમેન્ટ જેવા પાસા દ્વારા બહેતર બનાવવામાં આવી છે. આનો મુખ્ય ઉદ્દેશ કન્યા છાત્રોને સશક્તિકરણ માટે પ્લેટફોર્મ પૂરું પાડીને તેમની પ્રતિષ્ઠિત એન્જિનિયરિંગ ઈન્સ્ટિટ્યૂટમાં જોડાવાની મહેચ્છા પાર પાડવાનો તથા વિકાસમાં મહત્ત્વની ભૂમિકા બજાવવાનો છે.

સાથે સાથે આ કાર્યક્રમ હેઠળ ધો.૧૧ અને ધો.૧૨માં અભ્યાસ કરતી છાત્રાઓને વાસ્તવિક વર્ગો દ્વારા દેશની પ્રતિષ્ઠિત એન્જિનિયરિંગ કૉલેજોની પ્રવેશ પરીક્ષા માટે તૈયાર કરવાનો છે.

**ટૂંકાવીને...**

- અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડનું વર્ષ ૨૦૧૮-૧૯ નું રૂ. ૬૬૬ કરોડનું બજેટ રજૂ થયું.
- દરેક કૉલેજને ફરજિયાત ફરિયાદ નિવારણ સેલ રચવા યુનિવર્સિટીનો આદેશ.
- ૩૦ ટકાથી ઓછા પ્રવેશ સંદર્ભે કૉલેજ બંધ ન થાય તે માટે ગુજરાતની ૩૦ થી વધુ ટેકનિકલ કૉલેજોએ જુદા જુદા કોર્સ અને બ્રાન્ચ બંધ કરી દીધા.
- ઈજનેરી વિદ્યાર્થીઓને એ ઈન્ડસ્ટ્રિયલ તાલીમ માટે રૂપિયા ચૂકવવા પડશે.
- ધો.૧૦ ના ૧૧ લાખથી વધુ અને ધો.૧૨ સાયન્સના ૧.૩૫ લાખ ફોર્મ ભરાયા.
- ગયા વર્ષ કરતાં ધો.૧૦ માં ૮થી ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ વધ્યા જ્યારે ધો.૧૨ સાયન્સમાં ૪ હજારનો ઘટાડો નોંધાયો.
- ગુજરાત વિદ્યાસભાના ૧૭૦ વર્ષની ઉજવણી કરાશે.

# સરસ્વતી વિદ્યામંડળની શાળાઓમાં ૨૬ જાન્યુઆરીની ઉજવણી








સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓના સરસપુર તથા અસારવા કેમ્પસમાં ૨૬મી જાન્યુઆરીની ઉજવણી કરવામાં આવી હતી. સરસપુર કેમ્પસમાં શ્રી ભાવિકભાઈ તથા અસારવા કેમ્પસમાં શ્રી ઉપેન્દ્રભાઈ પટેલ મુખ્ય મહેમાન તરીકે ધ્વજવંદન કર્યું હતું. બંને મહેમાનોએ ધ્વજવંદન તથા બંધારણના મૂળભૂત હક વિશે ખૂબ જ સરસ રજૂઆત કરી હતી. કાર્યક્રમમાં ટ્રસ્ટી મંડળ, આચાર્યો, શિક્ષક મિત્રો તથા વિદ્યાર્થીઓએ ખૂબ જ સરસ શિસ્ત જાળવી કાર્યક્રમ માળ્યો હતો.

# બાલભારતીમાં શાળાકીય રમતોત્સવ






Registered under RNI No. GUJ GUJ / 1976 / 33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550/2016-2018 Valid upto 31st December 2018
ઘરશાળા ● ફેબ્રુઆરી ૨૦૧૮ PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/-● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-

# ટહુકે વસંત

અંતમાં આરંભ અને આરંભમાં અંત,
પાનખરના હૈયામાં ટહુકે વસંત.

સોળ વરસની વય, ક્યાંક કોયલનો લય,
કેસુડાંનો કોના પર ઊછળે પ્રણય?

ભલે લાગે છે રંક પણ ભીતર શ્રીમંત,
પાનખરના હૈયામાં ટહુકે વસંત.

આજે તો વનમાં કોના વિવાહ,
એક એક વૃક્ષમાં પ્રકટે દીવા.

આશીર્વાદ આપવા આવે છે સંત,
પાનખરના હૈયામાં ટહુકે વસંત.

**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન



માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.